ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ અંક: ૮ ઓગસ્ટ: ૨૦૧૮ સળંગ અંક : ૫૬૨

# વિ-વિદ્યાનગર






चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.ecvm.net






તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ


# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ઑગસ્ટ - ૨૦૧૮
વર્ષઃ ૨૦ અંકઃ ૮
સળંગ અંકઃ ૫૬૨

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ
૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते



અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ
શ્રી મેહુલ ડી. પટેલ

ડાયરેક્ટર જનરલ
ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઇટ www.ecvm.net પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**सिंहः शिशुरपि निपतति मदमलिनकपोलमित्तिषु गजेषु।**
**प्रकृतिरियं सत्यवत्तां म खलु वयस्तेजसो हेतुः।।**

સિંહ બાળક હોય તો પણ મદથી ખરડાયેલાં લમણાં રૂપી દીવાલો વાળા હાથીઓ પર હુમલો કરે છે, તેજસ્વી વ્યક્તિઓનો આ સ્વભાવ જ છે, ખરેખર ઉંમર તેજનું કારણ નથી. (સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

શીલ બડા, સંતોષ બડા, બુદ્ધિ બડા ગુણવંત,
સબ કે પર સમદૃષ્ટિ હૈ, તાકો કહત હૈ સંત


શ્રદ્ધાંજલિ • શ્રી ભીખુભાઇ બી. પટેલ 3
સ્મરણીય ભાવાંજલિ • એસ.જી. પટેલ 7
મુઠ્ઠી ઉંચેરા માનવી-ડૉ.સી.એલ. પટેલ • રાજેન્દ્રસિંહ જાડેજા 10
નૈતિક વ્રતધારી સી.એલ. પટેલ • સાધુ કેશવજીવનદાસ 13
ડૉ.સી.એલ. પટેલઃ એક સ્મરણાંજલિ • બ્ર.કુ.જાગૃતિબેન 14
અધ્યક્ષશ્રી સ્વ.સી.એલ. પટેલનું સીવીએમમાં પ્રદાન • આર.પી. પટેલ 16
સાંબેલુ વગાડે તે શૂરો• શનુભાઇ એમ. પટેલ 17
Leadership Journey....• Nikhil Zaveri 19
ડૉ.સી.એલ. પટેલને... • બી.જી. પટેલ 21
એક કર્મયોગીની વિદાય • રમેશ એમ. ત્રિવેદી 23
ડૉ.સી.એલ. પટેલઃ શિક્ષણ ક્ષેત્રે પ્રભાવક પ્રદાન • સૂર્યકાંત વૈષ્ણવ 26
ડૉ.સી.એલ. પટેલઃ એક વિરલ વ્યક્તિત્વ • એમ.એચ.વસાવડા 28
વ્યક્તિ જ્યારે સંસ્થા બની જાય છે • પ્રવીણ ક.લહેરી 29
બે યાદગાર પ્રસંગો • ડૉ. મહેશ પાઠક 30
ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ...• ધ્રુવકુમાર પી. છાયા 31
Working with Dr. C.L. Patel•Naresh Jotwani 32
મહર્ષિ ડૉ.સી.એલ. પટેલ- 'ચરોતરનું કલ્પવૃક્ષ' •પ્રો. ડી.એન. ભટ્ટ 33
ડૉ.સી.એલ. પટેલ સાહેબના સંસ્મરણો • પ્રિ. એન એલ. સંઘવી 35
સાહિત્યિક પ્રવૃત્તિઓના...• ભગીરથ બ્રહ્મભટ્ટ 36
શ્રી સી.એલ.: એક ગુણાનુરાગી...• જયંત ઓઝા 37
સમાજધર્મી-કૃષિકર્મી સી.એલ. પટેલ • રમણભાઇ પી. પટેલ 38
Tribute to My Father; Dr. C.L. Patel (Our "Bapuji") •Vrajesh C. Patel 40
Our Bapuji- A man who.....• Miten Patel 41
My Father (Mara Bapuji) Dr. C.L. Patel • Shobha Kirit Patel 42
Dr. C.L. Patel A Man... • Kirit R. Patel 43
Softer Side of my Bapuji....• Jayshree Patel 44
Dr. C.L. Patel, My Chhotu...• Ranita Patel 45
Dr. C.L. Patel A Life....• Rishita Patel 46
Tribute to Our Dada, Dr. C.L. Patel • Ashok, Chhaya, Jinal and Kajal 47
Letter to My Grandfather (Dada) • Rishi Patel 48

# ॥ શ્રદ્ધાંજલિ ॥

વિદ્યાનગરની ભૂમિ પૂણ્યોથી ભરેલી છે. તેની ઉપર સંતોના સુભાશિષ છે, ઉપરાંત પૂ. ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ જેવાની સૂઝબૂઝપૂર્વકનો પરિશ્રમ અને સુજ્ઞ દાતાઓની દિલદારીનો સુભગ સમન્વય થયો છે. તેના કારણે સમગ્ર ભારતમાં એક વિશિષ્ટ પ્રકારના નગરની સ્થાપના સાકાર થઈ છે, તે સૌ પાયાના કાર્યકરોને વંદન કરું છું.

બીજા તબક્કામાં ડૉ.એચ.એમ. પટેલ સાહેબ કે જેઓ આઈ.સી.એસ. સનદી અધિકારી રહી, તેમની કુશળતાનો ઉપયોગ કરી ભારત-પાકિસ્તાનના ભાગલાની વહેંચણી નિર્વિવાદ કરેલ તેવા બાહોશ વ્યક્તિ આ ભૂમિને મળ્યા અને તેમની વહીવટી સૂઝબૂઝથી સમયસર સરકારી ગ્રાન્ટ ન મળવા છતાં તેમણે દાનના પ્રવાહથી અને ગ્રાન્ટમાંથી સરળ વહીવટ કરી, ચારુતર આરોગ્ય મંડળની સ્થાપના કરી જે આ જીલ્લાને ખૂબ ઉપયોગી પૂરવાર થયેલ છે.

ડૉ.સી.એલ. પટેલે ધૂરા સંભાળી ત્યારે સમયની જરૂરિયાત પ્રમાણે સ્વનિર્ભર સંસ્થાઓ ચાલુ કરી, તેમાટે જરૂરી દાન મેળવી અદ્યતન અભ્યાસક્રમો અને કૉલેજો શરૂ કરી, તે ઉપરાંત અને ન્યૂ વિદ્યાનગરની સ્થાપનાકરી. તબક્કા બદલાય તેમ સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોની સંખ્યા ગુજરાતમાં ખૂબ વધી અને ધીમે ધીમે વિદ્યાર્થીઓની સંખ્યાઓમાં ઘટાડો થવા લાગ્યો, પરંતુ સુંદર વહીવટી શક્તિનો ઉપયોગ કરી વિકાસના કાર્યોને આગળ ધપાવ્યા. સી.એલ. પટેલની શક્તિઓનો ચારુતર વિદ્યામંડળને જે લાભ મળ્યો એ સવિશેષ નોંધપાત્ર છે.

વિદ્યાનગરના વિકાસ કર્મને વરાયેલા તમામ વિરલ આત્માઓને પરમશાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના.

આ વિશેષાંકના સર્જનમાં સહભાગી થનારા સર્વેનો આભાર માનું છું.

તા. ૨૩-૦૭-૨૦૧૮

- ભીખુભાઈ પટેલ

# ॥ શ્રદ્ધાંજલિ ॥

પરમ ભગવદીય શિક્ષણ મહર્ષિ, ચરોતરરત્ન શ્રી સી.એલ. પટેલ મુક્તરાજ હતા. તેઓની શૈક્ષણિક ક્ષેત્રે મહાન સેવાઓ હતી. ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળ તેમણે ઘણી બધી કૉલેજો કરી, તેમાં વધુમાં વધુ સુવિધાઓ ઉભી કરી શિક્ષણ જગતની મોટી સેવા કરી છે.

સાથે સાથે વિદ્યાર્થીઓમાં શિસ્તનું સિંચન પણ સારું કર્યું હતું. દેશવિદેશમાં પણ ચારુતર વિદ્યામંડળ સંચાલિત  યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઘણી સારી પ્રગતિ અને નામના મેળવી છે. તથા ન્યૂ વલ્લભ વિદ્યાનગરના અદ્‌ભુત સર્જનથી તેઓ કાયમ રહેશે.

શ્રી સી.એલ. પટેલે ખુબ જ સેવાભાવનાથી, ખંતથી અને દૂરંદેશી અભિગમથી સમગ્ર શૈક્ષણિક જગતની દુનિયાભરમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેઓ આ કાર્યમાં ઓતપ્રોત થઈને હોમાઇ ગયા હતા. સત્સંગી તરીકે પણ તેઓનું પવિત્ર, નૈતિકતાથી સુદૃઢ જીવન ખુબ જ પ્રેરણાદાયી હતું.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને રાજી કરીને તેઓ અક્ષરધામના અધિકારી બન્યા છે. તેઓની ખોટ સમાજ, શિક્ષણજગત અને સત્સંગમાં પણ પૂરવી ખુબ દુર્લભ છે. તેઓનાં જીવન અને કાર્ય અનેકને પ્રેરણા આપતાં રહેશે.

વિરહનું દુઃખ સહન કરવાનું બળ પરિવારને મળે તેવી પ્રાર્થના શ્રી કૃષ્ણ મહારાજના ચરણોમાં કરી છે.

***(સાધુ કેશવજીવનદાસ (મહંતસ્વામી મહારાજ), શ્રીબીએપીએસ સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ)***

❋

ડૉ. સી.એલ. પટેલના અક્ષરવાસથી બીએપીએસ તથા ચારુતર વિદ્યામંડળને મોટી ખોટ પડી છે. તેમણે અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરી જીવનો સત્સંગ કરી શિક્ષણક્ષેત્રે અત્યંત નિઃસ્વાર્થભાવે ખૂબ જ વિકાસ કર્યો છે. સત્સંગને શિક્ષણ એ જીવનના વિકાસના બે મુખ્ય પાયા છે. તે સહુને દૃઢ કરવાનું ને કરાવવું તે તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

***(સાધુ સ્વયં પ્રકાશદાસ (ડૉ. સ્વામી)ના જયસ્વામિનારાયણ)***

❋

ચારુતર વિદ્યામંડળના બે દાયકા કરતાં વધુ સમયના તેમના કુશળ તથા પ્રમાણિક વહીવટના કારણે વિદ્યાનગરને અનેક શૈક્ષણિક સંસ્થાઓ પ્રાપ્ત થઈ, શિક્ષણનું આધુનિકરણ થયું, વિદ્યાનગરની શિક્ષણ સુવાસ દેશ વિદેશમાં પ્રસરી તે માટે ચરોચર ડૉ.સી. એલ. પટેલનું સદૈવસ્મરણ કરશે. તેમના અક્ષરધામ ગમન નિમિત્તે હું અનુપમ નિશન વતીથી ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

***(સંત ભગવંત સાહેબજી,  અનુપમ મિશન, મોગરી)***

❋

ડૉ.સી.એલ. પટેલે એક વ્યક્તિ કદી ન કરી શકે તેવું શિક્ષણ વિસ્તરણનું ગંજાવર કાર્ય કર્યું છે. પૂ.ભાઈકાકાએ શૈક્ષણિક વસાહત સ્થાપવાનો ચીલો પાડ્યો, એ માર્ગે ડૉ. પટેલે પણ ન્યુ વિદ્યનગર ઉભું કરી પરંપરાને ઉજાળી. એમના અવસાનથી ગુજરાતે એક શિક્ષણ ચિંતક અને સંવર્ધક ગુમાવ્યો. પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે.

**(ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ પ્રધાન, ગુજરાત રાજ્ય)**

❋

સ્વ. ડૉ.સી.એલ. પટેલના આકસ્મિક દુઃખદ અવસાનનાસમાચાર જાણી ઘણું દુઃખ થયું. તેમણે ચારુતર વિદ્યામંડળમાં શૈક્ષણિકરૂપી યજ્ઞમાં ઉત્કૃષ્ટ સેવાઓ આપી છે. તેમજ સમાજ માટે ખુબ જ ઉમદા કામ કર્યું છે. તેઓની ખોટ ન પુરાય તેવી છે. તેઓએ આપણી વચ્ચેથી વિદાયલીધેલ છે પરંતુ તેમના ઉત્કૃષ્ટ કાર્યો થકી તેઓ સદૈવ આપણી વચ્ચે જીવંત રહેશે. તેમના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત સુખ અને પરમ શાંતિ બક્ષી, મોક્ષગામી બનાવે એવી ભાવભીની શ્રદ્ધાંજલિ સાથે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

***(કૌશિક પટેલ, મહેસૂલ મંત્રી, ગુજરાત સરકાર)***

❋

I was very sorry to hear that your beloved father Pujya Shri C.L. Patel passed away. It was a privilege for me to know him, largely through BAPS Sanstha and his contribution in the field of education and religion. I wish to offer my deep condolences to all of you and I hope the great institutions he established will progress day by day in his absence. The foundations are strong and there is no doubt that it will survive forever. Late Shri C.L. Saheb is a legend and will be remembered in the hisotry of Gujarat. The Swaminarayan BAPS have lost the most respected Haribhakta and C.L. Kaka had full blessings of Shri Pramukh Swami Maharaj and SHri Mahant Swami Maharaj and all the Sadgurus, Satsangis of our Sanstha. His legacy will be remembered by everyone who worked with him and the peoples of Gujarat. I offer my prayers that his soul may rest in peace in the Heaven.

***(Praful Patel)***

❋

છોટુભાઇ લલ્લુભાઇ પટેલના નિધનના સમાચાર જાણી અત્યંત દુઃખ થયું. શ્રી છોટુભાઇ આગવી પ્રતિભા ધરાવતા વ્યક્તિ હતા. તેઓશ્રીએ સક્રિય સમાજ સેવક તરીકેની સેવાઓ ચરોતર વિસ્તારના લોકોને તો આપી જ છે, સાથોસાથ ચારુતર આરોગ્ય મંડળ સાથે જોડાઇને ઘણી મહત્ત્વની બાબતોમાં અમને સાથ અને સહકાર આપ્યો છે. તેઓશ્રીના નિધનથી એક ન પૂરાય તેવી ખોટ પડી છે. પરિવારજનોને આ આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને સદ્ગત્ આત્માને ચિર શાંતિ અર્પે તેવી હું મંડળ વતી અભ્યર્થના કરું છું.

**(અમૃતા પટેલ, ચારુતર આરોગ્ય મંડળ, ચેરમેન, વલ્લભ વિદ્યાનગર)**

❋

I had the opportunity to associate with him for a long time. I appreciate the contributions he made to the developments of education. Dr. C.L. Patel, who brought wave of education to Vallabh Vidyanagar, will ever be remembered. May the departed soul rest in eternal peace in the heavely abodz.

(Prayasvin Patel, Elecon)

❋

ચરોતરમાં શિક્ષણના મહર્ષિ તરીકે જાણીતા સી.એલ. પટેલ સાહેબ મારા માટે તો ઈન્દુકાકાના ગયા પછી વલડીલ કુટુંબી સમાન હતા. તેમણે સદાય અમારા પરિવારના એકેએક પ્રસંગોમાં વડીલ સ્થાનેથી હાજરી અને માર્ગદર્શન આપીને મને અમૂલ્ય સામાજિક-કૌટુંબીક સથવારો આપ્યો છે. મુ.ઈન્દુકાકાના સમયથી તેમણે બંને કુટુંબ વચ્ચેના પારિવારિક સંબંધના જે બીજ રોપ્યા હતા તે સંબંધો આજે વટવૃક્ષ બન્યા છે, અને તેમાં સી.એલ. પટેલ સાહેબની વ્યવહારદક્ષતા, પારિવારિક લાગણી અને સંવેદનાસભર હૂંફ આપવાની શુભભાવના જ રહેલી છે. તેમણે ચિંધેલા કામ આગળ વધારવા પડશે, એ જ તેમને માટે સાચી અંજલિ ગણાશે.

***(દેવાંગ પટેલ તથા સમસ્ત ઈપ્કો પરિવાર)***

ચારુતર વિદ્યામંડળનો એક કર્મઠ સપૂત આપણાથી વિદાય લઈ રહ્યો છે, તેમનું જીવન ખૂબ પવિત્ર અને માત્રને માત્ર કર્મને આધિન હતું, તેમની કામ કરવાની અનોખી શૈલી હતી. સ્વ. સી.એલ. પટેલ સાહેબનાં ગમતા કાર્યો ચાલુ રહે એવી આશા સાથે પરમાત્મા એ આત્માને તેમના ચરણોમાં રાખે અને આ વિરહ વેઠવાની પ્રભુશક્તિ આપને આપે એજ પ્રાર્થના.

***(કરસનદાસ સોનેરી, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટી)***

It is a Great Loss for us all, for the great dynamic leader that he was. He will always remain deep in our hearts, as the guiding light.

***(Taruna Patel, Chief Exdecutive Officer, Elecon)***

We are shocked to hear the sad demise of your beloved father, Shri C.L. patel on 27.05.2019. On behalf of Chairman, Managing Director, Mangers and staff, we pay ourheart felt "Shraddhanjali" to your beloved father, ShriC.L. Patel. We pray God Almeighty to remain his soul in rest andpeace. We also pray lord Swaminarayan Bhagwan to give your family enough strength & Courage to bear this irreparable loss at this juncture. May his soul rest in peace. Om Shanti

***(Hasmukh Patel, Charotar Gas Sahakari Mandli Ltd., Annad)***

ડૉ. પટેલ સાહેબે ગુજરાતની આગલી હરોળની શિક્ષણ સંસ્થા ચારુતર વિદ્યા મંડળનું ચેરમેન પદ સ્વ. એચ.એમ. પટેલસાહેબના બાહોશ અને દૃષ્ટિપૂત ઉત્તરાધિકારી તરીકે તેમણે પ્રાયઃ બે દશકથી અધિક સમય સુધી મંડળના એક પ્રતિબદ્ધ અને કર્મઠ સૈનિક તરીકે દીપાવ્યું, જે ગુજરાતના શિક્ષણ જગતની એક નોંધપાત્ર ઘટના સમાન લેખાશે. મંડળ અને શિક્ષણના વ્યાપક હિતને ધ્યાને લઈ તેમના દ્વારા સંપન્ન કરવામાં આવેલાંકાર્યો માઈલ-સ્ટોન સમાન સદૈવ સ્મરણીય બની રહેશે.

***(વલ્લભભાઈ એમ. પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર)***



## સ્મરણીય ભાવાંજલિ

**એસ.જી. પટેલ**

મારી શિક્ષણ ક્ષેત્રની ૫૦ વર્ષની કારકિર્દીમાં મહત્ત્વનો ફાળો આપનાર સૌ પ્રથમ પૂ. ડૉ.ડી.એફ. પટેલ જેઓ મને ૩૫ વર્ષ સુધી માર્ગદર્શન આપતા રહ્યા. જ્યારે છેલ્લા ૧૫ વર્ષ ડૉ.સી.એલ. પટેલ સાહેબના સહયોગી બનવાનો અનેરો લાભ મળેલો છે. સી.એલ. પટેલ સાહેબ સાથેનો પહેલો પરિચય મુ.શ્રી ડાહ્યાભાઈએ એમના નિવાસસ્થાને શ્રીરામ સોસાયટી, વલ્લભ વિદ્યાનગર મુકામે ૧૯૯૧માં કરાવ્યો હતો. એ દિવસોમાં હું સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકવિજ્ઞાન વિષયમાં વ્યાખ્યાતા તરીકે સેવા કરતો હતો. થોડાંક વર્ષો પછી ભૌતિકશાસ્ત્ર વિભાગની ફીઝીકલ સોસાયટીના માર્ગદર્શક તરીકેની જવાબદારી મારા શિરે હતી. તે વખતે પટેલ સાહેબ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે વરાઈ ચૂક્યા હતા. તેમને ફીઝીકલ સોસાયટીની પ્રવૃત્તિઓના ઉદ્‌ઘાટક તરીકે નિમંત્રવામાં આવ્યા હતા. તે સમયે તેમનો પરિચય આપતા જણાવ્યું હતું કે, ''જેમનું નામ છે છોટુભાઈ અને કામ કરે છે મોટુ'' એવા શબ્દોથી આવકારવાનું મારા ભાગે આવ્યું હતું. તે દિવસે એમણે જે સરળતાથી અમારા વિદ્યાર્થીઓને સંબોધી પ્રોત્સાહિત કર્યા હતા તેમના પ્રભાવથી હું એમના તરફ આકર્ષાયેલો રહ્યો હતો. પછીથી એક દિવસ ભરોડા નજીક બાજીપુરા ગામની શાળાના નવા ભવનનું ઉદ્‌ઘાટન થવાનું હતું. એમાં સાહેબ મુખ્ય મહેમાન અને હું અતિથિવિશેષ પદે હતો. તે દિવસે એમની સાથે કારમાં મુસાફરી કરવાનો પ્રથમ પ્રસંગ હતો. તે દિવસે સહજ હળવાશની પળોમાં મેં ચારુતર વિદ્યામંડળમાં સેવા કરવાની મારી ઈચ્છા વ્યક્ત કરી હતી, ત્યારે તેમણે મને કહેલું કે હમણાં યુનિવર્સિટીમાં સેવા કરો છો તે બરાબર છે, નિવૃત્ત થાઓ પછી વિચારશું.

૨૦૦૮માં જૂનમાં હું નિવૃત્ત થવાનો હતો, એટલે મે માસમાં મારો પરિચયપત્ર લઈને સીવીએમમાં આપવા ગયો. તે દિવસે સાહેબ ઘણા વ્યસ્ત હતા, તેથી રૂબરૂ મળવા માટે વધારે સમય બેસવું પડે એવું હતું. મારે થોડી ઉતાવળ હતી એટલે મારા પરિચયના કાગળોવાળું કવર સેવકભાઈને આપીને કહ્યું કે આ ચેરમેન સાહેબને પહોંચાડી દેશો. ત્યારપછી મે-જુન-૨૦૦૮ પૂરો થયો. જુલાઈની છઠ્ઠી તારીખે ચેરમેન સાહેબે મને મુ.શ્રી શનુભાઈ સાહેબ મારફતે યાદ કર્યો. હું એમના કહેણ મુજબ સીવીએમના કાર્યાલયે પહોંચ્યો. તેમણે પ્રથમ મુલાકાતે જણાવ્યું કે કયા પ્રકારની સેવા કરી શકશો? કોઈ સંસ્થા સંભાળશો કે સહમંત્રી તરીકે કામ કરી શકશો? મેં પ્રત્યુત્તરમાં જણાવ્યું કે તમે મને જે સેવા માટે યોગ્ય ગણો એ સ્વીકારીશ. તેમણે મને એક કાગળ આપી કહ્યું કે આના પર તમો સીવીએમના સહમંત્રી તરીકે સેવા કરવા ઈચ્છુંક છું એવું ચેરમેનશ્રીને સંબોધીને દરખાસ્ત બનાવી આપો. મેં એ પ્રમાણે કર્યું, તેમણે સીવીએમના બંધારણની જોગવાઈ અનુસાર ચેરમેનશ્રીની ભલામણ સાથેનો મારો દરખાસ્ત પત્ર સીવીએમના પ્રમુખશ્રીને મોકલી આપ્યો. પ્રમુખશ્રીની સંમતિ મળતાં જ મને વિધિવત સીવીએમના સહમંત્રી તરીકેનો નિમણૂંકપત્ર આપવામાં આવ્યો. આમ, હું વિધિવત્ રીતે તા. ૯-૭-૨૦૦૮ના રોજ સીવીએમની સેવામાં જોડાયો. મારા પુરોગામી ડૉ.કે.એફ. પટેલે મને આવકાર્યો અને તેમનો સઘળો કારોબાર મને સોંપી તેઓ નિવૃત્ત થયા. મારી પાસે સીવીએમ સંચાલિત તમામ શાળાઓ અને યુનિવર્સિટી સંલગ્ન ન હોય તેવી સંસ્થાઓની સેવા કરવાની જવાબદારી આવી. આ સેવાકાળ દરમિયાન મેં મારા કાર્યક્ષેત્રની સંસ્થાઓના આચાર્યો સાથે નિયમિત માસિક સભાઓ યોજી શાળાઓના વહીવટમાં ગતિશીલતા લાવવાના પ્રયત્નો કર્યા, જે સતત સફળતા પામતાં, સાહેબ બધાને કહેતા હતા, ''મારે શાળાઓ બાબતે કોઈ ચિંતા કરવી પડે એમ નથી''. આવા પરોક્ષ શબ્દો દ્વારા એ મને પ્રોત્સાહન આપી વધારે સારી સેવા કરી શકું એ માટે તૈયાર કરતા રહ્યા.

૨૦૧૬ના ઉનાળુ વેકેશનના દિવસોમાં મુરબ્બીશ્રી શનુભાઈ સાહેબે અને ડૉ.જે.ડી. પટેલ સાહેબે સીવીએમની સેવામાંથી નિવૃત્તિ જાહેર કરી. એ દિવસોમાં જ સાહેબની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડી. થોડા દિવસોમાં સારું થતાં, વળી એમણે સીવીએમ ઓફિસમાં આવવાનું ચાલુ કર્યું. મુ.શ્રી

શનુભાઈના અનુગામી તરીકેની જવાબદારી મને સોંપી અને સેમકોમ કૉલેજમાં સફળતાપૂર્વક આચાર્ય તરીકેની સેવા બજાવતા ડૉ. નિખિલભાઈ ઝવેરીને શરૂઆતમાં વધારાની જવાબદારી તરીકે ડાયરેક્ટર જનરલ (નિયુક્ત) પદે આમંત્રણ આપ્યું. આમ સીવીએમ શૈક્ષણિક સેવાઓમાં અમારા બેની જોડી કાર્યરત બની. બંને જણાએ ખભેખભા મિલાવી મહત્વની જવાબદારીઓનું વહન કરવા સક્ષમ બન્યાં. જૂન ૨૦૧૭ થી ડૉ. ઝવેરીએ સેમકોમના આચાર્યપદે રાજીનામું આપી સીવીએમના પૂર્ણ સમયના ડાયરેક્ટર જનરલ પદે બિરાજમાન થયા. વળી સાહેબની તબિયતમાં ચઢાવ-ઉતાર શરૂ થયા. સીવીએમના કાર્યાલયમાં માત્ર સવારની વેળાએ જ આવવાનું ગોઠવાયું. આ કપરા કાળમાં અમારું ઘડતર ચાલુ થયું. કેટલીક નિર્ણયાત્મક બાબતોમાં અમને સાહેબ સતત માર્ગદર્શન આપતા રહ્યા અને અમે ઘડાયા.

૩૧ ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ એસ.એમ. પટેલ કૉલેજ ઓફ હોમસાયન્સના આચાર્યની પસંદગી સમિતમાં અમો સરદાર પટેલ યુનિવર્સિટીમાં બેઠા હતા ત્યારે જ જણાવ્યું કે આજે જ આ ઇન્ટરવ્યુ પતાવી દવાખાને દાખલ થવાનો છું. એમની સીવીએમ પ્રત્યેની સેવા માટેની તત્પરતાનું આ આદર્શ ઉદાહરણ હતું. તે વખતે થોડાક દિવસોમાં સારું થતા દવાખાનામાંથી ઘેર આવી સીવીએમની સેવામાં હાજર થયા. સપ્ટેમ્બર, ૨૦૧૭માં જ કોઈકના અવસાન નિમિત્તે બેસણામાં જવાનું થુયં. તે સ્થળે એમને દાદરા ચઢવાની ફરજ પડી. હોંશે હોંશે ચઢી તો ગયા પણ, એ દિવસની રાત્રે શરીર અને છાતીમાં દુઃખાવો રહ્યો. એમણે માન્યું કે ગેસ ટ્રબલ થઈ છે. આખી રાત ઊંઘ પણ ન આવી. સવારે સીવીએમમાં ન આવી શક્યા એટલે મેં ફોન દ્વારા ખબર-અંતર પૂછ્યા, ત્યારે જાણવા મળ્યું છે આખી રાતની તકલીફ હોવાથી હું આજે નહીં આવું. સાંજના એમને મળવા હું રૂબરૂ ગયો ત્યારે બધી વિગતવાર વાત કરી, તે રાત્રે એમને હૃદય રોગનો હુમલો હતો, પણ અગાઉ એક ડોક્ટરે કહેલું કે તમારું હૃદયનું સ્વાસ્થ્ય ૪૦ વર્ષના યુવાન જેવું છે, જેથી તેના ભ્રમમાં હૃદયરોગનો ખ્યાલ સરખો ય ન આવ્યો. તેના બીજા જ દિવસે વળી તકલીફ ઉભી થતાં તાત્કાલિક ઝાયડસ હોસ્પિટલમાં દાખલ થયા પછી તો એ માંદગી ઘર કરી ગઈ. દવાખાનાની સારવારથી સારું થતાં ઘરે આવે, થોડાક દિવસ સારું થાય અને પાછું ફરીથી દવાખાને દાખલ થવું પડે. તેમના બંને દિકરા ચારેય દિકરીઓ તેમના વ્યસ્ત રોકાણોમાંથી સમય કાઢી બાપુજીની યથાશક્તિ સેવા કરતા રહ્યા. આવા લગભગ છ માસના ગાળામાં મારે તેમની સૌથી વધારે મુલાકાતો થઈ. દરેક વખતે હું એમને ''જય સ્વામીનારાયણ''થી વંદન કરું એ મને ''ૐ શાંતી''ના મધુર સ્વરતી આવકારે. આ સમય ગાળામાં તેમના દિકરા-દિકરીઓ સાથે મારી નિકટતા વધતી ગઈ.

પૂ. સાહેબના અંતિમ દિવસોમાં એમના વરિષ્ઠ દિકરા શૈલેષભાઈ અને જમાઈ શ્રી અશોકકુમાર સાથે વાતો કરતાં કરતાં સાહેબનાં મૃત્યુ પછીનાં આયોજનો અંગે કેટલીક નોંધપાત્ર વિગતો જાણવા મળી હતી.

સાહેબની ઇચ્છા હતી કે ''મારી મોતની ક્ષણ પૂર્વે મારાં બધાં છોકરાં આવી ગયાં હોય અને મારો મેળાપ થાય.'' સદ્ભાગ્યે ઘણાં ખરાં બધાં પૂત્રો-પુત્રીઓ, પૌત્રૌ-પૌત્રીઓ આવતાં-જતાં રહ્યા, દરેકની સાથેની ભાવનાઓ લાગણીઓને આપલે સંતોષકારક કરી લીધી હતી. છેલ્લા દિવસોમાં તેમના પૌત્ર-પૌત્રી દ્વારા ગંગાજળનું આચમન થતું રહ્યું હતું. તેઓ એવું પણ કહેતા હતા કે- ''બેંડ-વાજાં મંગાવ્યા હોય, બે-ત્રણ ભજન-ભક્તિ ગીતોના સૂર રેલાતા હોય અને જે દવાખાને મારો દેહ આપવાનો કહ્યું હોય તે લોકો મારા મૃત શરીરને લેવા આવે ત્યારે વાજતે-ગાજતે મારી વિદાય થાય. ના કોઈ બેસણું કે ના કોઈ ઉઠમણું યોજાય.'' તેથી આગળ વધતાં જાણવા મળેલું કે, ''મારા મૃત દેહને શિક્ષણ સંસ્થાઓમાં તો લવાય જ નહી, કારણ કે આ તો પવિત્ર વિદ્યાનાં મંદિર ગણાય. મારા મૃતદેહનો લાભ છોકરાંઓને (મેડીકલ કૉલેજનાં) મળે અને લાંબા સમય સુધી એને દવાખાનામાં જાળવીને એનું પરીક્ષણ કરીને શીખે.''

સાહેબનો દેહાંત તા. ૨૭-૦૫-૨૦૧૮ની સવારમાં ૫-૪૫ કલાકે થયેલો. હું મારા રોજીંદા નિત્યક્રમ મુજબ તે દિવસે બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે સવારના મુરલી શ્રવણ ધ્યાનના કાર્યમાં વ્યસ્ત હતો. મને સમાચાર મળ્યા. હું તરત જ સાહેબના નિવાસસ્થાને પહોંચ્યો.



શ્રી કૃષ્ણ હોસ્પિટલને જાણ કરવામાં આવી અને ચારુતર આરોગ્ય મંડળના મંત્રીશ્રી જાગૃતભાઇ ભટ્ટના સહકારથી સાહેબનું દેહદાન આયુર્વેદ હોસ્પિટલમાં થાય તે પહેલા ચક્ષુદાન માટે દાકતરો અને સહાયકોની ટીમ હાજર થઇ. બે કલાકના ઓપરેશન પછી ચક્ષુદાનનું કાર્ય પૂર્ણ થયું. આયુર્વેદ કૉલેજના દાકતરો અને નર્સોની ટીમ એમ્બ્યુલન્સ સાથે હાજર હતી, સાહેબની દિકરીઓ અને જમાઇ યુએસએથી વિદ્યાનગર આવવા નીકળી ગયાં હતાં. તેઓ બીજે દિવસે સવાર સુધી પહોંચવાનાં હતાં, એટલે હવે સાહેબનો પાર્થિવ દેહ આયુર્વેદ કૉલેજના કોલ્ડ સ્ટોરેજમાં રાખવાનો નિર્ણય લેવાયો. આ ઘટનાકાળ દરમ્યાન મેં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઇ પટેલ અને ઉપપ્રમુખશ્રી મનિષભાઇને સમગ્ર પરિસ્થિતિની જાણ કરી. તેમણે તાત્કાલિક ચારુતર વિદ્યામંડળના એસ્ટેટ વિભાગની સહાયથી ખુરશીઓ અને પાણીની સુવિધાઓ સાહેબના નિવાસસ્થાને પહોંચાડી સગવડો સાચવવા તત્પરાત દાખવી. પાર્થીવ દેહને એમ્બ્યુલન્સમાં લઇ અમો આયુર્વેદ કૉલેજ પહોંચ્યા. અગાઉ દિવસે સાંજથી મને સાહેબના અંતિમકાળની સમજ આવી જવાથી કૉલેજના આચાર્ય ડૉ. સરદેશપાંડેને મૃતદેહ સ્વીકારવા અંગેની તમામ તૈયારીઓ કરાવી દીધી હતી. કૉલેજના તમામ કર્મચારી ભાઇઓ-બહેનોનો સરસ સહકાર મળ્યો હતો. કૉલેજથી પરત આવતાં શૈલેષભાઇ-અશોકકુમાર સાથે મળી સાહેબના અંતિમ દર્શનના સ્થલ વિષે નિર્ણય લેવાયો. આ સ્થળ હતું આયુર્વેદ કૉલેજનું પ્રાંગણ. આ બાબતની જાહેર જનતાને જાણ થાય તે અર્થે અંતિમ દર્શન અને શ્રદ્ધાંજલી સભા માટેની જાહેરાત દૈનિકપત્રોમાં પ્રસિદ્ધ થઇ હતી. સાહેબના સગાંઓ, સ્નેહીઓ અને ચાહકોએ તા. ૨૮-૫-૨૦૧૮ના રોજ સાંજના સૂર્યાસ્ત સમયે અશ્રુભીની આંખે વિદાઇ અપાઇ હતી. આયુર્વેદ હોસ્પિટલ કેમ્પસમાં જે વ્યવસ્થા ગોઠવાઇ હતી તેના યશના અધિકારી ચેરમેનશ્રી ભીખુભાઇ પટેલ અને ઉપપ્રમુખશ્રી મનિષભાઇનો આભાર ડૉ.સી.એલ. પટેલના તમામ પરિવારજનોએ માન્યો હતો. સદ્‌ગત આત્માને ચિરશાંતિ મળે એવી સીવીએમ પરિવારની સતત પ્રાર્થના છે.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## કુટુંબ વત્સલઃ ડૉ. સી.એલ. પટેલ

રેખા યોગેશ પટેલ

મારા પુ. બાપુજીને સામાજિક સેવા અને શિક્ષણના માધ્યમથી બીજાને મદદરૂપ થવાનો ખુબ જ આનંદ હતો. ૨૦૦૯માં મારે મારા બન્ને બાળકોને ભારતમાં સાથે ફરવા લઇ જવા હતા પરંતુ સંજોગવસાત સહકુટુંબ જઇ શકાય તેવું નહોતું એટલે મારા હસબંડે પુ. બાપુજીને ફોન કર્યો કે મારાથી આવી શકાય તેમ નથી તેથી તમો આ ત્રણેયની વ્યવસ્થા કરજો. પછી તો જોવાનું શું બન્ને છોકરાંને બે વીક ફરવા જવાનો પરફેક્ટ પ્લાન પોતાના ખર્ચે બનાવી દિધો. એ જ ટ્રીપ થોડા સમય પહેલાં મારા ભાઇ સાથે કરીને આવ્યા હતા છતાં પણ આ ઉંમરે અમારી સાથે મુસાફરી કરી હતી.

શિક્ષણ પ્રત્યેનો પ્રેમ એટલો કે સની અને કૃપાના ગ્રેજ્યુએશન પ્રસંગે આશીર્વાદ આપવા છેક દેશમાંથી કેલિફોર્નિયા સુધી દોડી આવેલા. છેલ્લે તેમની યાદગીરી માટે તેમને મારી દિકરીને લગ્નમાં ચાંદીની માટલી આપવી હતી. તો મેં કહ્યું કે હું એકલી તમારી દિકરી નથી તો તેમણે બધી ભાણીઓ તથા પૌત્રીઓ માટે ચાંદીની માટલીનો તાત્કાલીક ઓર્ડર આપી દિધો અને આ ચાંદીની માટલી અમારા માટે આશીર્વાદરૂપ બની હંમેશને માટે તેમની યાદગીરી બની રહેશે.

(ડૉ.સી.એલ. પટેલના પુત્રી, યુએસએ)

### મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો,
દયામય! મંગલ મંદિર ખોલો!
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભાળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઊરમાં લ્યો, લ્યો,..... દયામય!
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો... દયામય!

(સૌજન્યઃ ડૉ.એમ.એસ. ખ્રિસ્તી, આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગર
અંતિમ દર્શન વખતે ગવાયેલ ભજનો પૈકીનું એક)

॥ જીવન વૃત્તાંત ॥

# મુઠ્ઠી ઊંચેરા માનવી – ડૉ. સી. એલ. પટેલ


**રાજેન્દ્રસિંહ જાડેજા**

શિક્ષણ મહર્ષિનું બિરુદ પામેલા અને લોકજીભે સી.એલ.પટેલ તરીકે વિખ્યાત એવા ચારુતર વિદ્યામંડળના પૂર્વ અધ્યક્ષ શ્રી છોટુભાઈ લલ્લુભાઈ પટેલ, આણંદ પાસેના ગામડી નામના નાનકડા ગામમાં મુખીપણાની પરંપરા જાળવતા કુટુંબમાં તા.૧૦ એપ્રિલ, ૧૯૩૫ના રોજ જન્મ પામ્યા હતા. જન્મસ્થાન કાસોર.

**પૂર્વાશ્રમ**



પિતાશ્રી લલ્લુભાઈ પાસેથી છોટુભાઈને નીતિમત્તા અને નીડરતાનો મૂલ્યવાન ખજાનો વારસામાં મળેલો. ધર્માદાનો એક પૈસો પણ ઘરમાં આવે તો પેટ ચીરીને નીકળી જાય એવું માનતા પિતાજીની નીડરતા એવી કે બહારવટિયાઓને મારી હટાવવા માટે અંગ્રેજ સરકારે લલ્લુભાઈને બહાદુરીના બે ખિતાબ એનાયત કર્યા હતા. નેતૃત્વની તાલીમ એ રીતે છોટુભાઈને ગળથૂથીમાં જ મળી કહેવાય. એ સંસ્કાર વારસો એમણે જીવનપર્યંત એવો અણથક સંભાળ્યો કે કરોડોનો વહીવટ સંભાળ્યા છતાં એમના ખાદીનાં ઊજળાં વસ્ત્રો પર એક પણ ડાઘ પડવા દીધો નહીં.



એમના માતુશ્રી જીબાબહેન તરીકે ઓળખાતાં. મૂળનામ ગંગાબહેન. તત્કાલીન કુટુંબ વ્યવસ્થાની પરંપરા અનુસાર જીબાબહેન મોટા કુટુંબની જવાબદારી સંભાળે. કુલ નવ બાળકોમાંથી ત્રણ તો નાની વયે અવસાન પામ્યાં, તે પછી પાંચ બહેન અને એક ભાઈ – તે છોટુભાઈ. માતાનું કોમળ વહાલ અને પિતાની કડક તાલીમ એમના વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વનાં પરિબળો હતાં.

ગામડીમાં બાળપણ વિતાવ્યા પછી દસ વર્ષની વયે ૧૯૪૫માં પાંચમા ધોરણમાં આણંદ આવેલી ડીએનમાં જોડાયા. ડી એન એટલે દાદાભાઈ નવરોજજી હાઈસ્કૂલ. તે અરસામાં આઝાદીની ચળવળમાં અગ્રેસર સંસ્થા ગણાતી. રવિશંકર મહારાજ, વિનોબાજી અને બબલભાઇ જેવા લોકસેવકો અને સ્નેહરશ્મિ અને સુંદરમ્ જેવા સાહિત્યકારો આવે. છોટુભાઈને પણ સરદાર પટેલ સહિત અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓને સાંભળવાનું અને તેમાંથી ભારતને સ્વતંત્ર કરવાની તથા દેશસેવાની ભાવનાનું ભાથું મળ્યું. છોટુભાઇ ગામડીથી પગે ચાલીને અન્ય બાળકો સાથે ડી.એન.માં ભણવા આવે. ઉત્તમ શિક્ષકો પાસે ભણવાનો લાભ મળ્યો, જોકે એ સાચી કેળવણીમાં પુસ્તકિયું જ્ઞાન અને મળેલા માર્કસનું કોઈ મહત્ત્વ નહીં. પરંતુ કિશોર છોટુભાઈના ભાવવિશ્વની સમૃધ્ધિ અદ્‌ભુત. એ રીતે ૧૯૫૧માં ડી. એન.માંથી મેટ્રિક પાસ થયા.

શાળા જીવનનું એ સમૃદ્ધ ભાથું લઈને યુવાવસ્થામાં પગરણ માંડતાં છોટુભાઈ કોલેજ જીવન માટે કટિબદ્ધ થયા. વલ્લભ વિદ્યાનગરમાં, જ્યાં એમના જીવનનો સુવર્ણકાળ શિક્ષણને સમર્પિત થવાનો હતો ત્યાંની વિખ્યાત વિ. પી. સાયન્સ કોલેજમાં એક વર્ષ અને અમદાવાદની એવી જ વિખ્યાત એમ. જિ. સાયન્સ કોલેજમાં બીજું વર્ષ અભ્યાસ કર્યા પછી ફરી પાછા વલ્લભ વિદ્યાનગરની સુખ્યાત બિરલા વિશ્વકર્મા કોલેજમાં ડીપ્લોમા અભ્યાસક્રમ વડે મીકેનીકલ એન્જિનિયર થયા. તે પછી એક વર્ષમાં ઈલેક્ટ્રીકલ એન્જિનિયર થવાતું, એ અભ્યાસક્રમમાં જોડાયા. તે દરમિયાન એમણે જીઈબીમાં જોડાવાનો ઓર્ડર મળ્યો, એટલે પરીક્ષા આપવાનું માંડી વાળીને ૧ માર્ચ, ૧૯૬૧ના રોજ નોકરીએ લાગ્યા.

યુવાન છોટુભાઈની કામ કરવાની ધગશ અને નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવવાની પ્રામાણિકતાના અનેક દાખલા આજે પણ લોકોને યાદ છે. સરકારી નોકરીમાં 'વધારાની' આવક માટે અધિકારીઓ રાજ્યની ચોરી કરવાનું અને ભ્રષ્ટ લોકોને લાભ કરી આપીને રુશવત લેવાનું સામાન્ય ગણતા હોય, તેવી સ્થિતિમાં વીજચોરી પકડવા માટે જોખમ ખેડીને એમણે પોતાની ફરજ ઉત્તમ રીતે બજાવી. તેના પરિણામે માથાભારે લોકોએ એમનો



જીવ લેવા સુધીના પ્રયત્નો કર્યા, પણ ડરથી પાછી પાની કરે એ છોટુભાઈ શાના? ઉદાત્ત ભાવના સાથે નિષ્ઠા અને નીતિમત્તા ભળે તો કેવા સુપરિણામ આવે તેનું જ્વલંત ઉદાહરણ એમની જીઈબીની કારકિર્દી કહેવાય. શરૂઆતમાં ટેકનિકલ ઇન્ચાર્જ તરીકે જોડાયા પછી ઉત્તરોત્તર પ્રગતિ કરીને છેવટે એક્ઝિક્યુટિવ એંજિનિયર તરીકે ૧૯૮૧ ની સાલમાં નિવૃત્ત થયા.



છોટુભાઈનું દાંપત્ય જીવન અનેક વિટંબણાઓ વચ્ચે ટકી રહેવાની શક્તિ પ્રદાન કરે તેવું સ્વસ્થ અને સુખી દાંપત્યનું ઉદાહરણ પૂરું પાડે છે. સન ૧૯૫૩ની ૧૬મી મે ના રોજ એમનું લગ્ન સામરખા ગામના શારદાબા સાથે થયું. નીતિ અને પ્રામાણિક્તાના આધારે જીવતા અફસરના ઘરમાં નાણાંભીડ તો રહેવાની જ. વળી સામાજિક સુધારણા કરવાની પ્રવૃત્તિ પણ સંઘર્ષ નોતરે. પરંતુ છોટુભાઈ જે માર્ગે ચાલતા હતા તેમાં શારદાબાનો સાથ અવશ્ય મળતો. એ સુખી દાંપત્ય જીવનના સાક્ષી એવા એમનાં છ બાળકો – વર્ષાબહેન, શોભાબહેન, રેખાબહેન, છાયાબહેન, શૈલેષભાઈ અને વ્રજેશભાઈ – સર્વ રીતે સંપન્ન અને સુખમય જીવન પામ્યાં છે એમાં માતા-પિતાના આશીર્વાદ અને એમને મળેલાં ઉત્તમ સંસ્કાર જોઈ શકાય છે.

એમના મધ્ય જીવનનાં વર્ષો એક કરતાં વધુ અર્થમાં સંઘર્ષમય હતા. કૌટુંબિક જવાબદારીઓ, સેવા અને સમાજસુધારાની પ્રવૃત્તિઓ અને આર્થિક ભીંસ એમના માટે કસોટીરૂપ હતા. પણ સાચું સોનું આકરી અગ્નિકસોટીમાંથી હેમખેમ પાર ઉતરે તેમ છોટુભાઈ દરેક કસોટીમાંથી પાર ઉતર્યા. એવી અનેકવિધ તાવણીમાંથી પાર ઉતરેલા છોટુભાઈ માટે વિધાતાએ નિર્મિત કરેલું મહાન યુગકર્મ એમની રાહ જોતું હતું.

**ડો. સી.એલ.પટેલનું યુગકર્મ**

ઈ.સન.૧૯૮૮માં તેઓ ચારુતર વિદ્યામંડળમાં જોડાયા. પ્રથમ તો ટૂંક સમય માટે માનદ એસ્ટેટ મેનેજર તરીકે, અને પછી માનદમંત્રીશ્રીના હોદ્દા પર સેવા આપી. તે સમયે મંડળની સંસ્થાઓની મિલકતનું અને હોસ્ટેલોની દેખરેખ રાખવાનું કામ કપરું હતું. મંડળ ઉપર દેવું તો નહોતું, પણ તિજોરી ખાલી હતી. ઘણા વર્ષોથી મંડળની ધુરા સંભાળી રહેલા શ્રી એચ.એમ.પટેલ સાહેબની તબિયત નાદુરસ્ત રહેતી હતી. વિકાસનાં કામો તો ઠીક પણ સમારકામ પણ સમયસર થઈ શકતાં નહોતાં. એવા કપરા સંજોગોમાં નિષ્ઠાપૂર્વક અને હિંમતભેર નિર્ણયો લઈને સી.એલ.પટેલ સાહેબે એક પછી એક પડતર કામો હાથ પર લીધા.

તે દરમિયાન ૧૯૯૩માં આદરણીય શ્રી એચ.એમ.પટેલ સાહેબનું અવસાન થયું. એમના અનુગામી બની શકે તેવા ઊંચી પ્રતિભા ધરાવતી વ્યક્તિ કોણ હોઇ શકે તે મુદ્દો ચર્ચાનો વિષય બન્યો. ત્યારે ગુરુવર્ય શ્રી પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદથી શ્રી સી.એલ.પટેલ સાહેબે તે બીડું ઝડપ્યું, અને ૧૯૯૪માં મોટી બહુમતિથી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ પદે ચૂંટાયા. એ સાથે મંડળના વિકાસનો એક નવો તબક્કો શરૂ થયો.



સરકારની ગ્રાન્ટથી ચાલતી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં એ સમયે એક પ્રકારની બંધિયાર હવા પ્રસરતી જતી હતી. નવી સવલતો ઊભી કરવા માટે સરકારના બજેટમાં જોગવાઈ થતી નહોતી. તેવામાં ગુજરાતના સંખ્યાબંધ વિદ્યાર્થીઓને પાડોશના રાજ્યોમાં ઉચ્ચ અભ્યાસ માટે જવું પડતું હતું. એ પરિસ્થિતિનો તાગ લઈને સી.એલ.પટેલ સાહેબે સૌપ્રથમ સ્વનિર્ભર સંસ્થા (જીસેટ)ની સ્થાપના કરી, એટલું જ નહિ પણ એક પછી એક નવી નવી વિદ્યાશાખાઓની સંસ્થાઓ સ્થાપીને સમગ્ર રાજ્યમાં સ્વનિર્ભર શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવામાં તેઓ અગ્રેસર બની રહ્યા. તેમાંયે આયુર્વેદિક શિક્ષણની ભવ્ય કોલેજ અને એવી જ ભવ્ય હોસ્પિટલની સ્થાપના એમના પ્રદાનનું ઉચ્ચ શિખર ગણી શકાય. ત્રણ નવી એન્જિનિયરીંગ કોલેજો, બે આઈટીઆઈ, સેમકોમ અને ઈલ્સાસ જેવી અદ્વિતીય સંસ્થાઓ, સરદાર પટેલ સંશોધન કેન્દ્ર ... એમણે સ્થાપેલી નવી સંસ્થાઓ વલ્લભ વિદ્યાનગરમાં નવા આયામો લઈને આવી છે. તેથી જ ગુજરાતની બે યુનિવર્સિટી તરફથી માનદ ડોકટરેટની પદવી ઉપરાંત ચરોતર રત્ન અને શાલીન માનવ રત્ન ઉપરાંત સંખ્યાબંધ બહુમાન એમણે પ્રાપ્ત કર્યા હતા.



આ નવી સંસ્થાઓ માટે જૂના વિદ્યાનગરમાં જગ્યા નહોતી. એટલે સી.એલ.પટેલ સાહેબે વિઠ્ઠલ ઉદ્યોગનગરના સામા છેડે એક વિશાળ વસાહત ઊભી કરી, અને એ રીતે તેઓ ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા બન્યા છે. એમના અનન્ય પ્રદાનની વિગતો આ અંકમાં અન્યત્ર આવતી હોવાથી અહીં તેનો અછડતો ઉલ્લેખ કરીને સંતોષ માનીએ.

**ઉત્તરાવસ્થા**

સ્વસ્થ અને કર્મઠ દીર્ઘાયુ ભોગવ્યા પછી, વિશેષ તો એમના ગુરુવર્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજના બ્રહ્મલીન થયા પછી તેમ જ એમના ધર્મપત્ની શારદાબાના દુઃખદ અવસાન બાદ ડો. સી.એલ.પટેલ સાહેબનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન કથળવા લાગ્યું. ડાયાબિટીસ ઉપરાંત એમને હૃદય રોગ અને છેલ્લે તો કેન્સરની બીમારી સાથે ઝૂઝવાનું આવ્યું. આ બધી તકલીફો સામે આત્મબળથી ટકી રહેલા શરીરને ઉત્તરોત્તર નબળું પડવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. તે પછી ઝડપથી કથળેલા સ્વાસ્થ્યને પરિણામે છેવટે તા. ૨૭.૦૫.૨૦૧૮ના રોજ તેઓ અક્ષરનિવાસી થયા.

**ઉપસંહાર**

સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓમાં આજે પ્રવેશેલા વ્યાપારીકરણથી મુક્ત રહીને વિદ્યાર્થીકેન્દ્રી અને સમાજકેન્દ્રી એવું શિક્ષણ માળખું કેવી રીતે સ્થાપવું, કેવી રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણનું પ્રાવધાન કરવું, શિક્ષણ માટે જરૂરી નાણાંકીય વ્યવસ્થાપન શી રીતે કરવું, આ અને આવા યક્ષ પ્રશ્નોની સમજ કેળવવાની વાત થાય ત્યારે, બલકે ગુજરાતના ઉચ્ચ શિક્ષણનો ઈતિહાસ રચાય ત્યારે ડૉ. સી.એલ.પટેલનું નામ તેમાં સુવર્ણ અક્ષરે લખાશે.

(ભૂતપૂર્વ નિયામક, એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ (હાલ- માનદ નિયામક કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર(સીડીસી), સીવીએમ, વલ્લભ વિદ્યાનગર)

*મને કંઈ માગવાનું ગમતું નથી અને હું કોઈની માટે કંઈ માગતો નથી, પરંતુ આ વિદ્યાસંકુલના સારસ્વતો પાસે હું એક વાતની માગણી કરું છું કે તમો એવા નાગરિકો તૈયાર કરો, જે આખી દુનિયાને કામમાં આવે. (મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ)*

## નૈતિક વ્રતધારી સી.એલ. પટેલ

### સાધુ કેશવજીવનદાસ

પરમ ભગવદીય શ્રી સી.એલ.પટેલ (છોટુભાઈ લલ્લુભાઈ પટેલ) સત્સંગમાં મહામુકતરાજ હતા તથા શિક્ષણક્ષેત્રે મહર્ષિ હતા.

તેઓએ ૧૯૬૦માં એન્જિનિયર થઈ, ગુજરાત વિદ્યુત બોર્ડ (GEB)માં Executive Engineer તરીકે પ્રામાણિકપણે કર્તવ્યનિષ્ઠા બજાવી. તેઓએ આ સેવા કાર્યમાં ક્યારેય કોઈ પ્રલોભનોમાં લેવાયા વિના નીડરપણે પોતાની ફરજ બજાવી. તે સમયે G.E.B માં નિર્ભયતાથી સૌથી વધુ વીજચોરી પકડનાર સી.એલ. પટેલ હતા. ૧૯૮૧ માં તેઓએ આ સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.

૧૯૮૮માં વિદ્યાનગરમાં ચારુતર વિદ્યામંડળના Estate Manager અને સહમંત્રી તરીકે જોડાયા ત્યારથી તેઓએ વિદ્યાક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

૧૯૯૪માં પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી તેઓ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ બન્યા. વિદ્યાનગરના સ્થાપક પૂ. ભાઈકાકા અને સંવર્ધક શ્રી એચ.એમ.પટેલના શિક્ષણયજ્ઞમાં તેઓ હોમાયા અને શિક્ષણ-મહર્ષિ બન્યા.

તેઓનું નામ 'છોટુ' પણ કામ 'મોટું' કર્યું. ગુજરાતના સૌથી મોટા શૈક્ષણિક સંકુલ ચારુતર વિદ્યામંડળમાં તેઓ ૨૪ વર્ષ સુધી સતત અધ્યક્ષપદે રહ્યા તેઓના પુરુષાર્થને કારણે આજે આ વિદ્યામંડળ હેઠળ કાર્યરત ૪૫ શૈક્ષણિક સંસ્થાઓમાં ૩૫ હજાર વિદ્યાર્થીઓ K.G થી P.G ને Ph.D સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે છે.

તેઓ વિદ્યામંડળના વિકાસ માટે, દાન માટે વિદેશ યાત્રાએ જતા તેનો બધો જ ખર્ચ પોતે ભોગવતા. તેઓએ વિદ્યાનગરને વિશ્વના ફલક પર મૂકી દીધું, કારણ કે વિકસિત દેશોની સંશોધનની સુવિધાઓ ચરોતરને આંગણે સુલભ કરી.

તેમણે કરોડો રૂપિયાનો વહીવટ કર્યો પણ નિષ્કલંક રીતે. કથની તેવી કરણીનું અનુસરણ કરનારા નૈતિકવ્રતધારી, સો ટચના સોના જેવા તેઓ પ્રામાણિકતાના પર્યાય હતા.

તેઓએ ૧૦૦ એકરની વિશાળ ભૂમિમાં 'ન્યૂ વિદ્યાનગર' નું સર્જન કર્યું. અહીં બે એન્જિનિયરીંગ કોલેજો, બે ફાર્મસી કોલેજો, આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, બે છાત્રાલયો વિગેરે સુવિધાઓ ઊભી કરી દીધી. 'ન્યૂ વિદ્યાનગર'ના નિર્માણ માટે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજનો તેમના માથે હાથ હતો. ૧૯૪૬માં વિદ્યાનગરના નિર્માણમાં પૂ.ભાઈકાકાએ શાસ્ત્રીજી મહારાજની પધરામણી કરાવી હતી તે જ રીતે ૧૯૯૪માં વસંત પંચમીએ શ્રી સી.એલ.પટેલે 'ન્યૂ વિદ્યાનગર' નું ભૂમિપૂજન પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અમારે હસ્તે કરાવ્યું હતું.

જાહેરજીવનમાં, ઑફિસમાં, સ્ટેજ પર કોઈ સ્ત્રી સાથેના વાતચીતના પ્રસંગે તેઓ હંમેશાં નીચી દૃષ્ટિ રાખી આદરથી, સુઘડતાથી વાત કરતા. તેઓ નિયમિત તિલક-ચાંદલા સાથે પૂજા કરતા. ખરેખર, પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે તેમણે તિલક-ચાંદલાનું ગૌરવ વધાર્યું છે.

તેઓ દરરોજ સવારે વિદ્યાનગર છાત્રાલયના મંદિરમાં દર્શન કર્યા બાદ જ ઑફિસે જતા. તેઓ છેલ્લા ૨૫ વર્ષથી તો સારંગપુર પુષ્પદોલોત્સવમાં જરૂરથી પધારતા અને ભક્ત હૃદય તરીકે પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના રંગે રંગાતા.

૨૦૦૫માં ચારુતર વિદ્યામંડળના ૬૦મા વર્ષે, વિદ્યામંડળના પૂર્વ વિદ્યાર્થી ૭૦ સંતોના સન્માનનો સમારંભ યોજાયો હતો. તેઓને પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના સંતોનું ખૂબ ગૌરવ હતું. વયથી અને પ્રતિષ્ઠાથી ઊંચા હોવા છતાં તેઓએ દાસભાવે સ્ટેજ પર ૭૦ સંતોનો વ્યક્તિગત ચરણસ્પર્શ કરેલો. ખરેખર વંદન છે તેમના નિર્માનીપણાને!

૨૦૦૦માં આણંદની રોટરી કલબે તેમને 'ચરોતર રત્ન', ૨૦૦૧માં સરદાર પટેલ યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઓફ લેટર્સ' અને ૨૦૦૫માં આણંદ કૃષિ યુનિવર્સિટીએ (જેમાં હું ભણેલો) તેણે સી.એલ પટેલને 'D.Litt.' માનદ પદવીથી વિભૂષિત કરેલા.

આમ 'શિક્ષણ મહર્ષિ', 'ચરોતર રત્ન' તથા 'સત્સંગ રત્ન' એવા મુક્તરાજ શ્રી સી.એલ. પટેલે આદર્શ વ્યક્તિનો દાખલો બેસાડયો છે.

તેમણે પૂર્ણ વફાદારીથી, અત્યંત મમત્વથી, નિઃસ્વાર્થભાવે સેવા કરી પોતે ઘસાઈને ચારુતર વિદ્યામંડળને વિશેષ ઊજળું કર્યું છે.

ચારુતર વિદ્યામંડળના સેવાભાવી વર્તમાન અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ પણ આ સુવર્ણ વારસો આગળ વધારે ને શિક્ષણક્ષેત્રે વિદ્યાનગરને વિશ્વમાં ટોચ ઉપર પહોંચાડે એ પ્રાર્થના અને આશીર્વાદ છે.

(Head, BAPS Swaminarayan Sanstha)

# ડૉ. સી.એલ.પટેલ : એક સ્મરણાંજલિ

**બ્ર.કુ. જાગૃતિ બેન**

તારીખ ૨૭.૦૫.૨૦૧૮ ના રોજ ચારુતર વિદ્યામંડળના પૂર્વ ચેરમેન ડૉ. છોટુભાઈ પટેલે પોતાના પાર્થિવ શરીરથી મુક્તિ મેળવી અને એક બેહદની અગોચર યાત્રા પર આગળ વધ્યા.

બ્રહ્માકુમારીઝના પ્રારંભિક કાળની સંસ્થા સમાજમાં આધ્યાત્મિક મૂલ્યો પ્રતિ જાગૃત બને તે માટે અનેકવિધ કાર્યક્રમો કરતી અને તેમાં સમાજમાં મૂર્ધન્ય સ્થાન, આદરણીય સ્થાન ધરાવતી વ્યક્તિઓને ઉપસ્થિત રહી પ્રેરણા આપવા નિમંત્રણ આપતી. એવા જ એક કાર્યક્રમમાં એમણે ઉપસ્થિત રહી અને કાર્યક્રમ પૂરો થયે તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ અને તેની ઉપયોગિતાને અંતરમનથી સ્વીકાર કરી અમારા મુખ્યાલય માઉન્ટ આબુ પાંડવભવન તથા જ્ઞાન સરોવરની મુલાકાત લીધી.

અમારી સંસ્થા પાસે ભવન અને સભાગૃહની સુવિધા ન હતી. તેમણે અન્ય કોઈ સંસ્થાને ન આપવાના પોતાના ઈરાદામાં અપવાદ કરી છેક સુધી પોતાની સંસ્થાના સભાગૃહો અમને માત્ર મેઈન્ટેનન્સ ખર્ચ લઈ આપતા રહ્યાં અને વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓમાં મૂલ્યશિક્ષણની સેવાઓ આપવાની તકો પણ ઉપલબ્ધ કરાવતા રહ્યા.

જ્યારે જ્યારે પણ તેમને સંસ્થાના કાર્યક્રમોનું નિમંત્રણ અપાતું, ભાગ્યે જ એવું બન્યું હોય કે તેઓ રૂબરૂ ઉપસ્થિત ન રહ્યા હોય. એક વાર તો પોતાની કટોકટીપૂર્ણ ચૂંટણીની પૂર્વ સંધ્યાએ પણ તેઓ પોતે ઉપસ્થિત રહ્યા અને પોતાનો સહયોગ આપ્યો.

આદરણીય છોટુભાઈ સત્તાઓના સદુપયોગ માટે અને યુવાનો જેવા ઉમંગ ઉત્સાહ માટે જાણીતા હતા. તેઓ આવી પંચશક્તિઓના સમન્વય તરીકે પોતાની સેવાઓ બ્રહ્માકુમારીઝ સંસ્થાને નિરપેક્ષભાવે, કોઈ પણ પ્રકારના પ્રતિદાન વિના વિનમ્રતાપૂર્વક આપતા રહ્યા. મીઠો આગ્રહ રાખતા રહ્યા કે સંસ્થા સંસ્કાર સિંચનના કાર્યમાં એમની મદદે આવે – માત્ર કાર્યક્રમો થકી નહીં, સક્રિય રીતે કન્યાઓમાં સંસ્કાર સિંચન માટે. ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળ ચાલતી કન્યાઓની હોસ્ટેલો માટે તેઓ વિશેષ સચિંત હતા. અમને વારંવાર તેમની મીઠી ફરિયાદનો સામનો કરવો પડતો. તેમને એવો વિશ્વાસ હતો કે આ કામ બ્રહ્માકુમારીઝ સંસ્થા જ સુપેરે પાર પાડી શકશે. સ્વયં અલગ સંપ્રદાયના હોવા છતાં જ્યાં-જ્યાં સત્કાર્ય છે તેને મારો ટેકો છે એવા ભાવ સાથે તેમણે સંસ્થાને તેમના દ્વારા સંચાલિત અનેક સંસ્થાઓમાં મોકળા મને તકો આપી. એક વાર તો પોતાની સંસ્થાના ૨૫ થી વધુ સુકાનીઓ – આચાર્યોને, ૮ દિવસના મૂલ્યશિક્ષણની તાલીમ અપાવવા સંસ્થાના ખર્ચે માઉન્ટ આબુ ખાતે પણ મોકલ્યા હતા.

આવાં કાર્યોથી એમની ગુણગ્રાહી વૃત્તિ અને પોતાની સંસ્થાના આંતરિક કલેવરમાં ગુણાત્મક પરિવર્તન લાવવાની દૃષ્ટિ છલકાય છે. તેઓ ધાર્મિક-આધ્યાત્મિક, સંપ્રદાયો, પંથોના શાંતિપૂર્ણ સહઅસ્તિત્વમાં તેમજ પારસ્પરિક સહયોગ દ્વારા સમાજને આગળ લઈ જવાની વૃત્તિના જ્વલંત ઉદાહરણ હતા. આજે જ્યારે સમાજ પંથ, સંપ્રદાય, વાડાબંધી, પારસ્પરિક સ્પર્ધાના ભાવથી પીડાય છે તેમાં આવું વિરલ ચરિત્ર લીમડામાં એક ડાળ મીઠી જેવું પૂરવાર થાય છે.

સારપનો સ્વીકાર તેમનો મૂળમંત્ર હતો અને ઈશ્વરમાં શ્રદ્ધા અને ઈશ્વરીય સંસ્થાઓના પ્રદાનમાં તેમને અનન્ય વિશ્વાસ હતો. તેઓ મંચ પરથી અને મંચ બહાર અવાર નવાર કહેતા કે – અમારી વિદ્યાસંસ્થાઓમાં – ધાર્મિક-આધ્યાત્મિક સંસ્થાઓ, ઋષિઓ અને સાધુપુરુષોનો ગુપ્ત અને અનન્ય ફાળો છે. પોતાને નિમિત્ત સમજતા અને ખરું કામ તો તમે લોકો કરો છો તેમ કહેતા.

ન્યૂ વિદ્યાનગરની સ્થાપના અને તેના વિકાસ, તેમજ વલ્લભ વિદ્યાનગરની સંસ્થાઓની માવજતમાં તેમણે જીવનના અનેક વર્ષો સેવાઓ આપી. તેઓ સેલ્ફ-ફાઈનાન્સ શિક્ષણ સંસ્થાઓના સંગઠનના પ્રણેતા હતા. પણ આ બધી સિદ્ધિઓ સાથે તેઓ – એક વ્યક્તિ તરીકે જે છાપ મૂકી તેના પણ સાક્ષી છીએ.

મંચસ્થ મહાનુભાવોનો પરિચય આપતી વેળાએ એમનો જે-જે શબ્દોથી પરિચય અપાતો તે માટે તેઓ સ્વયં કહેતા – બહેન, આપ જે કહો છો, તે મારા માટે મારા જ વ્યક્તિત્વના સુષુપ્ત પાસાંઓને ઉજાગર

કરે છે અને મને પ્રેરણા આપે છે. સંસ્થા દરેક આગંતુકને એક સૂત્રાત્મક કાર્ડ આપે છે જેમાં પરમાત્મા દ્વારા ઉચ્ચારિત શબ્દો વરદાનની જેમ છપાએલા હોય છે. તેઓ એવાં કાર્ડ સાચવીને પોતાના ટેબલ પર રાખતાં.આ વરદાનકાર્ડ પ્રેરક બની રહેતાં. આજે પણ સંસ્થા દ્વારા અપાયેલ દૈનિક સુવાક્યો ચારુતર વિદ્યામંડળના કાર્યાલયને નૈતિક બળ આપી રહ્યાં છે.

એમના દેહત્યાગના ૨ દિવસ પહેલાં હું એમને મળવા ગઈ હતી. એમણે એમની વાચાને વિરામ આપી દીધો હતો. મુલાકાત કરાનારે કહી દીધું કે એમની સાથે વાતો નહીં થઈ શકે, તમારે જોવા હોય તો આવો, મેં રૂમમાં પ્રવેશ કર્યો, ઉપસ્થિત સૌ વ્યક્તિઓના આશ્ચર્ય વચ્ચે તેમણે પડખું ફેરવ્યું, પોતાના બન્ને હાથ નમસ્કાર મુદ્રામાં લાવ્યા ને કહ્યું, ઓમ્ શાંતિ જાગૃતિબેન શિવબાબાને કહો મને ઉપર બોલાવે. એમનામાં રહેલી આ આધ્યાત્મિકતા જ એમનું જીવન હતું.

આજે જ્યારે હું મારી સ્મરણાંજલિ આપી રહી છું ત્યારે મને તેમનો બહેનો માટેનો અનન્ય પ્રેમ સાંભરે છે. તેમની અમારામાં રહેલી શ્રદ્ધાની ઝાંખીના અનેકાનેક ઉદાહરણો નજર સમક્ષ આવે છે.

આવા ગુણગ્રાહી આત્માએ પોતાના અંત સમયે પણ લોકકલ્યાણની ભાવનાથી દેહદાનનો સંકલ્પ ચરિતાર્થ કરી સમાજમાં એક ઉદાહરણ મૂકતા ગયાં.

આવી આત્માઓ સ્થૂળ દેહથી વિદાય થાય છે તો પોતાના સૂક્ષ્મ દેહની વ્યાપકતામાં જવા માટે થાય છે. સમાજ તેમને તેમના અથાક પરિશ્રમ અને લોકકલ્યાણની ભાવના માટે દીર્ઘ કાળ માટે યાદ રાખશે. એ નિશ્ચિત છે.

હું સંસ્થા અને સંસ્થાના સમગ્ર પરિવાર તરફથી એમને મારાં શ્રદ્ધા સુમન અર્પિત કરું છું.

ઓમ્ શાંતિ

**ઈશ્વરીય સેવામાં, બ્રહ્માકુમારી જાગૃતિ, બ્રહ્માકુમારીઝ**

**(વલ્લભ વિદ્યાનગર ગ્રુપ સેવાકેન્દ્રો)**

*આણંદની તદ્દન નજીક વિદ્યાના ધામ એવા વિદ્યાનગરના સીવીએમમાં સતત ૨૯ વર્ષ ચેરમેનની સેવા આપી. આ વિદ્યાધામને વિશ્વમાં ચમકાવ્યું. રાજ્યમાં સેલ્ફ ફાઈનાન્સના પ્રણેતા, આધુનિક શિક્ષણની જ્યોત જલાવી શિક્ષણના ભામાસાની નામના મેળવનાર એવા અમારા ગામડી ગામનું ગૌરવ એવા, પોતાના અવસાન બાદ પણ પોતાનો દેહ વિદ્યાર્થીઓને દાન આપનાર એવા અમારા સૌના છોટુ કાકાને કોટિકોટિ વંદન!*

(ચેરમેન, સેક્રેટરી, ગામડી સેવા સહકારી મંડળી લી., ગામડી)

*ગામડી ગામના અગ્રણી નાગરિક અને ન્યુ વલ્લભ વિદ્યાનગરના નિર્માતા ડૉ.સી.એલ. પટેલના તા. ૨૭-૫-૨૦૧૮ને સોમવારના રોજ ૮૩ વર્ષની વયે થયેલ અવસાન બદલ મંડળીના ચેરમનશ્રી, વ્યવસ્થાપક કમિટિના સભ્યશ્રીઓ તેમજ કર્મચારીગણ ઊંડા શોક અને દુઃખની લાગણી અનુભવે છે.*

(ચેરમેન, ગામડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., ગામડી)

*ચારુતર વિદ્યામંડળના વિદ્યાપુરુષ-સાક્ષર વિદ્વાન શ્રી ડૉ. સી.એલ. પટેલ સાહેબના અવસાન બદલ અમો શોક અને આઘાત વ્યક્ત કરી તેના કલ્યાણ માટે ભાગવત ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. ગુજરાતમાં શિક્ષણની હરણફાળમાં સિંહ ફાળો ડૉ. શ્રી સી.એલ. પટેલ સાહેબનો છે. તેઓએ શિક્ષણનું ઉદારીકરણ કર્યું છે.*

(શાંતિભાઇ પુરોહિત, અધ્યક્ષશ્રી, ભાગવત મિશન ટ્રસ્ટ, રાજકોટ-૫)

# અધ્યક્ષશ્રી સ્વ.સી.એલ. પટેલનું સી.વી.એમ.માં પ્રદાન

**આર.પી. પટેલ**

વી.પી. સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ તરીકે હું નિવૃત્ત થયો હતો. તે પછી શ્રી એચ.એમ. પટેલ સાહેબે મંડળમાં મને સહમંત્રી તરીકે નીમ્યો હતો. આ સમયે શ્રી સી.એલ. પટેલ સહમંત્રી હતા. તેમનો એસ્ટેટ વિભાગ અને મારે શૈક્ષણિક વિભાગ ચા.વિ.મંડળમાં સંભાળવાના હતા.

શ્રી સી.એલ. પટેલે આ વખતે શાસ્ત્રી મેદાનને સુરક્ષિત કરવાની પહેલ કરી અને કેટલાક વિરોધ તથા કેટલીક અડચણો તેમણે પાર કરી ચારે બાજુ દિવાલ બનાવી.

ત્યારબાદ, બહેનો માટે ખૂબ જ જરૂરી હતી એક વધુ હોસ્ટેલની. મંડળમાં નાણાંભીડ હતી. છતાં અધ્યક્ષશ્રી પટેલ સાહેબની સંમતિ મેળવી અને બેઝમેન્ટમાં રસોડા સહિતની સરસ હોસ્ટેલ રાણક હોસ્ટલની બાજુમાં 'ગર્લ્સ હોસ્ટેલ'નો પ્રકલ્પ પૂરો કર્યો. થોડા સમય બાદ તેમણે સહમંત્રીપદ છોડ્યું હતું.

હું વી.પી. કોલેજનો પ્રિન્સિપાલ હતો ત્યારે મેં નટુભાઇ વી. પટેલ સાથે એપ્લાઇડ સાયંસ કોલેજ ચા.વિ. મંડળ હેઠળ સ્થાપવાની ચર્ચા કરી હતી. તેમણે આ માટે એચ.એમ. પટેલ સાહેબને પત્ર લખ્યો અને આવી કોલેજ સ્થાપવા રૂપિયા પંદર લાખનું દાન આપવા જણાવ્યું. પછી અમારી મીટીંગ મંડળમાં થઇ. તેમણે 'નટુભાઇ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયંસીઝ'ની દરખાસ્ત કરી સાહેબની અને મારી સહી કરાવી કરાર કર્યો હતો. મેં આ અનુસારની કૉલેજ માટે સ.પ. યુનિ.માં જોડાણની પ્રક્રિયા શરૂ કરી હતી. એલ.આઇ.સી.એ મંજૂરી આપી અને તે માટે સેનેટને ભલામણ કરી હતી, તે પ્રમાણે જોડાણની કાર્યવાહી થઇ. ૧૯૯૦ના ડીસેમ્બરમાં હું નિવૃત્ત થયો, મંડળમાં સહમંત્રી થયો પછી યુ.એસ.એ. જવાનું થતાં મંડળ છોડ્યું. તેથી એન.વી.પાસનું કાર્ય અટકી ગયું.

શ્રી સી.એલ. પટેલ અધ્યક્ષ બન્યા પછી નટુભાઇ તેમને આ કોલેજ શરૂ કરવા મળ્યા હતા. શ્રી સી.એલ. પટેલે નટુભાઇ પાસે રૂપિયા એક કરોડનું દાન આપવા દરખાસ્ત કરી. નટુભાઇએ એક કરોડનું દાન આપવાનું સ્વીકાર્યું અને 'નટુભાઇ વી. પટેલ કોલેજ ઓફ એપ્લાઇડ સાયંસીસ'-એનવીપાસ- સ્વનિર્ભર કોલેજ તરીકે શરૂ કરી. આ નવા પ્રકારની કૉલેજ ગુજરાતભરમાં સ્થાપવાનું તેમનું કાર્ય દાદ માગી લે તેવું ગણાય. મારું સ્વપ્ન અને મંડળનો કરાર આ રીતે સાકાર થયો- તે શ્રી સી.એલ. પટેલને હું અભિનંદન આપું છું. યુએસએથી ૧૯૯૬માં હું પરત આવ્યો ત્યારે તેમને હું મળવા ગયો ત્યારે કહ્યું કે નટુભાઇને આ માટે સમજાવવું કઠિન કામ હતું. આ બાબત મંડળને વિકસાવાની તેમણે ધગશ દર્શાવે છે. અદ્‌ભુત કહેવાય. પછી તો તેમણે અનેક સંસ્થાઓ સ્થાપી. વળી જમીન મેળવી 'ન્યૂ વલ્લભ વિદ્યાનગર'નું નિર્માણ કર્યું. શાબાશ સી. એલ. પટેલ.

સ્વ. ભાઇકાકાને મંડળના શરૂઆતના વર્ષોમાં કેટલાક લોકો પૂછતા હતા કે આપનું આવું મંડળ અને કાર્ય સંભાળવા અને આગળ વધારવા કાર્યકર મળશે ખરા? ત્યારે ભાઇકાકા વિશ્વાસપૂર્વક જવાબ આપતા હતા કે આ ચરોતર ભૂમિમાં આવા સમર્થ કાર્યકર છે અને આ કામ જરૂરથી સંભાળશે જ.

સાચેજ તેમનો આ વિશ્વાસ 'સ્વ.એચ.એમ. પટેલ સાહેબે અને સ્વ.સી.એલ. પટેલે' સાચો ઠેરવ્યો છે. આજે આજ કાર્ય સંભાળી શકે અને ચા.વિદ્યામંડળને નવાં સોપાન સર કરાવી શકે તેવા મંડળના અધ્યક્ષ તરીકે એન્જિનિયર ભીખુભાઇ બી. પટેલ' ચૂંટાયા છે. તેઓ સેવાભાવી અને સમર્થ વ્યક્તિ છે. ચારુતર વિદ્યામંડળ આ માટે સદ્‌ભાગી છેકે ભાઇકાકાનો વિશ્વાસ સાચો ઠેરવે એવા અધ્યક્ષ હાલ મળ્યા છે.

૧૯૫૩માં વી.પી. કૉલેજમાં ફિઝીક્સના અધ્યાપક તરીકે જોડાયો ત્યારથી મંડળની અનેક પ્રવૃત્તિમાં હું સંકળાયેલ રહ્યો છું તેથી ઉપરોક્ત બાબતોનો સાક્ષી છું.

ચા.વિ. મંડળની જય હો.

(પૂર્વ માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)



## સાંબેલું વગાડે તે શૂરો

**શનુભાઇ એમ. પટેલ**

સને ૧૯૯૪ પછી શ્રી એચ.એમ. પટેલ સાહેબના દેહ વિલય પછી શૂન્યાવકાશ સર્જાયો હતો. શ્રી પટેલ સાહેબની પ્રતિમા સામે ટકી શકે એવી કોઇ વ્યક્તિ નજરોમાં આવતી ન હતી. એ અરસામાં પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ વિદ્યાનગરમાં પધારેલા. તેમની પાસે આ વાત આવી. તેઓશ્રી કહે, કોઇ યોગ્ય પ્રામાણિક અને નિષ્ઠાવાન વ્યક્તિ મળે તો સારું, તેમણે તે સમયના ચારુતર વિદ્યામંડળના ઉપ-પ્રમુખ શ્રી નાનુભાઇ અમીનને ફોન કરી વાતચીત માટે વિદ્યાનગર બોલાવ્યા. શ્રી નાનુભાઇએ વાત સાંભળી ને કહ્યું, ''આ ઘણી મોટી જવાબદારીનું કામ છે, આ પૂર્ણ સમયની જવાબદારી છે. એટલે આ જવાબદારી હું સંભાળી શકું, સમય આપી શકું, તેમ નથી''. તેમની ના થતાં પછી સ્વામીશ્રીએ શ્રી સી.એલ. પટેલ સાહેબને આ જવાબદારી ઉપાડવાની આજ્ઞા કરી.

તેમણે ૧૯૯૪માં ચેરમેનની ઉમેદવારીનું ફોર્મ ભર્યું. સાથે અન્ય બે વ્યક્તિઓએ પણ વિચાર કરેલો. એટલે ચૂંટણી આવી. પણ ચૂંટણીના નજદીકના દિવસોમાં જ બન્ને મહાનુભાવોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતાં, શ્રી સી.એલ. પટેલ સાહેબ ચેરમેન તરીકે ચૂંટાઇ આવ્યા.

શરૂઆતના વર્ષોમાં મંડળની નાણાંકીય પરિસ્થિતિ સારી ન હતી. રોજિંદા ખર્ચ માટે તેઓ પોતાના ૫૦,૦૦૦ રૂા. ઘેરથી લઇ આવતા અને આમ ૪૨ દિવસ ચાલ્યું. પછીથી તે રકમનું દાન ગણી બીવીએમ કોલેજ પાસેના ગેસ્ટહાઉસ સાથે તેમનું નામ જોડવામાં આવ્યું.

નાણાંકીય સ્થિતિ સુધારવા રૂા. ૨૦ની એન્વાર્યમેન્ટ ફી સી.વી.એમની સંસ્થાઓમાં પ્રવેશ લેતા દરેક વિદ્યાર્થી પાસેથી લેવાનું નક્કી કર્યું. બીજેવીએમના આચાર્ય તરીકે મને પૂછ્યું મેં જણાવેલ કે દરેક વિદ્યાર્થી પાસેથી ફરજિઆત વસૂલાત યોગ્ય નહીં ઠરે, કદાચ વિરોધ પણ થાય. મને કહે, ''વિદ્યાર્થીઓને સમજાવવાના''. અને આમ રોજિંદા ખર્ચ સામે આવકની જોગવાઇની શરૂઆત કરી. પોતે જીઇબીમાં ૨૦ વર્ષ જેટલી સેવા બજાવેલી, તેના કારણે ઓળખાણો, સામાજિક સંબંધો, બહોળો મિત્ર વર્ગ, સ્નેહીઓ પરદેશમાં સ્થાયી થયેલા લોકો સાથે ફોન ઉપર, રૂબરૂ, મિત્રો દ્વારા દાન અંગે અપીલો થતાં નાનાં મોટાં દાનનો પ્રવાહ શરૂ થયો. પ્રયોગશાળાઓની સજ્જતા, નવા નવા અભ્યાસક્રમો માટે પરદેશના પ્રવાસ પણ કર્યા. અને જૂની દરેક કૉલેજમાં લાઇબ્રેરી, પ્રયોગશાળાઓ, કોમ્પ્યુટર સેન્ટર વગેરે જરૂરિયાતો પૂરી કરી.

તે અરસામાં સારા યે ગુજરાતમાંથી એન્જિનિયરીંગના અભ્યાસ અર્થે અન્ય રાજ્યો- મહારાષ્ટ્ર, કર્ણાટક, ચેન્નાઇ જવાની કૉલેજોમાં વિદ્યાર્થીઓ ઊંચી ફી, દાન વગેરે આપીને ભણવા જતા. પૈસા ખર્ચવા છતાં અભ્યાસકીય સુવિધા કે રહેવા- જમવાની અનુકૂળતાવાળું વાતાવરણ ત્યાં મળતું ન હતું. આ વાત ધ્યાનમાં રાખી તેમણે ગુજરાતમાં ખાનગી ક્ષેત્રે સૌ પ્રથમ એન્જિનિયરીંગ કૉલેજની સ્થાપના કરી. ખાતવિધિના દિવસે જ સવારમાં પરદેશના દાતાની દાન માટે ના આવી. પોતે ના હિંમત ન થતાં ખાતવિધિ પૂર્ણ કરી. પછી વડોદરા સ્થિત શ્રી ગોરધનભાઇ હાથીભાઇ પટેલનો સંપર્ક કરી રૂપિયા ત્રણ કરોડના દાન માટે સંમત કરી જીસેટ શરૂ કરેલી.

વિપરીત સંજોગોમાં પણ સ્વામીશ્રીના બળે હિંમત રાખીને શરૂ કરેલી આ કૉલેજ ભારતના નકશામાં સ્થાપિત થઇ ચૂકી છે. પછી જે એક સાયન્સ કૉલેજ બંધ થઇ ગયેલી તે અંગે વિચાર કરીને નવી સાયન્સ કૉલેજ એનવીપાસની સ્થાપના કરી તેમાં નવીનતમ અભ્યાસક્રમો દાખલ કરી. આજે આ કૉલેજ વિજ્ઞાન અને સંશોધનના ક્ષેત્રે આગળ પડતી બની ગઇ છે.

વિદ્યાનગરમાં નવી નવી કૉલેજો માટેની જગાની તૂટ પડતાં તેમણે ન્યૂ વિદ્યાનગર કેમ્પસ માટે બજારભાવે જમીનો મેળવી અને ત્યાં પણ ઘણી બધી કૉલેજો, સ્ટાફ ક્વાર્ટર્સ, હોસ્ટેલ્સ, આયુર્વેદિક કૉલેજ અને હોસ્પિટલની પણ સ્થાપના કરી છે.

માજી મંત્રી ડૉ. ગોરધનભાઇ સાહેબ કહેતા, ‘સી.એલ.ના હાથમાં પદ્મ છે, એટલે રૂપિયા મળતા જ જાય છેજ’ પણ તેમાં તેમની પ્રમાણિકતા, પારદર્શિતા નિષ્ઠાભરી સેવા-ભાવના અને સંબંધોની જાળવણીનું પરિણામ જોવા મળે છે.

તેમની સાથે કામ કરવાનો મને ૮ વર્ષ મોકો મળેલો. પોતે આગવું વિચારે, પોતાના વિચાર સેક્રેટરીઓ પ્રિન્સિપાલો કે ગર્વનીંગ બોડીમાં મૂકે પણ કરવાનું તો પોતે નક્કી કર્યું હોય તે પ્રમાણે જ. આમ ‘ડગલું ભર્યું કે ના હઠવું’ એ નિયમાનુસાર કામ કરતા. બે એક પ્રસંગો હજુ રજૂ કરું છું.

એકવાર ઇલસાસ કોલેજ શરૂ કરવાનું જોડાણ વગેરે મેળવી લઇને પછી મને એક દિવસ પૂછે છે, ‘કેમ ઇલસાસ કૉલેજ શરૂ કરીશું ને?’ મેં તો જણાવ્યું કે, આર્ટ્સની કૉલેજ, અંગ્રેજી માધ્યમમાં અને તેમાંયે રૂા. ૩૦,૦૦૦ની ફી. (અને આમેય તે અરસામાં આર્ટ્સમાં પ્રવેશ મેળવનારની સંખ્યા ઘટતી ગયેલી) જરા, નિરાશાજનક વાત કરી. તેઓ અજબ હિંમતથી કહે, ‘વાંસળી તો સૌ કોઇ વગાડે, સાંબેલું વગાડે તે શૂરો અને તેમણે ચાલુ કરી જ. આજે તેના કાર્યક્ષમ પ્રિન્સિપાલની દોરવણી હેઠળ તે કૉલેજ પણ પ્રતિ વર્ષ પ્રગતિ કરી રહી છે.

છેલ્લા થોડા વર્ષોમાં સાતમા પગારપંચના ભારણમાં તેમણે બધી જ કૉલેજોમાં સારી એવી ફી વધારેલી. મને તો જ્યારે તક મળે ત્યારે મારી અસંમતિ દર્શાવતો. કારણ પ્રિન્સિપાલને પણ આ ફીમાં સંખ્યા મેળવવી કઠિન લાગતું હતું. એક દિવસ તેમણે પ્રિન્સિપાલોની ખાસ સભા બોલાવી જણાવ્યું કે, શનુભાઇ એમ કહે છે કે પ્રિન્સિપાલોને આ ફી વધારે લાગે છે, તો તમે તમારી કૉલેજના પગાર, વગેરે ખર્ચ કાઢવા શું વિચારો છો? એકાદ પ્રિન્સિપાલ કંઇક બોલ્યા, પણ અલેખે ગયું અને બધાને પરાણે સંમત કર્યા.

આમ પોતે અડગ મનના, કૃતનિશ્ચયી, હંમેશાં મંડળની આર્થિક, શૈક્ષણિક સર્વ પ્રકારે પ્રગતિ થાય, કોઇપણ ઠેકાણે શિક્ષણમાં ઉણપ ન રહે, સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સ્ટાફ-પ્રોફેસર્સ, લેકચરર્સ, શિક્ષકો વગેરેની ભરતી થાય, ગેરરીતિ આચરનાર કોઇપણ પ્રિન્સિપાલ, પ્રોફેસર્સ કે બિન શૈક્ષણિક સ્ટાફ હોય તો તાત્કાલિક રીતે છૂટા કરી દેવા વગેરે મુદ્દાસર શૈક્ષણિક જગતની ભારે સેવા કરીને પોતે આ લોકમાંથી વિદાય લીધી.

નવા વરાયેલા ચેરમેનશ્રી ભીખુભાઇ પટેલ પણ બાહોશ ઇજનેર, મિતભાષી અને કાર્યનિષ્ઠ સદ્ગૃહસ્થ સાંપડ્યા છે. આવતાની સાથે જ મંડળ સાથેની આત્મીયતાના પ્રતીક રૂપે રૂપિયા એક કરોડના દાનની જાહેરાત કરી છે. સાથે જ નવા વરાયેલા માનદ સહમંત્રી શ્રી મેહૂલ પટેલ પણ એમ.બી.એ. થયેલા છે. ધંધા-વેપારનો અનુભવ છે. તેમના કુટુંબ તરફથી પ્રોફેસર દિનેશભાઇ પટેલ- ડી.સી. પટેલ તરફથી પણ રૂપિયા પચાસ લાખના દાનની જાહેરાત થઇ છે. આમ મંડળને નવા હોદ્દેદારો પણ ઊંચી ઊંચાઇએ લઇ જશે જ. સાથે જૂના અનુભવી મંત્રીશ્રીઓની સેવા તો ચાલુ જ છે. તેઓ સર્વએ સાથે મળીને સદ્ગત શ્રી સી.એલ. પટેલ સાહેબનું યોગ્ય સ્મારક (સ્ટેચ્યુ) નવા વિદ્યાનગર ખાતે સ્થાપવાનું નક્કી કરી સાચે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ આપેલી છે.

(પૂર્વ માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

આપણે તક્ષશિલા અને નાલંદાના યુગની વાત કરીએ તો આપણે કેમ્બ્રિજ, ઑક્સફોર્ડ, હાવર્ડ કે એમ.આઇ.ટી.ને પણ ધ્યાનમાં રાખવી પડે. માટે જે જવાબદારી આપણે શિરે છે તેમાં એક બાજુ તક્ષશિલા અને નાલંદાની અને બીજી બાજુ ઑક્સફોર્ડ, કેમ્બ્રિજ, હાવર્ડ અને એમ.આઇ.ટી.નો ખ્યાલ છે. અમારે એ વચ્ચે સેતુ (બ્રિજ) તરીકે કામ કરવું પડે. જેઓને ખરેખર પોતે પ્રાપ્ત કરેલું જ્ઞાન પોતાના માટે અને લોકો માટે વાપરવાનું છે, તેમણે તક્ષશિલા અને નાલંદાને અનુરૂપ જ્ઞાન પ્રાપ્ત કરવું જ પડે. જેમણે પોતાની પ્રગતિ પોતાના માટે જ કરવી છે તેમણે ઑક્સફોર્ડ, કેમ્બ્રિજ, હાર્વર્ડ કે એમ.આઇ.ટી.ના આદર્શને અનુસરવો પડે એવો અમારો દૃઢ મત છે. એટલા માટે આ બંને પદ્ધતિઓ એકબીજાને પૂરક થાય તેવી રીતે દેશ અને દુનિયામાં કાંઇક કરી શકાય તેવા જ્ઞાનના પ્રદાન અને વિસ્તાર માટે અમારો નમ્ર પ્રયાસ છે.

(સાભારઃ મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)



## Leadership Journey and A Few Lessons to Learn

**Nikhil Zaveri**

One of the greatest things about leadership is that different situations demand different factors on leadership. Organisations encounter a variety of leadership qualities across its time spectrum over the years of their existence. Usually factors like integrity, honesty, sincerity, effective communication and impact as a part of fundamental qualities of a good leader are seen. These are all incredible qualities of a leader, but I am going to share something I believe has made me to think a good leader putting people ahead of oneself, i.e., inexhaustible qualities - peripheral but essential, so they are limitless, and can add to the list as per the situation.

In general, as a leader it is all about "me". "I" had a title and that is all "I" needed. It means "my" title everyone would follow "me" and respect "me". However leadership is something needed to work hard at. John Maxwell, in his book "Everyone Communicates, Few Connect" writes, "When we learn to turn our focus from ourselves to others, the whole world opens up to us."

And, this was the beginning of an era in the year 1994, when Dr C L Patel started connecting more than communicating as a new leader of Charutar Vidya Mandal. The journey of his leadership started with connecting with people in the surrounding villages, and he went on a resounding success. His journey as a leader gives a few learning milestones to follow which I have summarized upon my observations over the years, which are I have mentioned above as inexhaustible qualities.

- **Your people, Your success.** His focus was on developing them, helping them to succeed, and watching them to grow. He always meant when his team members are successful, it is his reflection as a leader. He worked hard on his team. He was a firm believer of human capital was his biggest asset. He often reiterated that he would have failed without them.
- **Appreciate and acknowledge team.** He very well knew that everyone wants to be valued, and it was his critical quality as a leader to give credit and recognition to his team for the implausible things they were doing. His generosity was reflected while recognizing his team. He often said that bring recognition into the routine of your team. He would say, "My army fights, and I get the credit, but they deserve the real appreciation", which constantly infused motivation into the team.
- **Understand your team.** He would always say that don't just try to know your colleagues, but understand them. Give time to them as you give time to your family because they are your other family. That was the message which was on and often conveyed by him. He encouraged heads of institutions to know their hopes and dreams, and support them in the process. Such "work philosophy" increased the respect for him as a leader.
- **Leave your bias at the gate.** He was a propagator of using strength of people in the team rather than focusing on

weaknesses. He would encourage all to have people on the project or event who have significant talent or potentialities for such activities. One of the biggest compliments he can receive as a leader is his strong belief to have one of your people move on to a better opportunity without disturbing the set-up.

- **Empower your guys.** Give opportunities to shine rather than overlooking their abilities. Gain new knowledge and skills has always remained his mantra. Allow one of your team to take on. He would say making them empowered would make them confident and help them strive for over-the-top goals.
- **Beads- in- the- string.** His sharp focus on team leading was seen in his belief that beads on the floor should be tied in a string. Let the people remain oriented in the same zeal, vigour, mission, and vision. He would say his task was brining those "beads" into one string. Let them share the same thought, vision and commitment.

Leadership is a flair, knack and talent. You can destroy the solidity of your team if you fail to value them. When you put the society's needs and interests before your own, you become a more successful leader. That is what happened in the case of Dr C L Patel. He set aside his own interest in favour of the community need. It is well said that "If your actions inspire others to dream more, learn more, do more and become more, you are a **leader**." His contribution to education will be remembered and revered by many generations in the years to come.

(Director-General, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar)

*ડૉ. સી.એલ. પટેલ, ચરોતર રત્ન અને બીજા અનેક એવોર્ડોથી નવાજાયેલા અમારા ફોરમના ખૂબ જ નામાંકિત લાડીલા સભ્ય હતા, તેમના અવસાનથી ફોરમનો તેમજ ચારુતર વિદ્યામંડળ તથા વણસોલ સત્યાવીશ પાટીદાર સમાજને મોટી ખોડ પડી છે.*

(સીનીયર સીટીઝન ફોરમ
પણસોલ સત્તાવીસ પાટીદાર સમાજ)

*ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગરના શ્રી સી.એલ. પટેલ સાહેબના દુ:ખ અવસાનથી વિદ્યાક્ષેત્રે તેઓની ખોટ લાગશે. પ્રભુ તેઓના આત્માને ચિર શાંતિ આપે તેવી અમો સર્વે પ્રાર્થના કરીએ છીએ.*

(અશોકભાઈ વી. પટેલ, ચેરમેન, ધી ધર્મજ પીપલ્સ
કો-ઓપરેટીવ બેન્ક.લી., ધર્મજ)

*ચારુતર વિદ્યામંડળના પૂર્વ પ્રમુખશ્રી ડૉ. સી.એલ. પટેલના દુ:ખદ સમાચારથી અમે વ્યથિત બન્યા છીએ. સદ્ગતના આત્માની મોક્ષગતિની પ્રાપ્તિ માટે અમો પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.*

(લલિતભાઈ મહેતા, મેનેજીંગ ટ્રસ્ટી,
વ્યવસાયી વિદ્યા પ્રતિષ્ઠાન, રાજકોટ)

*છ ગામ પાટીદાર મંડળ, અમદાવાદ તથા ભારત પાટીદાર સમાજના સૌ સભ્યો સ્વ. ડૉ. સી.એલ. પટેલના દુ:ખદ અવસાનથી ઊંડા દુ:ખની લાગણી અનુભવે છે. સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે એ જ અમારા સૌની હૃદયપૂર્વકની પ્રભુને પ્રાર્થના છે.*

(કિરીટભાઈ આર. પટેલ, મંત્રી, ભારત પાટીદાર
સમાજ અને કૌશિકભાઈ એસ. પટેલ, મંત્રી, છ ગામ
પાટીદાર મંડળ, અમદાવાદ)



# ડૉ. સી.એલ. પટેલને શબ્દોરૂપી ભાવાંજલિ

**બી.જી. પટેલ**

ડૉ. સી.એલ. પટેલ ૧૯૮૮ના અંતમાં માનદ્ સહમંત્રી તરીકે ચારુતર વિદ્યામંડળના એસ્ટેટ વિભાગમાં જોડાયા. ૧૯૯૪થી લઈને ૨૪ વર્ષ સુધી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે સંનિષ્ઠ સેવાઓ બજાવી અને તારીખ ૨૭-૦૫-૨૦૧૮ના રોજ અક્ષરનિવાસી થયા. મારા શબ્દોમાં કહું તો ડૉ.સી.એલ. પટેલ એટલે પ્રેરક, ગતિશીલ પ્રતિભા ધરાવતી વ્યક્તિ. ૧૯૯૪ પછીનો તબક્કો એટલે વિદ્યાનગરના શિક્ષણ વિકાસનો એમના નેતૃત્વ હેઠળનો ત્રીજો વિકાસ તબક્કો. શિક્ષણનો વિકાસ અને અનેક મુશ્કેલીઓ વચ્ચે સતત માર્ગ શોધતા રહેવાની મથામણનો તબક્કો. સમયની માંગને લક્ષમાં રાખીને તેમના નેતૃત્વ હેઠળ વલ્લભ વિદ્યાનગરમાં સ્વનિર્ભર ઉચ્ચ શિક્ષણની ઘણી બધી ધ્યાન આકર્ષક સંસ્થાઓ સ્થપાઈ. જેવી કે સિકાર્ટ, આઈસ્ટાર, એનવીપાસ, જીસેટ, સેમકોમ, ઈલસાસ, વેમેડ, સરદાર પટેલ રિસર્ચ સેન્ટર વગેરે, ઉપરાંત વિશ્વકક્ષાના ઘણાં બધા અભ્યાસક્રમો જેવા કે કેમિકલ એન્જિનિયરીંગ, મેકેટ્રોનીક્સ, ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ, ફૂડ પ્રોસેસીંગ એન્ડ ટેક્નોલોજી, એન્વાયરમેન્ટલ સાયન્સ, ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન એન્ડ સેફટી, વેલ્યુએશન ઈન રીઅલ એસ્ટેટ, રીઅલ એસ્ટેટ એન્ડ પ્લાન્ટ મશીનરી, આયુર્વેદિક મેડીસીન અને સોલાર એનર્જી જેવાં વિશ્વકક્ષાનાં ઘણાં બધા અભ્યાસક્રમો દાખલ કર્યા. હાલમાં પ્રિ. પ્રાથમિકથી પોસ્ટ ગ્રેજ્યુએટની કુલ ૪૫ થી વધારે સંસ્થાઓ અને ૩૫ હજારથી વધારે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના સમાવેશ સાથે કાર્યરત છે. ૧૯૯૧-૯૨ના સમયમાં શિક્ષણમાં શરૂ થયેલા ખાનગીકરણનો મહત્તમ લાભ તેઓએ લીધો. વિદ્યાનુરાગ અને વાસ્તવદર્શી અભિગમથી સમસ્યા ઉકેલવાની તેમની આગવી કોઠાસૂઝ, દૃઢ મનોબળ, પારદર્શિતા, નિષ્ઠા, સરળ સ્વભાવ અને બધાના સહકારથી ચારુતર વિદ્યામંડળ વિદ્યાકીય ક્ષેત્રે ઝડપથી વિકાસ કરી શક્યું.

ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપકોએ કલ્પના પણ નહીં કરી હોય કે ફક્ત ૫૦ વર્ષ જેટલા સમયગાળામાં જ વલ્લભ વિદ્યાનગરમાં શિક્ષણની નવી સંસ્થાઓ સ્થાપવા માટે જગ્યાની સમસ્યા ઊભી થશે. ડૉ.સી.એલ. પટેલે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના વલ્લભવિદ્યાનગરથી ન્યૂ વલ્લભ વિદ્યાનગર સુધીની યાત્રાનો નવો નકશો કંડાર્યો. આ કામ કઠીન જ નહી અતિ મુશ્કેલ હતું. જેને પણ તેઓ વિના વિઘ્ને પૂર્ણ કરી શક્યા અને એન્જિનિયરીંગ, ફાર્મસી, વુમન એન્જિનિયરીંગ, એરીબાસ, આયુર્વેદ કોલેજ, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, આર્કિટેક્ટ, હોસ્પિટાલીટી-ટુરીઝમ વિગેરે જેવી ૧૦ કોલેજો સ્થાપી અને હોસ્ટેલો પણ શરૂ કરી, અનુદાન લાવવાની સ્વનિર્ભર સંસ્થાઓના પ્રોજેક્ટ હાથ પર લીધા પછી સમયસર પૂરા કરવાની તેમની પ્રબળ ઈચ્છા, ખંત અને કુનેહ દાદ માંગી લે તેવા હતાં.

શિક્ષણમાં શ્રેષ્ઠતા-એકસલન્સ પર હંમેશા ભાર મૂકતા. 'થિંક ગ્લોબલી એક્ટ લોકલી' મંત્રને સાર્થક કરતાં રહ્યાં. ઉચ્ચ શિક્ષણની સાથે સાથે તેઓ હંમેશા સંશોધનાત્મક પ્રવૃત્તિને પણ ખૂબ જ ઉત્તેજન આપતા રહ્યાં. સિકાર્ટની સ્થાપના તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણી શકાય.

તેઓ વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વ વિકાસ સાથે ચારિત્ર્યના વિકાસ પર પણ એટલો જ ભાર મૂકતાં. વિદ્યાર્થીઓમાં શિક્ષણ દ્વારા જીવન મૂલ્યોની સુગંધ પ્રસરાય તેના હિમાયતી હતા. ચારુતર વિદ્યામંડળના બધા જ કાર્યક્રમો, કોન્ફરન્સ, વાર્ષિકોત્સવ વગેરેમાં અચૂક હાજરી આપી વિદ્યાર્થીઓ, અધ્યાપકો, પ્રાધ્યાપકોને પ્રોત્સાહિત કરે. તેઓ વલ્લભ વિદ્યાનગરમાંની ટ્યૂશનની બદીને ભલે બિલકૂલ નહીં તો મહદઅંશે અંકુશમાં લાવવા માટે સફળ થઈ શક્યા. સંસ્થાના પ્રશ્ન માટે અનેકવાર મળવાનું થાય, મહદ્અંશે સંવાદ એક તરફી જ હોય પણ પ્રશ્નોના ઉકેલ તુરત શોધી આપે, મદદ કરવામાં પાછી પાની ન કરે પણ જો કામ ધારણા પ્રમાણે ન થાય તો બળાપો સાંભળવાની તૈયારી રાખવી પડે. સંસ્થાઓના અપ્રુવલમાં મોડું થાય તો જાતે દિલ્હી, ભોપાલ જઈને તપાસ કરે. આટ આટલી જવાબદારીઓ હોવા છતાં તેમને કામના બોજ નીચે દબાઈ જતા જોયા નથી.

બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટીંગ નવીનતમ અભિગમ સાથે ચલાવે, સંસ્થાના વિભાગના દરેક વડા પાસે વિભાગને લગતા વિકાસના પ્રેઝન્ટેશન કરાવે,લાઇબ્રેરીમાં આવતા જર્નલનો નિયમિત ઉપયોગ થાય છે કે કેમ તે પણ વાતવાતમાં જાણી લે. સંશોધનો થાય, સારી જર્નલોમાં પ્રસિદ્ધ થાય એટલાથી સંતોષ માને નહીં પણ પ્રાધ્યાપકો પેટન્ટ મેળવીને નવા જ્ઞાનને સુરક્ષિત કરે તેવો આગ્રહ પણ રાખે. મિટીંગમાં બરાબર તૈયાર થઇને જવું પડે માહિતી ટીપ ઓફ ધ ટંગ હોવી જોઇએ નહીંતર બધાની વચ્ચે જ તતડાવી નાખે છતાં કોઇને અપમાનનો ભાવ ના લાગે કારણ કે સાથે સાથે હૂંફ અને લાગણી વરસાવતા જાય. વિદ્યાર્થીઓના રિઝલ્ટ અને શિક્ષણના સ્તરની કાળજી લેવાનું કહે. શ્રી ભાઇકાકા નાલંદા-તક્ષશિલાની વાતો કરતા, ડૉ. એચ.એમ. પટેલ કેમ્બ્રીજ અને ઓક્સફર્ડને યાદ કરતા જ્યારે ડૉ.સી.એલ. પટેલ હાર્વડ અને એમ.આઇ.ટી. જેવા શિક્ષણની ખેવના રાખતા.

એ.આર. કૉલેજ ઓફ ફાર્મસીના આચાર્ય તરીકે, આઇસ્ટારના ડાયરેક્ટર તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીમાં સેનેટ-સિન્ડીકેટ સભ્ય તરીકે તેઓની સાથે નજદીકથી કામ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ચારુતર વિદ્યામંડળ સાથેનો આશરે ૩૦ વર્ષનો મારો નાતો અને મુરબ્બી ડૉ.સી.એલ. પટેલ સાહેબ સાથે ૨૧ વર્ષ સુધી કામ કરવાના મળેલા મોકા દરમિયાન અનેક જવાબદારીઓ સંભાળતા સંભાળતા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિપદ સુધીની મારી યાત્રામાં એમની પ્રેરણા, આશીર્વાદ, અપાર સ્નેહ અને દોરવણી હંમેશાં મળતા રહ્યા, જેને મારા જીવનનું મોટું સદ્‌ભાગ્ય સમજુ છું.

વ્યક્તિઓની પ્રતિભા પારખવાની, તેમની શક્તિઓની મર્યાદાઓને માપવાની, માનવીય સંબંધોને પોષવાની, ઉછેરવાની, તેનું જતન કરવાની અને અનેક વિસંગતતાઓ વચ્ચે તેને જાળવી રાખવાની ઊંડી અને અદ્‌ભૂત કુનેહ મે્ નજદીકથી નિહાળી છે. નકારાત્મક વાતો તેમને બિલકુલ પસંદ નહીં, પડકારો ઝીલી લે તેવી ડેશિંગવાળી વ્યક્તિઓ એમને બહુ ગમે. કોઇપણ સમયે, કોઇપણ વ્યક્તિ કોઇ જાતની એપોઇન્ટમેન્ટની ફોર્માલીટી કે સંકોચ વિના એમની ઓફિસમાં કે ઘરે મળી શકે. સમય ફાળવવામાં બિલકુલ ઉદાર, ફોનથી કામ પતતું હોય તો રૂબરૂમાં ના બોલાવે. એમનામાં રહેલા પોઝીટીવ એટીટ્યુડને કારણે નિરાશા એમની પાસે ફરકવાનું નામ પણ ના લે. એમના ગંભીર અને કડક મુખવટા હેઠળ એક અપાર કરુણા ધરાવતો ચહેરો મેં નજદીકથી નિહાળેલો. યુવાનોને શરમાવે તેવી સ્ફુર્તિથી હંમેશાં તરબોળ જોવા મળે. વિચારોની સ્પષ્ટતા, પરિસ્થિતિનું તટસ્થ મૂલ્યાંકન કરવાની એમની ગજબની સૂઝ હતી. કોઇની સાડાબારી નહીં, રોકડું પરખાવી દે, સ્વભાવમાં અસલ ચરોતરી પાટીદાર, ગોળ-ગોળ વાત બિલકુલ ફાવે નહીં. સમયપાલનના પાક્કા, ખોટા સમાધાનો કરવામાં બિલકુલ ના માને, ટૂંકમાં કહીએ તો તેઓ શિક્ષણના માણસ નહોતા પણ નખશીખ સંપૂર્ણપણે શિક્ષણને સમર્પિત રહ્યા. તેઓને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં પૂજ્યભાવ અને ગજબનીશ્રદ્ધા કોઇનું નાનું કામ થાય તો પણ એને ગુરુના ચરણે ધરે.

ડૉ.સી.એલ. પટેલને ચરોતરરત્ન, શાલીન માનવરત્ન અને સરદાર પટેલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલાં, સરદાર પટેલ યુનિવર્સિટી અને આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી દ્વારા અનુક્રમે ડૉક્ટર ઓફ લેટર્સ અને લિટરેચરની માનદ પદવીઓથી નવાજવામાં આવેલ જે એમની બહુમુખી પ્રતિભાના દર્શન કરાવે છે.

પૂજ્ય ભાઇકાકા-ભીખાભાઇની જોડીએ વલ્લભ વિદ્યાનગરમાં શિક્ષણનુ ંસંવર્ધન કર્યું. શ્રી એચ.એમ. પટેલસાહેબે એને નવી ઊંચાઇએ લઇ ગયાં જ્યારે સી.એલ. પટેલે શિક્ષણની જ્યોતને અકલ્પનીય રીતે વ્યાપક પ્રમાણમાં વિસ્તારી. એવા શિક્ષણના ભેખધારીને શત્ શત્ વંદન સાથે અંતઃકરણપૂર્વકની ભાવાંજલિ અર્પું છું.

(ભૂતપૂર્વ કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી અને ભૂતપૂર્વ પ્રોવોસ્ટ ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી)



# એક કર્મયોગીની વિદાય

**રમેશ એમ. ત્રિવેદી**

આ વર્ષે ૧૦ એપ્રિલના રોજ ચારુતર વિદ્યામંડળના પૂર્વ અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલનો ૮૪મો જન્મદિન હતો. છેલ્લા કેટલાક સમયથી માંદગીના કારણે પથારીવશ હોવા છતાં તેઓ મૃત્યુને સતત હંફાવતા રહ્યા હતા. છેવટે ૨૭મી મેના દિવસે તેઓ અક્ષરધામની યાત્રાએ ચાલી નીકળ્યા.... તેઓ ભાઈકાકા, ભીખાભાઈ અને એચ.એમ. પટેલની પરંપરાના કર્મયોગી હતા. ચારુતર વિદ્યામંડળનો ધ્યાનમંત્ર 'કર્મણ્યેવાધિકારસ્તે' છે; તેનું તેઓ ઉત્તમ ઉદાહરણ બની રહ્યા હતા.

પૂ. સરદાર સાહેબે, દેશના સ્વાતંત્ર્યની પૂર્વસંધ્યાએ નિરક્ષરતા, ગરીબી તથા અનારોગ્ય જેવી, ગામડાંઓની પાયાની સમસ્યાઓ તરફ આંગળી ચીંધીને વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપક પૂ. ભાઈકાકાને ગામડામાં જઈ કામમાં ખૂંપી જવા જણાવ્યું. ભીખાભાઈ જેવા ઉમદા શિક્ષક અને સંનિષ્ઠ કર્મયોગીના સહયોગમાં ભાઈકાકાએ ખૂબ મોટું સ્વપ્ન જોયું, જેના પરિણામે અહીંની તે સમયની વેરાનભૂમિમાં સરસ્વતીની વીણા ગૂંજતી થઈ. એમાં આ પ્રદેશના ધરતી પુત્રોનો મૂલ્યવાન ફાળો રહ્યો હતો. અહીં કેળવણી લેતા યુવાધનને પગભર કરવા માટે ભાઈકાકાએ વિદ્યાના આ નગરની સાથે ઉદ્યોગનગરની પણ સ્થાપના કરી ગ્રામોદ્ધારની દિશામાં મહત્ત્વનું ડગ ભર્યું હતું.

ઉચ્ચ શિક્ષણની સર્વપ્રથમ શિક્ષણસંસ્થાની સ્થાપનાથી લઈને શિક્ષણની સર્વોચ્ચ સંસ્થા યુનિવર્સિટીની પણ તેમણે સ્થાપના કરી. જ્ઞાનની જ્યોત પ્રગટાવવાની પ્રેરણા આપનાર સરદારશ્રીની સ્મૃતિને ચિરંજીવ બનાવવા અહીં સ્થપાયેલ યુનિવર્સિટી તથા વિદ્યાના નગરને એ મહાપુરુષના નામને સાંકળી લીધું અને ઉદ્યોગનગર સાથે વીર વિઠ્ઠલભાઈનું નામ જોડી દઈને કરમસદના આ બે સપૂતોને લોકોની સ્મૃતિમાં કાયમ માટે અંકિત કરી દીધા. ગુજરાત રાજ્યની સર્વપ્રથમ એન્જિનિયરીંગ કૉલેજ પણ અહીં સ્થાપીને ઉચ્ચ શિક્ષણને તેમણે સાર્થક વળાંક આપ્યો.

ભીખાભાઈ અને ભાઈકાકાની જોડીએ જે પાયાનું કાર્ય કર્યું હતું તેને વધુ સુદૃઢ કરી, ગુણવત્તાના માપદંડે એને રાષ્ટ્રીય સ્તરે ઓળખ આપી એમના ઉત્તરાધિકારી બનેલા ડૉ. એચ.એમ. પટેલે એમના સમયમાં આ વિદ્યાકેન્દ્રની રજતજયંતી ઉજવાઈ. વળી ગ્રામપ્રદેશની ત્રીજી સમસ્યાના નિવારણ માટે તેમણે કરમસદ નજીક આરોગ્યનગર ઊભું કરી એક વિશાળ હૉસ્પિટલ તથા મેડિકલ કૉલેજનું નિર્માણ કર્યું. આથી આસપાસનાં અનેક ગામડાંઓના લોકો માટે આરોગ્યવિષયક સમસ્યા હલ થઈ. આમ પૂ. સરદાર પટેલના મૂળભૂત સંકલ્પને પૂર્ણ કરીને ચરોતર પ્રદેશમાં 'શ્વેત ક્રાન્તિ' પછી 'જ્ઞાનપ્રકાશ'ની બીજી એક ક્રાન્તિની ભેટ ધરી. એમના કાર્યકાળ દરમિયાન પણ નવી નવી વિદ્યાશાખાઓ અને તે માટેની શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થઈ હતી. એમના કાર્યકાળમાં છેલ્લાં વર્ષોમાં ડૉ.સી.એલ. પટેલ પણ કાર્યસાથી તરીકે જોડાયા હતા.

એચ.એમ. પટેલના નિધન પછી તેમના ઉત્તરાધિકારી તરીકે સી.એલ. પટેલે વિદ્યામંડળનું સુકાન સંભાળ્યું. ચારુતર વિદ્યામંડળનો સુવર્ણજંયતી મહોત્સવ પણ આ સમયે ઉજવાયો. તેમનો કાર્યકાળ લગભગ એક 'પચીસી' જેટલો રહ્યો તેમાં શિક્ષણ ક્ષેત્રમાં ક્રાન્તિકારી પરિવર્તન લાવવા માટે વિશેષ ધ્યાન ખેંચે છે. શિક્ષણસંસ્થાઓ, છાત્રાવાસો, અધ્યાપક નિવાસો વગેરેમાં તેમણે જૂનાનું સંવર્ધન અને નવાનું સર્જન કાર્ય ઉપાડ્યુ. તેમણે નવા વૈશ્વિક પ્રવાહોને પારખી જઈ અહીંના જ્ઞાનાર્થીઓ માટે બાયોટેક્નોલોજી, કમ્પ્યૂટર એન્જિનિયરીંગ, ઈન્ફર્મેશન ટેક્નોલોજી, મિકેટ્રોનિક્સ... અને એવા અન્ય વૈશ્વિક વિષયોનું શિક્ષણ શરૂ કર્યું. એક એન્જિનિયરીંગ કૉલેજ તો કાર્યરત હતી જ; સમયની માંગ અનુસાર બીજી ત્રણ ઍન્જિનિયરીંગ કોલેજો ઊભી કરી! અને એમાંથી એક તો કેવળ મહિલાઓ માટેની જ એન્જિનિયરીંગ કૉલેજ ઊભી કરી નારીશક્તિને આગળ વધવા આહ્‌વાન કર્યું.

શિક્ષણની સાથે સંશોધનને સાંકળી લઈ તેમણે 'આઈસ્ટાર', 'સિકાર્ટ', 'સૅરલિપ' જેવી સંશોધનને વરેલી જ સંસ્થાઓનું નિર્માણ કર્યું. આ બધાથી

શિક્ષણના ચીલચાલુ માળખાને જબરદસ્ત વળાંક મળ્યો. અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યને, નિષ્પક્ષ, ઊંડાણવાળું અને રાષ્ટ્રીય સ્તરનું સંશોધન કહી શકાય તે માટે 'સૅરલિપ' સંસ્થાની સ્થાપના કરી તેમણે પણ સરદારશ્રીની સ્મૃતિને લોકહૈયામાં જીવંત રાખી છે. એમના કાર્યકાળ દરમિયાન વિદ્યામંડળની શિક્ષણ સંસ્થાઓની સંખ્યા પચાસ આસપાસ થઈ ગઈ છે.

ઉચ્ચશિક્ષણના ગંભીરતાપૂર્વકના અભ્યાસ માટે તેમણે ગુજરાતમાં સૌ પ્રથમ વાર, નાણાંકીય સ્વનિર્ભરતાવાળી શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાની પહેલ કરી. જોતજોતામાં તો આ યોજનાને રાજ્યના અન્ય શિક્ષણ સંચાલકો તરફથી વ્યાપક પ્રતિસાદ મળ્યો. એમણે ભરેલું આ હાથીપગલું સમાજમાં ઉચિત પ્રશંસાને પણ પામ્યું હતું. વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમો માટે જરૂરી નવી નવી શિક્ષણ સંસ્થાઓ માટે અડધી સદી વટાવી ચૂકેલા વિદ્યાનગરમાં જમીનની અછત વરતાવા લાગી. તે માટે ઈ.સ. ૨૦૦૦માં ઉદ્યોગનગરની બાજુમાં 'ન્યૂ વલ્લભવિદ્યાનગર' ગામે એક નવું નગર જ ઊભું કરી દીધું. આપણા અધ્યક્ષો ઊભી થતી સમસ્યાઓ અંગે જમીની હકીકતની કેટલી સ્પષ્ટ સમજ ધરાવતા હતા તે સમજીને વિસ્મય સાથે આનંદની લાગણી જન્મે છે. જ્ઞાનજ્યોતિનો પ્રકાશ વધુ સ્થિર અને દીપ્તિમંત બન્યો. શિક્ષણજગતમાં તે સુવર્ણયુગ તરીકે ઓળખાશે.

ઠેઠ જમ્મુ-કાશ્મીરથી જરૂરતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તેઓ અહીં લઈ આવ્યા હતા! આ સદીના આરંભે આવેલા વિનાશક ધરતીકંપને કારણે ઉજ્જડ બની ગયેલા કચ્છ પ્રદેશના ભચાઉ અને અન્ય અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બંધાવી આપીને સરદારશ્રીની સ્મૃતિને ત્યાં પણ કાયમ માટે અંકિત કરી દીધી. દાહોદ જેવા, મુકામે પછાત વિસ્તારના લોકોને મકાનો બાંધવા માટે સસ્તી અને ટકાઉ સાધનસામગ્રી ઉપલબ્ધ કરાવી આપીને ગ્રામોદ્ધારની મૂળભૂત ભાવનાને પોષણ આપ્યું. વળી, ધરતીપુત્ર હોવાને નાતે, જમીન-માટી વગેરેનું મૂલ્ય સમજતા આપણા આ અધ્યક્ષે નવનિર્માણ પામતા ન્યૂ વલ્લભવિદ્યાનગરની શિક્ષણ સંસ્થાઓ, છાત્રાલયો, અધ્યાપક નિવાસો વગેરેના બાંધકામમાં 'ફ્લાય ઍશ'નો ઉપયોગ કરી તેમાંથી બનાવેલા 'બોક્સ'ને ઈંટોની અવેજીમાં ઉપયોગમાં લીધા. એ રીતે એમનું આ અનુકરણીય ગણાય તેવું પગલું હતું, એમ કહી શકાય.

આ બધા ગંજાવર કામ માટે આર્થિક મુશ્કેલી પડે એ સ્વાભાવિક છે. તે માટે અવારનવાર દેશવિદેશમાં ઘૂમતા રહીને ઘરઆંગણે દાનની ગંગા સતત વહેતી રહે તેવા ભગીરથ પ્રયત્નો કરતા રહ્યા, અને તેમાં એમને પૂરતી સફળતા મળી હતી. એમણે દાન મેળવ્યાં અને આવશ્યકતા અનુસારે પોતે દાન કર્યાં પણ ખરાં. પોતાના અમૃતમહોત્સવ પ્રસંગે એકત્ર થયેલી ધનરાશિ બેવડી કરીને વિદ્યામંડળને પરત કરી હતી. એમનું સૌથી ઉમદા કાર્ય તો દેહદાનનું ગણાય. એનાથી એમનું જીવન વધુ સમૃદ્ધ બની ગયું. એમનો પરિવાર પોતાના કુટુંબ પૂરતો સીમિત નહોતો એ બાબત તો એમના દેહવિલય પછી તે દિવસની કાળઝાળ ગરમી વચ્ચે પણ અસંખ્ય લોકોની મેદની દિવંગતના અંતિમ દર્શને એકઠી થઈ હતી તે પરથી જ જણાઈ આવતું હતું. તેઓ ખરા અર્થમાં 'કૉમન-મૅન' હતા. પોતાના કાર્યકાળ દરમિયાન ચારુતર વિદ્યામંડળની સાત દાયકાની શિક્ષણયાત્રાને પુસ્તકરૂપે ઉપલબ્ધ કરાવી આપી છે. તેનાથી દેશ-વિદેશમાં વસતા અનેક વતનપ્રેમી-શિક્ષણપ્રેમી દાતાઓ માટે મૂલ્યવાન જાણકારી પૂરી પાડી છે.

વિદ્યામંડળનું અમૃતમહોત્સવનું પર્વ ઢૂંકડું છે ત્યારે જ કર્મયોગના આ અવિરામ યાત્રીએ પોતાના જીવનની છેલ્લી 'પચીસી' આ નગરદેવતાને અર્પણ કરી, વિરામ લીધો. એમના મસ્તક પર પ્ર.બ્ર.સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદનું છત્ર છેક સુધી રહ્યું હતું. પૂ. જશભાઈ સાહેબના તો તેઓ હંમેશાં પ્રીતિ પાત્ર રહ્યા હતા. પૂ. પાંડુરંગ આઠવલેજીની પ્રશંસા પણ પામ્યા હતા. પૂ. મોરારિબાપુના હસ્તે જાહેર જીવનની એક અગ્રણી હસ્તી તરીકે પણ સન્માનિત થયા હતા. ચરોતર રત્ન, શાલિન માનવરત્ન, વિશ્વગુર્જરીનો એવોર્ડ, કાનજી દેસાઈ એવોર્ડ વગેરે અનેક જાહેર સન્માનના તેઓ ભાગ્યશાળી રહ્યા હતા. ડિ.લિટ્‌ની માનદ પદવી બે યુનિવર્સિટીઓએ આપી હતી. અને મહત્ત્વની બાબત



તો એ કે એમણે અપાર લોકચાહના મેળવી હતી.

સરદાર સાહેબે પ્રગટાવી આપેલી જ્ઞાનની જ્યોતિ આગળ વધતી રહે અને શતાબ્દીની મંજિલે પહોંચશે જ એવી આસાયેશ, આપણને મળેલા નવનિર્વાચિત અધ્યક્ષ માનનીય ભીખુભાઈ પટેલ અને તેમના સહયોગીઓની ટીમ સમયસર કાર્યરત બની છે તે જોતાં બંધાય છે. આપણા સૌને માટે એ આનંદપ્રદ અને આશાસ્પદ હકીકત બની છે. ડૉ.સી.એલ. પટેલ પ્રભુપ્રેરિત પરમ શાંતિના સાચા હકદાર બન્યા છે. આપણે સૌ તેમને ભાવવંદના પાઠવીએ. આ ક્ષણે એક રચનાકારની બે પંક્તિઓ સ્મરણમાં આવી પહોંચે છે:

***"ગયેલા આત્માને મન હૃદયથી આપજો શાંતિ પૂરી,***
***બધી રીતે એવું કરજો પ્રભુ! સર્વ કલ્યાણ શ્રીજી!.... "***

સ્મૃતિશેષ બનેલા આપણા સૌના વત્સલ વડીલ ડૉ. સી.એલ. પટેલને મારી હૃદયાંજલિ પાઠવીને વિરમું છું.

(ભૂતપૂર્વ માનદ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

કોઈપણ કાર્ય એકલા હાથે કરવું તેના કરતાં સમૂહનો સહકાર લઈને કરીએ તો વધુ સારી રીતે થાય એટલે કે કોઈપણ ક્ષેત્રમાં ચાહે તે ધંધો હોય, ઉદ્યોગ હોય, સમાજસેવા હોય કે શિક્ષણનું ક્ષેત્ર હોય, દરેક કાર્યક્ષેત્રમાં આગળ વધવું હોય તો સંઘભાવના(ટીમ સ્પિરિટ) જરૂરી બને છે. એટલા માટે જ આપણે બુદ્ધનો વિચાર કરીએ છીએ. તેઓ સંઘભાવના અને સંગઠનભાવના વધુ સારી રીતે જળવાય તે માટે ખૂબ આગ્રહી હતા. દરેક ક્ષેત્રમાં જ્યાં સારું થાય છે તેનો જો અભ્યાસ કરીએ તો ત્યાં સંઘભાવના ખૂબ મજબૂત હોય છે. ઘણાં ક્ષેત્રોમાં જે જવાબદારી સંભાળે છે તે વરિષ્ઠ માણસો સંઘભાવનાથી કામ કરે તો કાર્યદક્ષતા વધુ સારી દેખાઈ આવે.

(સાભારઃ મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)

*મધ્યગુજરાતને શિક્ષણનું તીર્થક્ષેત્ર બનાવનાર શિલ્પીઓમાંના એક ડૉ. સી.એલ. પટેલનું વ્યક્તિત્વ સમાજ માટે પ્રેરક અને માર્ગદર્શક બની રહેશે.*

(પરિમલ પાઠક, વિભાગસંચાલક, નડિયાદ વિભાગ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, નડિયાદ)

*સી.એલ. પટેલના સ્વર્ગવાસથી સી.યુ. શાહ યુનિવર્સિટીના તમામ સંકુલોનો સ્ટાફ ઘેરા ઊંડા શોકની લાગણી તથા દુઃખ અનુભવે છે.*

(રજીસ્ટ્રાર, સી.યુ.શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગર)

*ચારુતર વિદ્યામંડળના પૂર્વ પ્રમુખશ્રી તેમજ શિક્ષણ ક્ષેત્રના ભિષ્મ પિતામહ સ્વરૂપ પૂ. સી. એલ. પટેલ સાહેબ (છોટુભાઈ પટેલ)ના અવસાનના સમાચાર જાણી અમો દુઃખી તથા વ્યથિત બન્યા છીએ. જીવનમાં આવા દુ-ખદ પ્રસંગોનું સર્જન કરી પરમકૃપાળુ પરમાત્મા આપણી સૌની ધીરજ તથા હિંમતની કસોટી કરે છે.*

*સદ્‌ગતના આત્માની મોક્ષગતિની પ્રાપ્તિ માટે અમો પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થનાકરીએ છીએ. આવા દુઃખદ પ્રસંગે ઈશ્વરનું સ્મરણ કરવું એ જ શ્રેષ્ઠ રાહ છે.*

*સદ્‌ગતના શિક્ષણ, સંસ્કાર અને સેવાના સદ્‌ગુણો આપણા સહુના આચરણમાં આવે તેવી અભ્યર્થના.*

(પ્રેમિલાબહેન પ્રવીણભાઈ મણીઆર, અપૂર્વ પ્રવીણભાઈ મણીઆર, ચેરમેન, સરસ્વતી શિશુમંદિર-રાજકોટ)

ઉદ્યોગો દેશના વિકાસમાં પાયાની જરૂરિયાત છે. કોઈપણ પ્રજા, સમાજ કે વિસ્તાર માટે આ આશીર્વાદરૂપ ત્યારે જ બને, જ્યારે સ્થપાયેલા ઉદ્યોગો વસ્તી અને વિસ્તાર માટે ઉપકારક બને અને પર્યાવરણ વિગેરેની જવાબદારીની સભાનતા સાથે પોતાના ઉદ્યોગો ચલાવે.

(સાભારઃ મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)

## ડો. સી. એલ. પટેલ : શિક્ષણ ક્ષેત્રે પ્રભાવક પ્રદાન

**સૂર્યકાત વૈષ્ણવ**

વલ્લભ વિદ્યાનગર એ ગુજરાતના શિક્ષણ જગતનું એક વિરલ વિદ્યાધામ છે. તેના સર્જનમાં પાયાનું કામ ઈજનેર પૂજ્ય ભાઈકાકા અને શિક્ષણકાર પૂજ્ય ભીખાકાકાએ કર્યુ. ડો. એચ. એમ. પટેલે તેમાં સુચારુ સંવર્ધન કરીને વિકાસને બળ આપ્યું. ૧૯૯૪માં ડો. એચ. એમ. પટેલ પછી વિદ્યાનગરના વિકાસની ધુરા ડૉ. સી. એલ. પટેલે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે સંભાળી. વિદ્યાનગર ત્યારે ગુજરાતનું વિકસી રહેલું અનન્ય વિદ્યા કેન્દ્ર બની રહ્યું હતું.

યુનિવર્સિટી અને શાળા-મહાશાળાઓનો વિકાસ વધતો જતો હતો. વધતી જતી જરૂરિયાતોનો પર્યાપ્ત સમાવેશ કરવા માટે વિદ્યાનગરની મોકળાશ ઓછી પડવા લાગી ત્યારે ડો. સી.એલ. પટેલે અથાગ મહેનત અને પરિશ્રમથી વિદ્યાનગરને અડીને નવાં શૈક્ષણિક સંકુલ : ન્યૂ- વલ્લભવિદ્યાનગરની સ્થાપના કરી અને Satellite Education Campusનું સર્જન થયું.

ડૉ. સી.એલ.પટેલનું શૈક્ષણિક ક્ષેત્રે આ એક મૂલ્યવાન પ્રદાન છે. આ કેમ્પસમાં એન્જિનિયરીંગ કોલેજ (ADIT), આયુર્વેદ હોસ્પિટલ અને કોલેજ, બહેનો માટેની એન્જિનિયરીગ કૉલેજ (MBICT), અર્કિટેક કોલેજ, બાયો-ટેક્નોલોજી કોલેજ, College of Business and Management અને તેનું સુંદર ગેસ્ટ-હાઉસ, IndustriaI Training Centre, શોપીંગ સેન્ટર તથા સ્ટાફ માટેના આવાસો અને વિદ્યાર્થીઓ માટેની પર્યાપ્ત હોસ્ટેલો અને ભોજનાલય, વિશાળ રમત-ગમતનું મેદાન તેમજ આંબા અને નારિયેળના લીલા વૃક્ષોની હરિયાળી એ સૌ ડો. સી.એલ. પટેલની આયોજનિક કુનેહ અને દુરન્દેશી દૃષ્ટિની યાદ કરાવે છે.

“ઈશ્વરને હૃદયમાં ધારણ કરી, ઉત્સાહ પૂર્વક સતત કાર્ય કરતા રહેવું” એ તેઓના જીવનમાંથી શીખવા જેવો મંત્ર છે એમ મને લાગે છે.

હું જયારે અધ્યાપક મંડળની પ્રવૃત્તિમાં કાર્યરત હતો ત્યારે અધ્યાપકોના આવાસ અને પગાર ધોરણોના પ્રશ્નો માટે સી.વી.એમ.માં સી. એલ. પટેલ સહમંત્રી હતા ત્યારે તેમની પાસ મારે જવાનું થતું હતું. તેઓ પ્રશ્નોને સહાનુભૂતિપૂર્વક સાંભળતા અને તેના ઉકેલ માટે તત્પર રહેતા, ફરી જઈએ ત્યારે શું થયું તેનો વિગતે અહેવાલ આપતા.

કેટલાક અધ્યાપકો ટયુશન કરતા હતા તેનો તેમને રંજ હતો. પરંતુ મંત્રીગણ, આચાર્યો, આદર્શ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે તેઓની સહૃદયતા અને આત્મીયતા પ્રશંસનીય હતી.

તેઓ મને એક વખત પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ પાસે લઈ ગયા અને નવી કોલેજને AICTE દ્વારા સરળતાથી મંજૂરી મળે તેના આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. પૂજ્ય શ્રી પ્રમુખ સ્વામી મહારાજે મારા વાંસે ધબ્બો મારીને થઈ જશે તેમ કહ્યું. ત્રીજે મહિને મંજૂરી મળી ગઈ. સી. એલ. પટેલને પ્રમુખ સ્વામી ઉપર અટલ શ્રધ્ધા હતી. તેઓ કોઈ પણ નવું કાર્ય શરૂ કરતા પહેલા અચૂક તેમના આશીર્વાદ પ્રાપ્ત કરતા હતા.

તેઓ કહેતા કે “આ ધરતીનું તપ અને સંતોના આશીર્વાદ થકી જ હું કાર્ય કરું છું. સંતો એ મારું પ્રેરણા બળ છે”. તેમની ભક્તિ અને ગુરુમાં શ્રધ્ધાનો મને સતત અનુભવ થતો હતો. દરરોજ પ્રાતઃવિધિ પતાવી એ.પી.સી. મંદિરે દર્શન કરીને જ મંડળમાં નિયમિત સમયસર આવવાનો તેઓનો ક્રમ એ સૌ કોઈ માટે પ્રેરણાત્મક બની રહે તેવો હતો...

ADITમાં મારા આચાર્ય તરીકેના બે વર્ષ અને સી. વી. એમ માં સહ-મંત્રી તરીકે એક વર્ષ કામ કરવાનો અનુભવ અને લાભ પ્રાપ્ત થયા તેનું મને ગૌરવ છે. ગુજરાતની સ્વનિર્ભર એન્જિનિયરીંગ કોલેજોના ફેડરેશનના તેઓ સૌને પ્રિય એવા સક્રિય અધ્યક્ષ હતા. ફેડરેશનની મિટીંગોમાં તેઓનું માર્ગદર્શન બહુ ઉપયોગી રહેતું હતું. હું આચાર્ય હતો ત્યારે મારે તેમની સાથે મિટીંગમાં જવાનું થતું હતું. સરકાર સાથે કેવી રીતે કામ કરવું અને જરૂર પડે ત્યારે સુપ્રિમમાં પણ જવામાં કચાશ ન રાખવી તેમ તેઓ હંમેશા મક્કમતાથી કહેતા. ફી-નિર્ધારણ અંગેના સરકારની સમિતિના નિર્ણયો સ્વનિર્ભર કોલેજ માટે અન્યાય કરતા હોય ત્યારે તેનો સખત વિરોધ કરતાં અચકાવું ન જોઈએ અને કહેતા કે સરકાર પર્યાપ્ત



ફી ધોરણ નક્કી ન કરી આપે તો કોલેજો બંધ કરી દેવાની પણ તૈયારી રાખવી. સરકાર બધી જ કોલેજો ચલાવી શકતી નથી તો સ્વનિર્ભર કોલેજોને આર્થિક રીતે ટકી રહેવા મદદરૂપ થવું જોઈએ. ફી નિર્ધારણના મુદ્દે સી. એલ.પટેલના વિચારો સ્પષ્ટ અને ન્યાય સંગત હતા તેમ ફેડરેશનના સૌ સભ્યો સ્વીકાર કરતા.

ડો. સી. એલ. પટેલનું આ પણ એક મહત્ત્વનું પ્રદાન હતું. તે થકી ગુજરાતના શિક્ષણનો વ્યાપ વધારવામાં તેમનો ફાળો નાનોસૂનો ન હતો તેઓ કહેતા કે સ્વનિર્ભર કોલેજો સરકારનું કામ ઉપાડી લઈને તેને મદદ જ કરે છે.

નવી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને ફેડરેશનમાં સક્રિય સામેલગીરી એ બન્ને તેમના જીવનની તેજસ્વી સિદ્ધિઓમાંની અગ્રગણ્ય ગણી શકાય તેવી છે.

(નિવૃત્ત આચાર્ય ADIT (એન્જિનિયરીંગ કૉલેજ), ન્યૂ વલ્લભ વિદ્યાનગર અને પૂર્વ સહ-મંત્રી ચારુતર વિદ્યામંડળ)

*On behalf of all the mebers of Vitthal Udyognagar Industries Association, we express our heartfelt sympathies andcondolences.*

*May his spiritual sould merge with theinfinite. We pray Almighty to bestow upon you and family members the strength and fortitude to bear this loss.*

*For Vitthal Udyognagar Industries Association.*

*(Hemal Patel, General Secretary, Vitthal Udyognagar Indsutrial Asosication)*

હવે સમાજે સમર્પિત નાગરિકો તૈયાર કરવાના હોય ત્યારે શિક્ષણની સંસ્થાઓએ પણ શિક્ષણ સાથે જીવન જીવવાની સાચી કળાનું ઔપચારિક શિક્ષણ આપવાની શરૂઆત કરવી પડે. યુનિવર્સિટીઓએ પોતાના અભ્યાસક્રમોમાં અલાયદી જોગવાઈ રાખવી પડશે. મોડું ના થાય તે માટે આવા ક્ષેત્રની જવાબદારી સંભાળતા સૌ આ બાબતને અગ્રિમતા આપે તે આજના સમયની તાતી જરૂર છે.

પ્રત્યેક વિકસિત દેશ પોતાના યુવક-યુવતીઓના ઘડતર માટે ઘણું બધું કરે છે અને એના પ્રતાપે જ તે દેશો વિકાસ કરી શકે છે. આપણા દેશના સંદર્ભમાં પણ આવું જ અપેક્ષિત મનાય. વિકાસ પામેલા દેશોની હરોળમાં ભારતે પણ પોતાનું સ્થાન મજબૂત કરવું હોય તો વિકાસ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે તેમાં સામેલ થઈ શકે તેવાં રાષ્ટ્રપ્રેમી યુવક-યુવતીઓનું ઘડતર થાય એ માટેના પ્રયાસો આદરવા પડે.

આ દેશ અને એની ધરતી ખૂબ જ પવિત્ર છે. આ પવિત્ર દેશ અને ધરતીને જો સાચા અર્થમાં આપણે નહીં મૂલવીએ તો ભારત જેવા દેશમાં જે કંઈ પ્રગતિ અને વિકાસ તેમજ પ્રજાનું વિશિષ્ટ યોગદાન શક્ય છે, તેનાથી આપણે વંચિત રહીશું. આવો, આપણે સૌ મનોમંથન કરીએ અને નીતિ-સદાચારને માર્ગે ચાલીને આ દેશના કરોડો બાંધવોને સુખશાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરાવવાના યજ્ઞમાં જોડાઈએ.

(સાભારઃ મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)

## ડૉ.સી.એલ. પટેલ : એક વિરલ વ્યક્તિત્વ

**એમ.એચ. વસાવડા**

૧૯૯૩માં જ્યારે મુરબ્બી ડૉ. એચ.એમ. પટેલ સાહેબનું અવસાન થયું ત્યારે ઘણા લોકોના મનમાં એક જ પ્રશ્ન ઘોળાતો હતો : 'ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે હવે કોણ?' ડૉ.એચ.એમ. પટેલસાહેબે સાડા ત્રણ દાયકાથી મંડળની ધુરા સંભાળી હતી. હવે તેમના વિશાળ વહીવટી અનુભવ, દૂરંદેશી અને વિદ્વત્તાનો લાભ મંડળને મળવાનો ન હતો. બીજી બાજુ કૉલેજો, વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોની સંખ્યા ઘણી વધી હતી. આ જ પ્રદેશનાં અન્ય મંડળો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિકસાવી રહ્યાં હતાં અને તેથી એક પ્રકારનું સ્પર્ધાત્મક વાતાવરણ સર્જાયું હતું. સંચાલનના પ્રશ્નો આ બધાં કારણોને લીધે વિકટ બન્યા હતા. અને ચારુતર વિદ્યામંડળને ડૉ.એચ.એમ.પટેલના અનુગામી તરીકે એક સક્ષમ અધ્યક્ષની જરૂર હતી. આ સંજોગોમાં છોટુભાઇ સાહેબે ૧૯૯૪માં મંડળનું અધ્યક્ષપદ સંભાળ્યું. તેમની પાસે જી.ઇ.બી.ના એક ઉચ્ચ અધિકારી પાસે હોય તેનાથી વિશેષ વહીવટી અનુભવ ન હતો. મંડળના મંત્રી તરીકે તેમણે સેવાઓ આપી હતી ખરી, પરંતુ એ કાર્ય તેમણે ડૉ. એચ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. એટલે જ્યારે તેઓ અધ્યક્ષ બન્યા ત્યારે વિદ્યામંડળ જેવી પ્રતિષ્ઠિત, માતબર સંસ્થાના અધ્યક્ષપદને તેઓ કેટલો ન્યાય આપી શકશે, તેમણે સ્વીકારેલી જવાબદારી નિભાવવામાં તેઓ કેટલા સફળ રહેશે એ બાબત તેમના હિતેચ્છુઓએ પણ શંકા સેવી હશે. પરંતુ તેમણે આવી બધી શંકાઓને ખોટી સાબિત કરી. તેમણે એવું સુંદર કાર્ય કર્યું કે લગભગ પા સદીની તેમની અધ્યક્ષ તરીકેની વણથંભી કામગીરી ચારુતર વિદ્યામંડળના ઇતિહાસનું એક ઉજ્જવળ પ્રકરણ બની રહેશે.

છોટુભાઇ સાહેબના કાર્યકાળમાં મંડળની વિકાસકૂચમાં જાણે જુવાળ આવ્યો. વિકાસની નવી કેડીઓ કંડારાઇ, નવા નવા વિષયોના અભ્યાસક્રમો દાખલ થયા. નવી કૉલેજોની સ્થાપના થઇ. સ્વનિર્ભર કૉલેજોનો ખ્યાલ વિકસ્યો, ભિન્ન ભિન્ન શાખાઓના અભ્યાસથી ધમધમતી એક નૂતન વિદ્યાનગરીનું નિર્માણ થયું. આ બધું સી.એલ. પટેલ સાહેબના અખૂટ આત્મવિશ્વાસ, દીર્ઘદૃષ્ટિ, સુચારુ સંચાલન અને સખત પરિશ્રમને આભારી છે. મંડળના સંચાલનના કામમાં ગળાડૂબ વ્યસ્ત રહેવા છતાં સી.એલ. પટેલ સાહેબના જનસંપર્કનાં બારણાં ખુલ્લાં રહેતાં. મંડળની શૈક્ષણિક સંસ્થાઓના કાર્યક્રમોમાં તેઓ અચૂક હાજરી આપતા, કલાકો સુધી બેસતા અને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહિત કરતા મુલાકાતીઓ તેમને ઔપચારિકતા વગર મળી શકતા. એક વાર મારે ઓચિંતું જ તેમનું કામ પડ્યું. બપોરના ૧૨:૩૦ વાગ્યા હતા. આ તેમના લંચનો સમય હશે તેમ ધારી હું તેમને ફોન કરતાં પણ અચકાતો હતો. પરંતુ કામ અગત્યનું હતું અને બને તેટલું જલદી તેમને મળવું જરૂરી હતું. મેં તેમને ફોન કરી મુલાકાત માટે સમય માગ્યો 'હમણાં જ આવી જાઓ'. તેમણે કહ્યું. હું મુલાકાત માટે તાત્કાલિક સમય આપવા માટે તેમનો આભાર માની ફોન મૂકવા જતો હતો ત્યાં તેમણે પૂછ્યું 'કેવી રીતે આવશો ગાડી મોકલું?' મેં, અલબત્ત સાભાર અને સાદર ના પાડી, પરંતુ તેમનો સૌજન્યસભર વ્યવહાર કાયમ માટે યાદ રહી ગયો.

ડૉ. સી.એલ. પટેલસાહેબની ત્વરિત નિર્ણય શક્તિ અને ઉદાર વૃત્તિનો એક પ્રસંગ યાદ આવે છે. ૨૦૦૨માં (કે તેની આસપાસ) ગુજરાત સાયન્સ કોંગ્રેસનું અધિવેશન વિદ્યાનગરમાં યોજાવાનું હતું. આયોજનની જવાબદારી ગુજરાત સાયન્સ એકેડેમીની વિદ્યાનગર શાખાની હતી. યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય મળવાની હતી, પરંતુ વિશેષ ફંડની જરૂર હતી. અમે સી.એલ. પટેલસાહેબને મળી વિદ્યામંડળ પાસે સહાય માગવાનું નક્કી કર્યું. તેમની મુલાકાતનો સમય માગ્યો. તેઓ નવા વિદ્યાનગર ખાતે અમેરિકા સ્થિત ગુજરાતી મિત્રોનું સંમેલન યોજવામાં વ્યસ્ત હતા. અમને રાત્રે સંમેલન સ્થળે આવવા કહ્યું અને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. યુનિવર્સિટીના અમે કેટલાક પ્રાધ્યાપકો અને વી.પી. સાયન્સ કૉલેજના એ સમયના આચાર્ય ડૉ. એચ.કે. પટેલ ન્યૂ વિદ્યાનગર ખાતે તેમને મળવા ગયા. આપેલા સમયે સંમેલન પૂરું થયું અને સી.એલ. પટેલસાહેબ સભાખંડની બહાર નીકળ્યા, અમે અત્યાર સુધી અમારે જે કામ હતું તે અંગે તેમને કશી વાત કરી ન હતી. સભાખંડથી ભોજનાલય સુધી ચાલતાં ચાલતાં જ વાત થઇ. અમે ગુજરાત સાયન્સ કોંગ્રેસની અને તે માટે આર્થિક મદદ જોઇએ છે તે વાત કરી. 'શું અપેક્ષા છે?' તેમણે પૂછ્યું. અમે જરૂરિયાત જણાવી રકમ મોટી હતી. 'આટલી મોટી રકમ તો આપવી શક્ય નથી', કે 'જોઇશું, વિચાર કરીશું' એવા



ઉત્તરની ભીતિ અમે સેવતા હતા. પરંતુ પટેલસાહેબે એક ક્ષણના પણ વિલંબ વિના કે કશી ચર્ચા વિના અમારી માંગણી સ્વીકારી લીધી. સારા શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થવાની સી.એલ. પટેલ સાહેબની તત્પરતા અને વિદ્યાકીય ક્ષેત્રે પ્રવૃત્ત વ્યક્તિઓમાં તેમનો વિશ્વાસ આ પ્રસંગમાં છતાં થતાં હતાં.

સૌજન્યશીલ સ્વભાવના પટેલ સાહેબ કઠોર નિર્ણયો પણ લઈ શકતા હતાં. કોઈની શેહમાં તણાઈ જવું કે કોઈના દબાણને વશ થવું એ તેમના સ્વભાવમાં ન હતું. તેઓ આ રીતે વર્તી શક્યા કારણ કે તેઓ કર્મઠ અને પ્રામાણિક હતા. સાદગીને વરેલા હતા અને સત્તાનો ગેરલાભ ઉઠાવવાની વૃત્તિથી પર હતા. વિદ્યાનગરની સંસ્થાઓનો વિકાસ અને એ વિકાસ દ્વારા દેશનો વિકાસ એ તેમનો મંત્ર હતો. છેવટ સુધી તેઓ આ અંગે પ્રયત્નશીલ રહ્યા.

સી.ઇ.સોસાયટી અને ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ મંત્રી વિઠ્ઠલભાઈના નિધન સમયે મારે સી.એલ. પટેલ સાહેબને મળવાનું થયું મેં વિઠ્ઠલભાઈના નિધન અંગે દુઃખ વ્યક્ત કર્યું. તેઓ કહે : 'દરેકનું સ્ટેશન નિશ્ચિત હોય છે. વિઠ્ઠલભાઈનું સ્ટેશન આવતાં તેઓ ઊતરી ગયાં'. હવે સી.એલ. પટેલ સાહેબનું સ્ટેશન આવતાં તેઓ પણ ઊતરી ગયા છે. પરંતુ કેટલાક પ્રવાસીઓ ઊતરી ગયા પછી પણ આગળ જતા પ્રવાસીઓ તેમને યાદ કરતા હોય છે. સી.એલ. પટેલ સાહેબ એવા એક યાત્રી હતા. આપણું સ્ટેશન આવશે ત્યાં સુધી આપણે તેમને ભાવપૂર્વક યાદ કરીશું. તેમને શત શત વંદન!

(સમીપ, નવી ટાંકી પાસે, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, સ.પ.યુનિવર્સિટીના ગણિત વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક)

## વ્યક્તિ જ્યારે સંસ્થા બની જાય છે.

**પ્રવીણ ક. લહેરી**

ગુજરાત વિદ્યુત બોર્ડમાં ઈજનેર તરીકે સેવા આપતા એક યુવાનને પ્રમુખસ્વામીરૂપી પારસમણીનો સ્પર્શ થાય છે. તેની કારકિર્દી અને જીવનમાં એક મોટો વળાંક આવે છે. શ્રી ભાઈલાલભાઈ પટેલ અને શ્રી ભીખાભાઈ પટેલે સ્થાપેલી અને શ્રી એચ. એમ. પટેલે સંવર્ધન કરેલી ચારુતર વિદ્યામંડળમાં સહમંત્રી તરીકે જોડાયેલા શ્રી સી. એલ. પટેલે સંપૂર્ણ જીવન વલ્લભવિદ્યાનગરના વિકાસને સમર્પિત કર્યુ. તેનો હું સાક્ષી છું. ૩૦ વર્ષની શિક્ષણ સાધના દ્વારા અનેક નૂતન સંસ્થાઓની સ્થાપના માટે મહત્ત્વની ભૂમિકા અદા કરનાર શ્રી સી. એલ. પટેલ વર્ષો પર્યંત ચારુતર વિદ્યામંડળના પર્યાય બની રહ્યા.

સેંકડો દાતાઓ, હજારો સાથીઓ અને વિદ્યાર્થીઓએ જેના નેતૃત્વમાં શ્રદ્ધા રાખી શિક્ષણ ક્ષેત્રે તેમણે જે કાર્ય કર્યું તેનો ઈતિહાસ લખવા માટે અહીં શબ્દોની મર્યાદા છે. શિક્ષણ સંસ્થાનું સંચાલન કે વિકાસ જ્યારે પડકારરુપ કામગીરી બની છે તેવા કપરા સમયમાં શ્રી સી. એલ. પટેલે જે વિકાસકાર્યો કર્યાં તેનું મૂલ્ય લાંબાગાળે સમજાશે. લગભગ બે પેઢીનું ઘડતર કરી તેને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં તેમનું પ્રદાન નાનુંસૂનું તો નથી જ.

મને તેમના દ્વારા જયારે જયારે નિમંત્રણ મળ્યું ત્યારે વલ્લભવિદ્યાનગરની આવી પ્રગતિ નિહાળવાનો લાભ મળ્યો તે મારા જીવનના સુખદ સંભારણાનો ભાગ છે. યુનિવર્સિટીનો સ્થાપના દિન હોય કે સુવર્ણજયંતિ વર્ષ, સ્પર્ધાત્મક પરીક્ષાની કામગીરી હોય કે સરદાર પટેલના જીવનના અભ્યાસની સંસ્થા હોય. વાર્ષિક દિનની ઉજવણી હોય કે સ્મારક પ્રવચન, મને વલ્લભવિદ્યાનગરના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે અનુભવો વહેંચવાનો અલભ્ય લાભ વારંવાર મળ્યો છે.

ડૉ. સી. એલ. પટેલ એટલે નિખાલસ, સ્પષ્ટવક્તા, અડગ નિર્ણયકર્તા, દૂરંદેશી વિચારક અને મૂલ્યોની જાળવણીના આગ્રહી. 'હું કરું' તેવો ભાવ સ્થાયી પણ સાથે સાથે સૌને જવાબદારી આપી વિકાસના નિતનવા સોપાન સર કરવાની ઉત્કંઠા પણ પ્રબળ. જીવન તો એક સાહસ છે. ડૉ. સી. એલ. પટેલ આ સાહસને સમાજોપયોગી બનાવી ભાવિ પેઢીના વિકાસનો નકશો તૈયાર કરી આપણને તે માર્ગે જહાજને આગળ ધપાવવા સુકાન સોંપ્યું છે. આપણી જવાબદારી છે કે સરદાર સાહેબના સ્મરણ સાથે આ યાત્રાને આપણે કપરા ચઢાણોના ડર વિના આગળ ધપાવીએ તે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ.

(ભૂતપૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય)

# બે યાદગાર પ્રસંગો

**ડૉ. મહેશ પાઠક**

સ્વ. સી. એલ. પટેલના લાંબા કાર્યકાળ દરમિયાન થયેલા ઘણાં સંસ્મરણો તાજા થાય છે. તેમાંના બે યાદગાર સંસ્મરણો નોંધવાનું મન થાય છે.

સી. એલ. પટેલ સાથેનું પ્રથમ યાદગાર સંસ્મરણ એચ.એમ.પટેલના નિધન બાદ થયેલી ચારુતર વિદ્યામંડળના ચૅરમૅનની ચૂંટણી અંગેનું છે. એચ. એમ. પટેલ વિદ્યાનગરમાં આવ્યા તેથી આ વિદ્યાસંકુલનો સારો વિકાસ થશે તેવી અપેક્ષા સાથે હું ૧૯૬૦માં વલ્લભ વિદ્યાનગર આવ્યો. એચ. એમ. પટેલના લાંબા કાર્યકાળ (૧૯૫૯-૧૯૯૪) દરમિયાન તેમના ગાઢ સંપર્કમાં આવવાની તક મળી અને તેમના માર્ગદર્શન અને શુભેચ્છાઓથી મારો વિદ્યાકીય વિકાસ સારી રીતે થઈ શક્યો. એચ. એમ. પટેલ હતા ત્યારે ચારુતર વિદ્યામંડળના ચૅરમૅનની ચૂંટણીમાં મને ચૂંટણી અધિકારીની જવાબદારી સોંપવામાં આવતી હતી. આ પરંપરાને આધારે જ્યારે એચ. એમ. પટેલના નિધન બાદ ચારુતર વિદ્યામંડળના ચૅરમૅનની ચૂંટણી કરવાની થઈ ત્યારે મને ચૂંટણી અધિકારીની ફરજ સોંપવામાં આવી હતી. આ ચૂંટણીનો શરૂઆતનો માહોલ સંઘર્ષમય હતો. તેના સુખદ ઉકેલ માટે સમાજની કેટલીક પ્રતિષ્ઠિત વ્યક્તિઓને સાથે રાખીને મેં સમાધાનના પ્રયત્નો કર્યા હતા. આ પ્રયાસો નિષ્ફળ જતા છેવટે ચૂંટણી કરવી પડી. આ ચૂંટણી થઈ અને સી. એલ. પટેલે ભારે બહુમતીથી વિજય મેળવ્યો. ચૂંટણી અધિકારી તરીકે મેં તેમના વિજયની ઘોષણા કરી અને તેમને શુભેચ્છાઓ પાઠવી. તે વખતે સી.એલ.પટેલે મને કહ્યું કે ''મારા વિજયની જાહેરાત તમારા જેવા મૂલ્યનિષ્ઠ અધ્યાપક દ્વારા થઈ અને તમારી શુભેચ્છાઓ મળી એટલે હું મારું કામ સારી રીતે કરી શકીશ.'' સી. એલ. પટેલના લાંબા કાર્યકાળ દરમિયાન ઘણી વખત મળવાનું બનતું ત્યારે અમે બંને આ સુખદ પ્રસંગને યાદ કરતા.

બીજો યાદગાર પ્રસંગ વિદ્યાનગરમાં સ્થપાયેલા H. M. Patel Institute of Rural Development સાથે સંકળાયેલ છે. એચ. એમ. પટેલના પ્રયત્નથી ભારત સરકારે ૧૯૬૧માં સરદાર પટેલ યુનિવર્સિટીમાં એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી હતી. આ સેન્ટર અને અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ પહેલેથી જ સાથે મળીને કામ કરતા હતા. બંનેનો વિકાસ સારી રીતે થાય અને સમાજને ઉપયોગી કામ કરી શકે તે માટે એચ. એમ. પટેલ જરૂરી સહાય અને માર્ગદર્શન આપતા હતા. આ બંને સંસ્થાઓ ભવિષ્યમાં પણ સાથે રહીને કામ કરી શકે તે માટે તેમને એક Institute ની છત્રછાયા નીચે મૂકવાની યોજના મેં તૈયાર કરી હતી અને યુનિવર્સિટીએ તે મંજૂર કરી હતી. આ માટે જરૂરી નાણાં મેળવવાની જવાબદારી યુનિવર્સિટીએ મને સોંપી હતી.

આ Institute ના મકાન માટે યુનિવર્સિટીએ બે ત્રણ વિકલ્પો બતાવ્યા પણ તે થોડા દુર હોવાથી મારા સહકાર્યકરોને પસંદ નહોતા. તેમની ઈચ્છા યુનિવર્સિટી નજીક જ આ Instituteનું મકાન બનાવવાની હતી. યુનિવર્સિટી પાસે નજીકમાં એક જમીન હતી પણ તે આ સંસ્થાના મોટા મકાન માટે બંધબેસતી નહોતી. આ અરસામાં હું એક વખત સી. એલ. પટેલને મળવા ગયેલો. સામાન્ય વાતચીત કર્યા પછી મેં Institute ના Project વિશે પણ વાત કરી. મેં તેમને જણાવ્યું કે કામ શરૂ કરવાના થોડાઘણા પૈસા એકઠા થયા છે અને સુર્યકાન્તભાઈએ Institute ના મકાનની સરસ ડીઝાઈન તૈયાર કરી આપી છે. સી. એલ. પટેલે મારી કલ્પના બહાર ત્વરિત અને નાટ્યાત્મક પ્રતિભાવ આપતા કહ્યું કે ''પાઠક સાહેબ, તમે તમારા Projectમાં ઘણા આગળ છો. ચારુતર વિદ્યામંડળે યુનિવર્સિટી નજીક એક જમીન તેના Project માટે રાખેલી છે. જો યુનિવર્સિટી આ સંસ્થા સાથે એચ. એમ. પટેલનું નામ જોડવાની હોય તો હું આ જમીન આપવા તૈયાર છું.'' તેમણે લગભગ ચાર કરોડના માતબર મૂલ્યની આ જમીન યુનિવર્સિટીને આપી, જેના ઉપર H. M. Patel Institute નું ભવ્ય અને આધુનિક મકાન તૈયાર થયું અને તેનું ઉદ્‌ઘાટન તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું. આ કેવો યોગાનુયોગ? સી. એલ. પટેલને મળવા ગયો ત્યારે જમીન અંગે માંગણી કરવાની કલ્પના પણ નહોતી કરી. સામાન્ય વાતચીત કરતા કરતા ઈશ્વરની પ્રેરણાથી સાવ સહજતાથી પાંચ મિનિટમાં સી. એલ. પટેલે જમીન આપવાની બાંહેધરી આપી દીધી! આવી ઉદાર સહાય માટે સી. એલ. પટેલ અને ચારુતર વિદ્યામંડળ હંમેશાં યાદ રહેશે. સી. એલ. પટેલ સાથેનું આ મારું બહુ સુખદ સંભારણું છે.

(ભૂતપૂર્વ પ્રોફેસર, અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ અને ભૂતપૂર્વ
ઓનરરી ડાયરેક્ટર એગ્રો ઈકોનોમીક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી, વિ.વિ.નગર)



## ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે થયેલ ક્રાંતિના સુકાની- ડૉ. સી.એલ. પટેલ

**ધ્રુવકુમાર પી. છાયા**

પૂજ્ય સરદાર સાહેબની પ્રેરણાથી પૂજ્ય ભાઈકાકા તથા ભીખાભાઈએ શરૂ કરેલ વિદ્યાનગર (ચારુતર વિદ્યામંડળ) સંકુલને પૂજ્ય એચ.એમ. પટેલ અને તેમના જેવા કર્તવ્યનિષ્ઠ મહાનુભાવોની કાર્યદક્ષતા અને સુદ્રઢ વહીવટે પ્રતિષ્ઠા આપી તેને આગળ ધપાવી. છેલ્લા બે દાયકામાં આ સંકુલના અધ્યક્ષ તરીકે ડૉ. સી.એલ. પટેલે આપેલા ફાળાએ આ સંકુલને ચાર ચાંદ લગાવ્યા છે. તેમના આ ફાળાને કોઈ ભૂલી શકે નહિ. તેમના અથાગ પ્રયત્નોને કારણે ચારુતર વિદ્યામંડળે દેશ અને પરદેશમાં ગુજરાતના નાગરિકોના હૃદયમાં એક ભાવાત્મક અને આદરપૂર્વકનું સ્થાન પ્રાપ્ત કર્યું.

ડૉ. સી.એલ. પટેલ સાથેનો મારો પરિચય લગભગ ૨૦ વર્ષનો રહ્યો. તેમાં પણ પહેલાં પાંચ વર્ષ એટલે કે ૧૯૯૯ થી ૨૦૦૫ સુધી તેમની સાથે નજીકથી કામ કરવાની તક મળી. ગુજરાતમાં ૧૯૯૫ થી સ્વનિર્ભર સંસ્થાઓની શરૂઆત થઈ અને લગભગ ૧૯૯૯ કે ૨૦૦૦માં ટેક્નિકલ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ આપતી સ્વનિર્ભર સંસ્થાઓમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. સાથે સાથે આ સંસ્થાઓની શરૂઆતમાં સરકારી વિભાગો અને ખાસ કરીને શિક્ષણ વિભાગ સાથે, ફી રેગ્યુલેટરી કમિટી અને એડમીશન કમિટી (એ.સી.પી.સી.) સાથે ઘણી સમસ્યાઓ હતી. ગુજરાત સરકાર સહિત તમામ માટે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓની આ નવી શરૂઆત હતી. આથી બન્ને પક્ષે એક ચોક્કસ પ્રકારની સમજ કેળવવાની તાતી જરૂરિયાત હતી.

ઉપરોક્ત સંજોગોમાં ડૉ.સી.એલ. પટેલ અને અન્ય કેટલાક અગ્રણીઓએ પહેલ કરીને સામૂહિક રીતે દરેક સમસ્યાનો તલસ્પર્શી અભ્યાસ કરી જુદી જુદી જગ્યાએ સચોટ રજૂઆત કરી શકાય તે માટે બધી જ સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટસ ખાસ કરીને પ્રોફેશનલ કોર્સીસ માટેનું એક ઍસોસિયેશન ઊભું કર્યું અને તેના પ્રમુખ તરીકેની જવાબદારી ડૉ. સી.એલ. પટેલને સોંપવામાં આવી. સાથે સાથે ઍસોસિયેશનના સભ્ય સચિવ તરીકેની જવાબદારી મને અને સ્વ. આર.સી. દેસાઈને સોંપવામાં આવી. તે જ સમયે સુપ્રિમ કોર્ટે પણ સ્વનિર્ભર સંસ્થાઓ માટે જુદા જુદા સીમાચિહ્નરૂપ ચુકાદાઓ આપ્યા તેને કારણે તેમના અર્થઘટન મામલે પણ અનેક પ્રશ્નો જુદી જુદી સંસ્થાઓ સાથે થયા હતા. ઍસોસિયેશન દ્વારા પણ સુપ્રિમ કોર્ટ સુધી અમુક બાબતે રજૂઆત કરવાનું ઉચિત ઠેરવવામાં આવ્યું.

ઉપરોક્ત સંજોગોમાં સેલ્ફફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઍસોસિયેશનનું કામ પણ કઠિન બન્યું. પરંતુ ડૉ.સી.એલ. પટેલની રાહબરી નીચે સૌ આગળ વધ્યા. તેઓ સચોટ, સ્પષ્ટ અને આક્રમક રજૂઆત ઉચ્ચસ્તર સુધી કરતા અને ધાર્યું પરિણામ તમામ કૉલેજોના અને શિક્ષણના હિતમાં લાવવાનો પ્રયત્ન પણ કરતા. ગુજરાતના શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓની તેઓ સતત ચિંતા કરતા રહેતા.

મારા તેમની સાથેના કાર્ય દરમ્યાન એ સ્પષ્ટ તરી આવતું કે ડૉ.સી.એલ. પટેલ જે કામ હાથમાં લેતા તેને પૂરું કરવામાં તન-મન અને ધનથી મહેનત કરતા અને ફૂલ કમિટમેન્ટ સાથે કામ કરતા. તેઓ સ્પષ્ટવકતા હતા. તેઓના વ્યક્તિત્વમાં જ '4-D'નો સતત અનુભવ થયા કરતો. '4-D' એટલે 'Determination, Dedication, Devotion & Discipline' આ ચારે 'D'નો ઉપયોગ તેમની કાર્યશૈલીમાં તેમણે ભરપૂર કર્યો અને તેમની ટીમના સભ્યો પાસે પણ કરાવ્યો. જેને કારણે તેમને ઘણાંબધા 'S' મળ્યા જેવા કે 'Satisfaction, Success, Self Confidence, Security and above all satisfaction of providing services to the society આ '4-D' દ્વારા મળેલા 'S' ને કારણે ચારુતર વિદ્યામંડળની સંસ્થાઓમાં Sustainable growth, assured value and consistent qualityનો અનુભવ કરી શકાયો.

મારો તેમની સાથેનો નાતો છેક જીવ્યા ત્યાં સુધી રહ્યો. તેઓ મને મિત્ર ગણતા અને ઘણી બધી ચર્ચાઓ વારંવાર અમે મળતા ત્યારે કરતા. છેલ્લે હું તેમના અવસાન પહેલા તેમના નિવાસસ્થાને ૧૦ દિવસ પહેલા જ મળ્યો હતો. ત્યારે પણ શિક્ષણને લગતા ઘણાં પ્રશ્નોની ચર્ચા કરી હતી.

તેમના જવાથી શિક્ષણ જગતને અને ખાસ કરીને વિદ્યાનગરના તમામ સંકુલને મોટી ખોટ પડી છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ બક્ષે.

(હાલ એડવાઈઝર અને ભૂતપૂર્વ ડાયરેક્ટર (AGA),
નિરમા યુનિવર્સિટી)

# WORKING WITH DR. C. L. PATEL

**Dr. Naresh Jotwani**

My working relationship with the Late Dr. C. L. Patel Saheb began in early 1996 when I was appointed as In-charge Principal of the upcoming self-financed college G. H. Patel College of Engineering & Technology (GCET). This responsibility was given to me in addition to my regular workload at BVM. Before GCET could admit students in 1996 (in IT and Chemical Engineering), there were a hundred things to be completed. Dr. Patel's strong and consistent moral support – and also his ability to take quick decisions – were immensely helpful to us in that period.

My appointment as GCET Principal was later made regular after the required round of selection interviews. During that period, I also had the privilege and the pleasure to get to know Dear Gordhankaka, our donor and a great warm-hearted person. A prospective donor who had earlier promised support to the new college unfortunately changed his mind at the very last moment. Without losing heart, Dr. C. L. Patel single-handedly persuaded Gordhankaka to make his generous donation towards GCET. Dear Gordhankaka actually thanked Dr. C. L. Patel for giving him an opportunity to serve the cause of education!

Naturally, during those early years, many issues would come up on almost daily basis. Many of these issues were related to the ongoing construction, and Dr. C. L. Patel was invariably helpful, understanding and decisive. GCET was the first self-financed engineering college of CVM, and I can definitely say that Dr. Patel poured his heart out towards ensuring that it would come up as an excellent institute. In academic matters, we had plenty of freedom, since the college was affiliated at that time to Sardar Patel University. After spending the academic year 1996-97 on BVM premises, in the first semester of 1997 we shifted to the upcoming GCET building, even though only a small part of it was ready for occupation. We took care to ensure that students would not wander off to the parts which were under construction.

GCET made steady progress over the next few years. Dr. C. L. Patel was unhappy with the attitude of the regulatory authorities in the matter of increasing our intake in Chemical Engineering from 60 to 120. When that increase became almost impossible to get approved, we later opted for a broader mix of course offerings. In hindsight, perhaps it was better that we opted for intake of 60 each in a number of diverse branches; the benefits of this diversity have become clear over the ensuing years.

Working with Dr. C. L. Patel over the first few years in the life of GCET was an extremely valuable and memorable experience of my life, with immense learning value for me. GCET has a very good name today among the engineering colleges of Gujarat, and also ranks within the top 100 in India. The entire GCET team will agree with me that Dr. C. L. Patel's strong support in the crucial early years made a huge contribution to achieving that status.

**(Founder Principal, G.H. Patel College of Engineering & Technology, Vallabh-Vidyanagar)**



## મહર્ષિ ડૉ.સી.એલ. પટેલ- 'ચરોતરનું કલ્પવૃક્ષ'

**પ્રો. ડી.એન. ભટ્ટ**

અત્યંત વિચારશીલ વર્ગની વ્યક્તિઓમાં કેટલાક તો વિઘ્નના ભયથી શ્રેષ્ઠ કાર્યનો આરંભ જ નથી કરતા જ્યારે તેમાંના થોડાક ઉત્સાહી લોકો કામનો આરંભ કર્યા પછી વિઘ્ન આવે ત્યારે અટકી જાય છે. પણ ચરોતરના પાટીદારોનો મુખ્ય મહાન મૂળ સ્વભાવ એવો રહેલો છે કે અડચણથી ભય પામીને કદી તેઓ શરૂ કરેલા કાર્યને છોડતા નથી. સરદાર પટેલની પ્રેરણા અને દોરવણીથી પૂ. ભાઈકાકાએ (અને ભીખાકાકા) ધૂણી ધખાવીને ચારુતર વિદ્યામંડળની શરૂઆતમાં ૧૦-૧૫ વર્ષમાં અધ્યક્ષશ્રી તરીકે ઊંડી સૂઝબૂઝનો ઉપયોગ કરીને વલ્લભ-વિદ્યાનગરની એક મહાન વિદ્યાનગરી તરીકે ઘણી જ કુશળતા દાખવીને સ્થાપના કરી અને પોતે પ્રજ્વલિત કરેલી ધૂણીને જીવનના અંત સુધી અથાગ કાર્ય કરીને મહાન દિવ્ય વિદ્યાની જ્યોતિમાં પરિવર્તીત કરી અને કુશળ વહીવટદાર ડૉ. એચ.એમ. પટેલ સાહેબના સુરક્ષિત હાથોમાં સોંપવાની વહેલી તક સામે ચાલીને ઝડપી જેના પરિણામે વિદ્યાનગરીનો સુંદર ઘાટ જે ઘડાયેલો તેમાં પ્રાણો ધબકતા થયા, વધુ સુંદર વિકાસ થયો અને ઘણી સંસ્થાઓ નામાંકિત થઇ, નવી સંસ્થાઓ સ્થપાણી અને વલ્લભ વિદ્યાનગર અને અહીંના તજજ્ઞોએ વિશ્વભરમાં તેજ પ્રસરાવવાનું કાર્ય કર્યું.

ડૉ.સી.એલ. પટેલ પાસે કોઠાસૂઝ, દૂરંદેશીપણું, હિંમત, સાહસ અને અડગ ટેકીપણું ભરપૂર માત્રામાં કુદરતની બક્ષીસરૂપે હતું જ અને ૧૯૯૪ થી ૨૦૧૮ની શરૂઆત સુધીના ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકેના એમના સમયગાળામાં જ્યારે નવી ગ્રાંટ-ઇન-એઇડ સંસ્થાઓને મંજૂરી આપવાની પોલીસી બંધ થઇ અને માત્ર નવી સેલ્ફ ફાઇનાન્સ કૉલેજો જ ચાલુ કરવાની મંજૂરી આપવાનો નિર્ણય ૧૯૯૨ થી અમલમાં આવ્યો ત્યારે વરસોવરસ વિદ્યાકીય ટ્રસ્ટોને ગ્રાંટ-ઇન-એઇડ સંસ્થાઓની પ્રત્યેક વર્ષની ઉત્તરોત્તર વધતી જતી ખાધ ચિંતા ઉપજાવવા માંડી અને આવી વિકટ પરિસ્થિતિમાં શ્રી સી.એલ. પટેલે પોતાની તમામ શક્તિઓ, ગુણો અને લાક્ષણિકતાઓને પૂરજોશથી કામે લગાડીને આત્મબળનો પરિચય પૂરો પાડ્યો હતો. આ વિકટ પરિસ્થિતિ દૂર કરવાનો એક માત્ર ઉપાય સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓની સ્થાપના કરીને ગુજરાત સરકાર, યુજીસી, એ.આઇ.સી.ટી.ઇ., યુનિવર્સિટી સત્તા મંડળો અને ભારત સરકારના નિયમો મુજબ બધી જ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક વ્યવસ્થા ટૂંકી સમય મર્યાદામાં યથાયોગ્ય રીતે પૂરી પાડીને ઉત્તમ સંચાલન શક્તિ દાખવીને વિદ્યાકીય ઉત્થાન વડે ઉચ્ચ કેળવણીની સંસ્થાઓ સહિતની સર્વ પ્રકારની નાની મોટી વિદ્યાસંસ્થાઓને પણ પ્રગતિના પંથે લઇ જઇને તે સર્વ વડે સુયોગ્ય રીતે ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓને મદદ તે કાર્ય વડે કરવાની યોજનાઓ તેમણે લશ્કરી ઢબે રાત્રી-દિવસ જોયા વગર અથાગ પ્રયત્નો કરી અમલમાં મૂકી અને સહ કાર્યકરો, દરેક વર્ગની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને બહોળા દાતાવર્ગનો સહકાર મેળવી તથા કુટુંબના પ્રત્યેક સભ્યની પાસેથી પ્રેરણા લઇને, મોટાં દાન ચારુતર વિદ્યામંડળને મેળવી આપીને સર્વ દિશાઓમાં વલ્લભ-વિદ્યાનગરની ખ્યાતિ વધારી.

સર્વ પ્રકારની વિદ્યાશાખાઓવાળા વલ્લભ વિદ્યાનગર (ન્યૂ વલ્લભ વિદ્યાનગર સહિત)ની આણંદ જિલ્લામાં સ્થાપના કબીરવડની ઝાંખી કરાવવા સાથે અહીંની વધી રહેલ પ્રગતિનાં મીઠાં ફળ આજે તો આસપાસનાં અને દૂરનાં હજારો કુટુંબો અને વેપારીવર્ગ માટે સુખ, સાહ્યબી વધારવાનું નિમિત્ત બનીને અદ્‌ભુત સુગંધ ફેલાવી રહેલ છે.

વલ્લભ વિદ્યાનગરના ઉત્કર્ષમાં મુખ્યત્વે ચારુતર વિદ્યામંડળની મેનેજમેન્ટ, અધ્યાપકો, પ્રાધ્યાપકો, પ્રિન્સિપાલશ્રીઓ અને અસંખ્ય વિદ્યાર્થીઓના પ્રશસ્ય પુરુષાર્થને લીધે ચરોતર પ્રદેશ સાચા અર્થમાં 'ચારુતર' નામને વધુ સાર્થક કરી રહ્યો છે અને બીજા હજારો કુટુંબોની જીવાદોરી બનવાનું શ્રેય આ પ્રદેશના મહાન દાતાઓ અને અહીંની ઘણી સામાજિક સંસ્થાઓના અગણિત કાર્યકરો અને અહીંની ઘણી સામાજિક સંસ્થાઓના પ્રેરણાદાયી સંચાલકોને ફાળે જાય છે.

ડૉ.સી.એલ. પટેલના માર્ગદર્શનના કારણે કેટલીક જવાબદારી હું નિભાવી શક્યો અને સવિશેષ એમ.બી.આઇ.સી.ટી. (મહિલા એન્જિનિયરીંગ કૉલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર)ની સ્થાપનાના કાર્યમાં તેમની સાથે કાર્યકર તરીકે, ન્યુ દિલ્હીમાં તે કાર્ય માટે અનેક દિવસો સુધી સાથે રહેવાનું તેમજ કાર્ય સિદ્ધ થયું ત્યાં સુધી તેમનું માર્ગદર્શન મળ્યું તેનો લ્હાવો મળ્યો છે.

સંતોષ સાથે એ બાબતની યથાયોગ્ય નોંધ લઉં છું

કે, હાલની ચારુતર વિદ્યામંડળની નવી મેનેજમેન્ટની ટીમ પૂ. ભાઈકાકા, ડૉ.એચ.એમ. પટેલ અને ડૉ.સી.એલ. પટેલની જેમ ચારુતર વિદ્યામંડળને વધુ મજબૂત બનાવશે. ઈશ્વર તેમને હરહંમેશ સહાય કરે અને વિદ્યાર્થીવર્ગ શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારી ભાઈઓ તથા બહેનો અને ચરોતર ઉપરાંત દેશ-વિદેશના દાતાવર્ગ અને શુભેચ્છકો પોતપોતાની શક્તિ અને ભાવના મુજબ હંમેશાં એન્જિનિયર શ્રી ભીખુભાઈ બી. પટેલ અને ટીમને સહકાર આપશે.

અંતમાં, ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના અને વલ્લભ વિદ્યાનગરના ઉત્કર્ષની સાથે મહર્ષિ ડૉ. સી.એલ. પટેલ સાહેબનું નામ હંમેશાં ઘણા આદર સાથે લેવાશે અને તેઓશ્રીને શ્રદ્ધાંજલિ આપતાં હું વિનમ્ર અને નતમસ્તક બન્યો છું. ધર્મ અને સદ્‌ગુરૂ હંમેશાં તેમનું કલ્યાણ કરે અને તમામ કુટુંબીજનોને સુખી રાખે.

ૐ ૐ ૐ (મો: ૯૪૨૮૯૦૨૮૪૫)

આજે જ્યારે દેશનો ૪૦% યુવાવર્ગ દેશની જવાબદારી સંભાળવા થનગની રહ્યો હોય ત્યારે તેનું યોગ્ય ઘડતર કરવા પોતાને મનફાવે તેવા પ્રયોગો અજમાવવાને બદલે સાચા અર્થમાં જ્ઞાનસભર નાગરિકો તૈયાર કરી વિકાસ થાય તેવું આયોજન અને વ્યવસ્થા ગોઠવાય તે રાજ્ય અને દેશના હિતમાં છે. આવું આયોજન થશે તો જ આપણું યુવાધન વૈશ્વિક સ્તરે પોતાનો સિક્કો જમાવી શકે. આને માટે આપણે સૌએ પ્રયત્નશીલ રહેવું પડશે.

હજારો વર્ષ પહેલાં આપણે ત્યાં તક્ષશિલા અને નાલંદા જેવી સંસ્થાઓ હતી, જ્યાં પરદેશના મહાનુભાવો પોતાની જ્ઞાનપિપાસા સંતોષવા આવતા. તે જ રીતે આજે દેશમાં શિક્ષણક્ષેત્રે તક્ષશિલા અને નાલંદાને વધુ સારી રીતે ઓપ આપવા ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, હાર્વર્ડ અને એમઆઈટીનાં સારાં પાસાં સ્વીકારીને આપણે જરૂર આપણી શિક્ષણ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવી જોઈએ.

(સાભાર: મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)

કોઈ પણ પ્રવૃત્તિ ચાહે એ સેવા હોય કે બીજા કોઈ કાર્ય સાથે જોડાયેલી હોય, તેમાં આપણા વિચારો રચનાત્મક હોવા જોઈએ. આવા રચનાત્મક વિચારો જ માણસને સાચા અર્થમાં સેવા કરવાનો પૂરેપૂરો અવકાશ આપે છે. આપણે જોતા આવ્યા છીએ કે જે કોઈ વ્યક્તિ રચનાત્મક પ્રવૃત્તિમાં સેવાને વરે છે તેને જ દુનિયા કાયમ યાદ કરે છે. સામે પક્ષે ખંડનાત્મક પ્રવૃત્તિ કે સેવા સાથે જોડાયેલા સમાંતરે ભુલાઈ જાય છે. આથી જ સેવા અને સમર્પણને એક સાથે રાખીને પોતાના જીવનને અમૂલ્ય બનાવવું જોઈએ.

કોઈપણ દેશના નાગરિકોમાં ધર્મઝનૂન ઈચ્છનીય નથી, પણ પોતાના ધર્મનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાળાઓમાં પૂરતી સગવડ હોવી અનિવાર્ય છે. આજકાલ રાજ્યમાં અને દેશમાં જે ભ્રષ્ટાચાર વ્યાપી રહ્યો છે તેનું કારણ રાષ્ટ્રપ્રેમનો અભાવ, નાગરિકો માટે ઓછો પ્રેમ તેમજ સ્વાર્થવૃતિ છે. હરેક નાગરિકની ફરજ છે કે તેણે જે કાંઈ પ્રાપ્ત કરવું હોય અને જે કાંઈ પ્રાપ્ત કરે તેમાં પોતાના પરસેવાની સુગંધ ભળવી જોઈએ. કોઈનો પણ હક ના છીનવાય તે રીતે રાજનેતા પોતાની ફરજ નિભાવે.

કોઈપણ વ્યક્તિ બે નાગરિકત્વને વફાદાર રહી શકે નહીં. નાગરિકત્વ જીવનની શૈલી છે. પ્રત્યેક રાષ્ટ્રનું નાગરિકત્વ જુદું છે. ભારતનું નાગરિકત્વ ધરતીમાંથી જન્મ્યું છે. વિશ્વામિત્ર, સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધી જેવાએ એને ઉછેર્યું છે. એ નાગરિકત્વને પોષક એવું આપણું જીવન હોય તે જરૂરી છે. એ દૃષ્ટિએ મારું મંતવ્ય છે કે નાગરિકત્વ એક જ રાષ્ટ્રનું હોવું જોઈએ.

(સાભાર: મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)



## ડૉ.સી.એલ. પટેલ સાહેબના સંસ્મરણો

**પ્રિ. એન.એલ. સંઘવી**

ડૉ. સી. એલ. પટેલ સાહેબ... શબ્દ સાંભળતા જ મનમાં અનેક સંસ્મરણો અને યાદ તાજી થાય છે. સી. એલ.ના હુલામણા નામથી પરિચિત શ્રી ડૉ. સી. એલ. પટેલ સાહેબ દરેકના હૃદયમાં આજીવન બિરાજમાન રહેશે તેમની સાથેનો મારો નાતો અને પરિચય ૧૯૯૨ થી જીવન પર્યન્ત રહ્યો છે. તેમના વિષેના સંસ્મરણો લખવા બેસીએ તો એક ગ્રંથ લખાઈ જાય પરંતુ એક બે સંસ્મરણો રજૂ કરી સદ્‌ગતને અંજલિ અર્પીશ.

૧૯૯૨ માં શ્રી સી. એલ. પટેલ સાહેબ ચારુતર વિદ્યામંડળમાં માનદ મંત્રી તરીકે છાત્રાલયોનો વહીવટ કુશળતાપૂર્વક સંભાળતા હતા. હું બી. જે. વી. એમ. કૉલેજમાં મારી શિક્ષણની અધ્યાપક તરીકેની કામગીરી ઉપરાંત છાત્રાલયના રૅકટર તરીકે ફરજ બજાવતો હતો. તે સમયે લિબર્ટી છાત્રાલયના વિદ્યાર્થીઓ ૩૧ મી ડિસેમ્બરે ગેરશિસ્ત આચરી. સવારમાં જ સી. એલ. પટેલ સાહેબે અમને બોલાવ્યા અને શિસ્તના આગ્રહી એવા સી. એલ. સાહેબે દરેક વિદ્યાર્થીને દંડ ફટકાર્યો. અમે દંડ માફ કરી વિદ્યાર્થીઓની લેખિત માફી મંગાવી જતુ કરવા આગ્રહ કર્યો પરંતુ સાહેબ અડગ રહ્યા છાત્રાલયના દરેક વિદ્યાર્થી પાસેથી રૂ. ૧૦૦/- (અંકે રૂ. એકસો પુરા) દંડ વસુલ કરાવી તે દંડની રકમમાંથી વૉટર કૂલર લાવી આપ્યું. આ રીતે દંડની રકમમાંથી વિદ્યાર્થીઓની સવલત આપી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

૧૯૯૪થી સાહેબે ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન તરીકે હોદ્દો સંભાળ્યા બાદ તેમની સાથે મારો પરિચય વધતો જ ગયો. અવાર - નવાર બી. જે. વી. એમ. કૉલેજની કામગીરી અર્થે મળવા જવાનું થતું આ સમય દરમ્યાન તેમની શિસ્ત, નિર્ણય શક્તિ, મક્કમતા, કુનેહ, નિષ્ઠા અને પ્રામાણિકતાનો અનુભવ થતાં તેમના માટે અનેક ગણું માન ઊભું થતું ગયું.

૨૦૦૫માં ૨૦ મી એપ્રિલે બપોરે ૧:૦૦ વાગે મને બોલાવી બી. જે. વી. એમ. કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય તરીકે ચાર્જ લેવા જણાવાયું મારી થોડી અનિચ્છા હોવા છતાં મને ચાર્જ લેવા આગ્રહ કરતા હું ૨૦/૦૪/ ૨૦૦૫ ના રોજ બી. જે. વી. એમ. કૉલેજનો ઈન્ચાર્જ આચાર્ય બન્યો. આઠ વર્ષ સુધી આચાર્ય તરીકે તેમની સાથે અનેક પ્રકારની કામગીરીમાં સામેલ થવાનું સૌભાગ્ય સાપડયું. આચાર્ય તરીકે અનેક સંસ્મરણો તાજા થાય છે.

૨૦૦૭માં કેટલાંક અસામાજિક તત્ત્વોએ મારી પાસે ગેરકાયદેસર રીતે બી. કોમ. /બી. બી. એ. માં પ્રવેશ માટે દબાણ કર્યું. મેં સી.એલ. પટેલ સાહેબનું ધ્યાન દોર્યું, સાહેબે તેમને બોલાવી નીડરતાપૂર્વક બી. જે. વી. એમ. કોલેજ માં પગ નહિ મૂકવા ફરમાન કર્યું અને મારા આચાર્ય તરીકે ના આઠ વર્ષ દરમ્યાન આ તત્ત્વોએ કોલેજમાં પગ પણ મૂક્યો નહીં તે ડૉ. સી. એલ. પટેલ સાહેબની હિંમતના દર્શન કરાવે છે.

ડૉ. સી. એલ. પટેલ સાહેબની વિશિષ્ટતા એ હતી કે તેમની પાસે કોઈ પણ કામગીરી માટે જઈએ ત્યારે તાત્કાલિક નિર્ણય લઇ ત્વરિત પ્રશ્નોનો નિકાલ કરે જ. જે નિર્ણય લે તેમાં પીછેહઠ ના જ કરે. દરેક શૈક્ષણિક સંસ્થાના હેડને તે પીઠબળ પૂરું પાડતા, સાંભળતા, બિરદાવતા અને જરૂર પડે ઠપકો આપી ચેતવણી પણ આપતા એવા ડૉ. સી. એલ. પટેલ સાહેબ ને સલામ.

૨૦૧૩ માં કૉલેજના વાર્ષિકોત્સવ વખતે તેમની તબિયત અસ્વસ્થ હતી, હું આમંત્રણ આપવા ગયો તેમણે થોડી અશક્તિ દાખવી પરંતુ મેં જણાવ્યું કે મારો આચાર્ય તરીકે છેલ્લો વાર્ષિકોત્સવ છે અને હું નિવૃત્ત થવાનો છું તેથી તરત જ મને હા પાડી અને વાર્ષિકોત્સવમાં હાજર રહી મારી કામગીરીને બિરદાવી મારું અભિવાદન કરી સેવાઓની નોંધ લીધી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય સાથે હું ઘણા વર્ષોથી જોડાયેલો છું. તેથી તેમને અવાર-નવાર અમારા છાત્રાલયની મુલાકાત લઇ માર્ગદર્શન પૂરું પાડી સંસ્થાની પ્રગતિ બદલ ધન્યવાદ પણ પાઠવ્યા છે. ડૉ. સી. એલ. પટેલ સાહેબે અનેકવિધ સંસ્થાઓ સ્થાપી ચારુતર વિદ્યામંડળનું નામ વિશ્વના નકશામાં અંકિત કરેલ છે. તેમની ખોટ અવશ્ય પડશે. પરમ કૃપાળુ પરમેશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

ૐ શાંતિ...

(નિવૃત્ત આચાર્ય, બી.જે.વી.એમ. કોલેજ,
વલ્લભ વિદ્યાનગર)

## ॥ સાહિત્યિક પ્રવૃત્તિઓના પ્રોત્સાહક : સી.એલ. ॥

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

વલ્લભ વિદ્યાનગરની સ્થાપના થતાં એને જે વિદ્યાપુરુષો પ્રાપ્ત થયા એમાં ગુજરાતી સાહિત્યના વિદ્વાન ડૉ. ડોલરરાય માંકડનું નામ આપણે આદરથી લઇએ છીએ. પૂ. ભાઇકાકા અને ભીખાભાઇ સાહેબે તેમને સ્વાયત્તતા બક્ષેલી પરિણામે ગુજરાતીના અધ્યાપકસંઘનું પ્રથમ સંમેલન વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયું હતું. તેના અધ્યક્ષ સ્થાને રામનારાયણ પાઠક સાહેબ હતા એ સંમેલનમાં ત્યારે મુંબઇથી માંડી સૌરાષ્ટ્ર સુધીના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે વગડો લાગતું વિદ્યાનગર ત્યારથી જ વૃંદાવનમાં રૂપાંતરિત થતું રહ્યું છે. પૂ.ભાઇકાકાના મનમાં વિદ્યાનગરની સંકલ્પના ‘સરસ્વતીચંદ્ર’ના કલ્યાણગ્રામમાંથી પ્રાપ્ત થયાનું કબૂલાયું છે. ગુજરાતના જાહેર જીવનના સિંહ-પુરુષ અને સાહિત્યકાર ઇન્દુલાલ યાજ્ઞિકે આ ધરતીને ‘વિદ્યાનગર’નામ આપ્યું છે. એ સમયગાળામાં આ ભૂમિમાં ઝવેરચંદ મેઘાણીએ પ્લોટ ખરીદી વસવાટ કરવાના અરમાનો સેવ્યા હતાં અને સુરેશ જોશી આ કેમ્પસમાં કામ કરતા હતા. ૧૯૭૪માં આ ભૂમિમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭મું અધિવેશન ગુલાબદાસ બ્રોકરના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. ઊંડા વિદ્યાનુરાગી એચ.એમ. પટેલે સાહિત્ય પરિષદને નિમંત્રણ પાઠવ્યું હતું. ત્યારબાદ સી.એલ. પટેલ સાહેબે એ પરંપરાને જાળવી રાખી. ઇ.સ. ૨૦૦૪માં ૨૩મું જ્ઞાનસત્ર ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે યોજીને સાહિત્ય પરિષદને નિમંત્રી હતી. ભાઇકાકા વ્યાખ્યાનમાળા તથા ઇશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળામાં સાહિત્યકારોને પ્રતિવર્ષ નિમંત્રી એનાં વ્યાખ્યાનોમાં સી.એલ. પોતે હાજર રહેતા હતા. ‘વિ’નામના સંસ્થાગત સામયિકને ઊંચા સાહિત્યિક સામયિકની હરોળમાં લઇ જવા માટે સંપાદકોને પૂરી સ્વાયત્તતા બક્ષી હતી. જ્ઞાનસત્રના નિમિત્તે ‘રૂપલબ્ધિ’ પ્રકાશન પણ તેમણે તૈયાર કરાવ્યું હતું. ‘વિ’ માં વિદ્યાર્થીઓની મૌલિક રચનાઓ પ્રગટ થાય તેનો આગ્રહ રાખતા હતા.

સી.એલ.ના શાસનકાળ દરમિયાન ચારુતર વિદ્યામંડળ દ્વારા એચ.એમ. પટેલ સ્મૃતિગ્રંથ, ચારુતર વિદ્યામંડળ રજત જયંતી ગ્રંથ, વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા-૧-૨, ભાઇકાકા વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનોની પુસ્તિકાઓ, ઇશ્વર પેટલીકર વ્યાખ્યાન માળા, એચ.એમ. પટેલ સ્મૃતિ વ્યાખ્યાન, અધ્યક્ષીય વ્યાખ્યાનો, સી.એલ.ના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે ગ્રંથ જેવા ઘણાં પ્રકાશનો પણ થઇ શક્યાં છે. પ્રા. નવનીત ચૌહાણ દ્વારા હિન્દી નાટકો પ્રતિવર્ષ કેમ્પસમાં ભજવતાં રહ્યાં છે તેમાં તેમની ઉપસ્થિતિ પણ રહી છે. તેમજ ચિત્રકાર અજિત પટેલ, કનુ પટેલના માર્ગદર્શન હેઠળ કેટલીયે ફાઇન આર્ટ્સ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

‘વિ’ સામયિક ચારુતર વિદ્યામંડળ દ્વારા ૧૯૬૪થી ચાલે છે તે પ્રારંભે પાક્ષિક હતું. સી.એલ.ના સમયકાળમાં ‘વિ’નો કાયાકલ્પ ડૉ. અજિત ઠાકોર તથા કવિ હરીશ મીનાશ્રુ દ્વારા થયો અને ગુજરાત પ્રતિષ્ઠિત સાહિત્યિક સામયિકનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. (૧૯૮૪ થી ૯૦) તે સમયગાળામાં પરિષ્કૃત ગુજરાતી વાર્તા, પરિષ્કૃત ગીત, પરિષ્કૃત ગઝલ, કન્નડ કવિતા વિશેષાંગ, અનુવાદ, દલિત સાહિત્ય એમ એકાધિક વિશેષાંકો મૂલ્યવાન તૈયાર થયા છે તેમના કાર્યકાળમાં નામી સર્જકોએ વિદ્યાનગરની મુલાકાત લઇ તેના અંગે વાતો કરી છે. જાણીતા પત્રકાર હરિ દેસાઇની સન્નિધિ પ્રાપ્ત થતાં સી.એલ.ના સાહિત્યિક વિચારો અવારનવાર ‘વિ’ દ્વારા પ્રજા સમક્ષ મૂકાતા રહ્યા છે. કૉલેજોમાં સાહિત્યિક પ્રવૃત્તિઓને તેમના દ્વારા પ્રોત્સાહન મળતું રહ્યું છે. ‘કુમાર સુવર્ણચંદ્રક’ (૨૦૦૮) ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટને જાહેર થયો ત્યારે ‘કુમાર’ના ધીરુ પરીખ તંત્રીશ્રીને પત્ર લખી એ કાર્યક્રમ વિદ્યાનગરમાં રાખવાનો આગ્રહ રાખ્યો અને તેમના અધ્યક્ષસ્થાને તે સુપેરે યોજાયો. નવી વિનયન કૉલેજ અને ફાઇન આર્ટ્સ કૉલેજના વિકાસમાં પણ ઊંડો રસ લઇ તેનો વિકાસ કર્યો. પ્રત્યેક કૉલેજના ‘વાર્ષિકોત્સવ’માં મુખ્યમહેમાને કરેલા ભાષણના સાહિત્યિક ઉત્તમ અંશોની હંમેશાં તેમણે અનુમોદના કરી છે. આમ સી.એલ. સાહિત્યિક પ્રવૃત્તિઓના પ્રોત્સાહક બની રહ્યા છે.

(નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર)

## શ્રી સી.એલ.: એક ગુણાનુરાગી વ્યક્તિ

**જયંત ઓઝા**

વલ્લભ વિદ્યાનગરમાં વીસેક વર્ષથી સ્થાયી થયો છું. શિક્ષણ ક્ષેત્રે પ્રત્યક્ષ સંકળાયેલો નહીં. ભૂમિતિની પરિભાષામાં કહું તો વર્તુળની સ્પર્શરેખા પરથી કેન્દ્રને જોવાય એમ મારે શ્રી સી.એલ. પટેલ સાહેબને જોવાનું બનતું. સરદાર પટેલ સ્મારક ભવનમાં માનદ નિયામક હતો ત્યારે એમને પ્રસંગોપાત મળવાનું થતું. એમનો નિકટનો પરિચય તો થયો સામયિક 'વિ-વિદ્યાનગર' નિમિત્તે. એક ગામઠી (કે ગામડી?) જોડકણાંમાં કહું તો-

*નામ ભલે 'છોટુ'*<br>
*પણ કામ કર્યું મોટું*<br>
*ને સાંખી ન લે 'ખોટું'..*

પણ મારે વાત કરવી છે શ્રી સી.એલ. પટેલ સાહેબના વ્યક્તિત્વના એ પાસાની જે માણસ પારખું છે. વિશેષ તો કઇ વ્યક્તિ ક્યાં સક્રિય રીતે સંલગ્ન છે એ જાણે અને વિદ્યાનગરના વિકાસમાં એ વ્યક્તિ કઇ રીતે ઉપયોગી થાય એનો સ્પષ્ટ ખ્યાલ.

વલ્લભ વિદ્યાનગરના સ્થાપના દિન-(૩ માર્ચ) નિમિત્તે સ્નેહી કનુ પટેલના ચિત્રોનું પ્રદર્શન સ્ટુડન્ટ હોલમાં યોજાયેલું, હું શ્રી સી.એલ. પટેલ સાહેબની પાછળ પાછળ એ પ્રદર્શન નિહાળું, અચાનક મારી તરફ ફરીને કહે, 'જયંતભાઇ, ન્યૂ વિદ્યાનગરમાં બગીચો વિકસાવવો છે પણ એ માત્ર 'બગીચો' બની રહે એમ નહીં શ્રી માતાજીનું પુસ્તક 'Spiritual Interpretation of flowers' મેળવી આપો.'

આદરણીય શ્રી દિલાવરસિંહજી સાથે રહી હું શ્રી અરવિંદ સાધના કેન્દ્ર સાથે જોડાયેલો અને (શ્રી માતાજીના જન્મ દિવસ) ૨૧, ફેબ્રુઆરીના રોજ કેન્દ્રમાં યોજાયેલ પુસ્તક પ્રદર્શન અને પુષ્પોના પેલા પુસ્તકના પાને પાને લખેલ અર્થઘટન સાથે ગોઠવેલ સુંદર પુષ્પો-એ પ્રસંગે તેઓશ્રી અતિથિ વિશેષ હતા અને મેં એમને આવકારેલા- એમના મનમાં મારા વિષેની આ સ્પષ્ટ છાપ એમણે તરત કામે લગાડી.

બીજો પ્રસંગ સંગીતના સંદર્ભે છે. વિદેશથી આવેલ ઓડના શ્રી વિઠ્ઠલભાઇ પટેલે રાગ અને રોગ ચિકિત્સા Music Therapy અંગે કેસેટ તૈયાર કરેલી એનું લોકાર્પણ સરદાર સ્મારક ભવનમાં શ્રી સી.એલ. પટેલ સાહેબ અતિથિ વિશેષ. મેં પાંચેક મિનિટ સ્વાનુભવની વાત કરેલીઃ ૨૦૦૪માં મને Cardiac Problem થયેલો પછી Depression અને એમાંથી ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ (જે યોગાનુયોગ સંગીત વિશારદ) ના સૂચનથી બે રાગ-જોગ અને વસંત શ્રવણથી હું Depression માંથી બહાર આવેલો.

એકાદ વર્ષ પછી ફાઇન આર્ટ્સ કોલેજમાં યોજાયેલ પ્રદર્શન નિમિત્તે મળવાનું થયું મને પૂછ્યું 'જયંતભાઇ તમારું સંગીત ક્ષેત્રે Qualification શું?' મેં નમ્રભાવે કહ્યું કશું નહીં- તરત જ હસતાં હસતાં કહે કે તમારી રાગોની સમજ અને શ્રવણની વાત પરથી મેં તો ધારેલું કે તમે 'વિશારદ' હશો, તમારી સેવાઓ આપણી મ્યુઝિક કોલેજમાં લેવી હતી.

આગળ કહ્યું અમે 'વિ-વિદ્યાગનર'ને માત્ર સારું જ નહીં ઉત્તમ બનાવવાના આગ્રહી વાત એમ કરે કે આ મારું ક્ષેત્ર નથી પરંતુ જ્યારે એક પછી એક મુદ્દાની છણાવટ કરે ત્યારે ખબર પડે કે તેઓ બે-ત્રણ અંકના ૩૬ પાના બરાબર વાંચી ગયા છે.

ફેબ્રુઆરી ૧૯૯૪થી એપ્રિલ ૨૦૧૮ સુધીમાં Missionary Zeal થી વિદ્યા-વિસ્તારનું કામ કર્યું આદરણીય શ્રી સી.એલ. પટેલ સાહેબને અનેક વાર મુખો મુખ મળવાનું થયું. મારા મનમાં એક પ્રભાવશાળી વ્યક્તિ એવી છબી કાયમ રહી છે અને એ 'પ્રભાવ'નું રહસ્ય કદાચ એ જ છે કે એમના શબ્દોમાં કહીએ તો...

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની કૃપાદષ્ટિ અને આશીર્વાદ

અંતમાં સદ્‌ગત કવિ નિરંજન ભગતની કાવ્ય પંક્તિમાં શાબ્દિક ફેરફારો કરી કહું તો.

તમે થયા પરમ શાંતિ મહીં વિલીન

(પરામર્શક, વિ-વિદ્યાનગર મેગેઝીન,<br>
મો: ૯૮૭૯૧૨૯૦૨૮)

આપણા દેશમાં અને સમગ્રપણે દુનિયામાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત રહ્યો હોય તેનું કારણ દુષ્ટોની તાકાત નથી, પરંતુ સજ્જનોની નબળાઈ અને તેમાંય પોતાનો મત પ્રગટ કરવામાં ભય અનુભવવાની વૃત્તિ છે.

(સાભારઃ મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)





# સમાજધર્મી-કૃષિકર્મી સી.એલ. પટેલ

**રમણભાઈ પી. પટેલ**

છેલ્લા બે દશક કરતાં પણ વધારે સમય સુધી ચારુતર વિદ્યામંડળ થકી શિક્ષણ ક્ષેત્રે મહત્ત્વનું સેવાપ્રદાન કરનાર ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા ડૉ.સી.એલ. પટેલનું વ્યક્તિત્વ બહુઆયામી અને ભાતીગળ છે. તેમણે પોતાનાં આચાર-વિચાર, વાણી-વ્યવહાર, કર્તવ્યનિષ્ઠા, પુરુષાર્થ, દૃષ્ટિ-આયોજન થકી શિક્ષણ, સમાજ, કૃષિ, વહીવટ, વ્યવસાય વગેરે ક્ષેત્રે પ્રામાણિક એન્જિનિયર, પ્રગતિશીલ ખેડૂત, સમાજનિષ્ઠ સેવક, સફળ વહીવટકર્તા, દૃષ્ટિવંત કેળવણીકાર, આચારધર્મી ધર્મપુરુષ, પ્રેરક વિચારક-ચિંતક તરીકે વ્યક્તિત્વ ઉપસાવ્યું છે. અલબત્ત, આ સૌમાં શિક્ષણ સંસ્થાઓના એક દૃષ્ટિવંત સંચાલક અને સમર્થ શિક્ષણકાર તરીકે તેમનું વ્યક્તિત્વ વિશેષ પ્રકાશિત અને પ્રભાવિત થવા પામ્યું છે.

આ ઉપરાંત તેઓ એક સંનિષ્ઠ સમાજહિત ચિંતક તથા પ્રામાણિક-કર્તવ્યનિષ્ઠ સમાજધર્મી-કૃષિકર્મી વ્યક્તિવિશેષ પણ હતા એ ન ભૂલવું જોઈએ. હકીકતમાં તો તેમના વિદ્યાકીય યોગદાનની ગંગોત્રી તેમની સમાજસેવાની વૃત્તિ-પ્રવૃતિ છે. આ કેળવણીકારની પડછે તો એક નિષ્ઠાવાન-લોકનિસબત ધરાવતો સમાજસેવક પ્રચ્છન્ન રૂપે જોવા મળે છે. તેમના જીવન-કર્મના અનેક પ્રસંગો અને દૃષ્ટાંતો તેમના સમાજ-સેવક, કૃષિકાર તરીકેના વ્યક્તિત્વને ઉજાગર કરે છે.

તેઓમાં સેવાપરાયણતા, નેતાગીરી નિર્ભયતા, સાહસિકતા જેવા ગુણો વિદ્યાર્થી અવસ્થાથી ખીલેલા હતા. તેઓ રાત્રે ફાનસ લઈ નિરક્ષરોને ઘેર જઈ તેમને ભણાવવાની સામાજિક સેવાપ્રવૃત્તિ કરતા તેમાં તેમની સમાજસેવાની વૃત્તિ-પ્રવૃત્તિનું પગેરું જોવા મળે છે. પછી તો નોકરીના વ્યવસાય દરમિયાન ગામના સામાન્ય સ્થિતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ભણાવવા માટે દત્તક લઈ તેમની પ્રાથમિકથી માંડી કૉલેજ શિક્ષણ સુધીની તમામ ફી અને અન્ય જરૂરી ખર્ચ આપવાની કામગીરી બજાવતા રહ્યા, જે જીવનપર્યંત નિભાવી.

અભ્યાસકાળ પૂર્ણ થતાં તેમણે ૧૯૬૧માં ગુજરાત વિદ્યુતબોર્ડમાં એક્ઝીક્યુટીવ એન્જિનિયર તરીકે વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ કર્યો. આ નોકરી દરમિયાન એક સિદ્ધાંતનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક, કડક કર્મચારી તરીકે ફરજ બજાવી. માથા ભારે ખેડૂતો દ્વારા ખેતરના કૂવાની પાણી માટેની વીજમોટરમાં વીજચોરી કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિને; ઓચિંતી રેડ પાડીને દંડ વસૂલ કરી; અટકાવી. દંડ ન કરવા માટે તેમને લાંચ-લાલચની પણ ઓફર થતી. ધમકી પણ મળતી પરંતુ એને ન ગણકારતાં પોતાની નૈતિક-સામાજિક ફરજ નિભાવી, એક ગામના ખેડૂતનું કૂવાની મોટરનું વીજકનેક્શન, સમયસર પૈસા ના ભરાતાં કપાઈ ગયેલું. પરિણામે પાણી વગર ખેતરનો પાક સુકાતો હતો. અધિકારીઓ વીજકનેક્શન ચાલુ કરાવવા માટે લાંચ માગતા હતા. પરંતુ સી.એલ. પટેલ ફરજ પર આવતાં તેમણે વધારાનો ચાર્જ લઈ વીજકનેક્શન ચાલુ કરી આપેલું. ખેડૂતે ખુશ થઈ સોનાનો દોરો મૂકેલું બંધ કવર તેમને ઘેર પહોંચાડ્યું સાંજે અન્ય ટપાલો સાથે એ કવર ખોલ્યું ત્યારે, તેમાં સોનાનો દોરો જોઈ, બીજે દિવસે ખેડૂતને બોલાવી કહ્યું કે, મેં તો મારી ફરજ બજાવી નિયમ મુજબ કામ કર્યું છે. અનીતિનો પૈસો ઘરમાં આવવો ન જોઈએ. એવી મારા પિતાની શિખામણ મેં પાળી છે, હવેથી આવું કશું આપવા આવવું નહિ. આ હતી તેમની કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા અને સમાજના તાત ખેડૂતવર્ગ પ્રત્યેની હમદર્દી.

તેમની આવી પ્રામાણિકતા, હાક-ધાક ભરી કામગીરી અનેક ઉપલા અધિકારીઓને ખટકતાં તેમને સરકારી નોકરીમાં વારંવાર બદલીનો ભોગ બનવું પડ્યું. સાંપ્રત પરિસ્થિતિ-પદ્ધતિ-નીતિરીતિભર્યાં કલુષિત વાતાવરણ સાથે પોતાનાં જીવન મૂલ્યો-સિદ્ધાંતો સુસંગત ન થતાં, છેવટે તેઓ ૪૫ વર્ષની નાની વયે નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ વતનની ખેતી અને જાહેર સેવાપ્રવૃત્તિમાં જોડાયા.

સી.એલ. પટેલ ગળથૂથીથી અને હાડે ખેડૂત હોવાથી નાનપણથી જ ધરતી અને ખેતી પ્રત્યે મમતા અને લગાવને લીધે ભેંસોને પાણી પાવા જવું, પશુઓ માટે ખેતરેથી ઘાસનો ભારો લાવવો, ખેતરે હળ ચલાવવું, બળદગાડું હાંકવું વગેરેનો અનુભવ યુવાવસ્થાથી જ હતો. પરિણામે, કૃષિ શિક્ષણની કોઈ ડિગ્રી ન હોવા છતાં, બાપદાદા તરફથી મળેલ કોઠાસૂઝથી, પિતાના મૃત્યુ બાદ, ૪૫ વીઘાંની મોટી ખેતી પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું. એમણે ચીલાચાલુ ખેતી ન કરતાં, એ જમાનામાં આમળા, કુમારપાઠુ, નીલગીરી, કડિયાતું વગેરે આયુર્વેદલક્ષી ખેતી ક્ષેત્રે પહેલ કરી,



વૈજ્ઞાનિક પદ્ધતિએ નવા નવા પ્રયોગો કરી ઉત્તમ ખેતી કહેવતને સાર્થક કરી. તેમના કૃષિક્ષેત્રે નવાનવા પ્રયોગોથી પ્રભાવિત થઇ આણંદ ખેતીવાડી યુનિવર્સિટીના અધિકારીઓ પણ તેમની મુલાકાત લેતા. વિશેષમાં પ્રમુખ સ્વામીના શ્રદ્ધા ભક્તિ પ્રભાવે તમાકુની ખેતીને તિલાંજલિ આપી વ્યસનમુક્ત સમાજરચનામાં પરોક્ષરૂપે સહયોગી નીવડ્યા. પછી તો, વલ્લભ વિદ્યાનગરની વિદ્યાકીય જવાબદારી અને વ્યસ્તતા વચ્ચે પણ દર રવિવારે સવારે, વતન ગામડીના ખેતરે જવાનો, ખેતી સંબંધી માર્ગદર્શન-સલાહ સૂચન આપવાનો નિત્યક્રમ જાળવી રાખ્યો. આમ, આ કૃષિકર્મી પ્રગતિશીલ ખેડૂતે સફળતા સાથે સમૃદ્ધિ પ્રાપ્ત કરી.

ખેતીમાં સફળતા સાંપડતાં મળેલી આર્થિક સમૃદ્ધિનો ઉપયોગ સ્વની સાથે પરમાર્થ કરવા માટે તેમણે આવકનો અમુક ભાગ શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિ ક્ષેત્રે ફાળવ્યો. જે પરંપરા તેમણે જીવનપર્યંત નિભાવી. ઉપરાંત ગામના સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને પ્રાથમિકથી માંડી કૉલેજ સુધીના શિક્ષણ માટે આર્થિક સહાય કરતા, ઉપરાંત, ગામની બાલમંદિર, લાયબ્રેરી જેવી સંસ્થાઓના સંચાલન-નિભાવમાં આર્થિક-સહયોગ આપી સામાજિક નિસબત દાખવતા.

સમય જતાં સમાજસેવાની પ્રવૃત્તિ વતનથી વિસ્તરતાં પાટીદાર સમાજના ઉત્કર્ષ માટેની જાહેર પ્રવૃત્તિ પ્રત્યે તેમણે ધ્યાન કેન્દ્રિત કર્યું. પાટીદાર સમાજના જૂનવાણી વિચારો, કુરિવાજો-કુરૂઢિઓ, ખોટા ખર્ચા, ઓછું ભણતર, આર્થિક રીતે પાછળ જેવી સમસ્યાઓમાંથી સમાજને મુક્ત કરવા માટે સમાજના મોભી સ્વ.પી.ટી. પટેલ (કુંજરાવ)ના નેતૃત્વમાં નવા સામાજિક સુધારા સાથે વણસોલ સત્તાવીસ પાટીદાર સમાજનું નવું સંગઠન અને બંધારણ રચાયું તેમાં સામાજિક આગેવાનો પૈકી સી.એલ. પટેલની પણ મહત્ત્વની સક્રિય ભૂમિકા તથા કામગીરી હતી. આ ઉપરાંત, સ્વ.પી.ટી. પટેલે વિદ્યાનગર ખાતે જમીન ખરીદી તથા સમાજ હોસ્ટેલ બાંધવાની કામગીરી હાથ ધરેલી ત્યારે તેની જમીન સંપાદન, હોસ્ટેલ નિર્માણ, ફંડફાળાની પ્રક્રિયા તથા કામગીરીમાં સી.એલ. પટેલે પણ મહત્ત્વનો સહયોગ આપ્યો હતો.

પાટીદાર કુટુંબો લગ્ન પ્રસંગે ખોટા ખર્ચા કુરિવાજો, પૈઠણપ્રથા વગેરે સામાજિક દૂષણોથી આર્થિક રીતે ઘસાતો હતો ત્યારે સ્વ.પી.ટી. પટેલની આગેવાની હેઠળ સમૂહલગ્નની પ્રવૃત્તિ અને લોકજાગતિ માટે સી.એલ. પટેલસહિત સમાજના કાર્યકરોએ ગામે ગામે જઇ સમૂહલગ્નમાં જોડાવા માટે, અનેક અવરોધો વચ્ચે, કુટુંબોને સમજાવી સંમત કર્યાં. પરિણામે ૧૯૮૦માં સ્વ.પી.ટી. પટેલના સૌજન્યથી લાંભવેલ ગામે યોજાયેલ પ્રથમ સમૂહલગ્નમાં ૧૧ નવયુગલો જોડાયાં. પ્રથમ સમૂહલગ્નની આ ઘટના ઐતિહાસિક અને સામાજિક ક્રાન્તિની દૃષ્ટિએ મહત્ત્વની છે, કારણ કે ચરોતરમાં સમૂહલગ્નનો પ્રારંભ આ ઘટનાથી થયો પછી તો એ પરંપરામાં સમાજના પૂર્વપ્રમુખશ્રી જયંતિભાઇ પી. પટેલ (કુંજરાવ) અને વર્તમાન પ્રમુખ શ્રી ભિખુભાઇ પટેલ (ભરોડા)ના નેતૃત્વમાં આજ સુધીમાં ૫૦ જેટલાં સમૂહલગ્નો થવા પામ્યાં. જેમાં અનેક દાતાઓનો સહયોગ સાંપડ્યો તેમાં સી.એલ.પટેલે પણ બે સમૂહલગ્નમાં આર્થિક સહયોગ આપ્યો હતો.

આમ, સમાજ સંગઠનની આરંભકાલીન પાયાની પ્રવૃત્તિ, હોસ્ટેલ નિર્માણ, સમૂહલગ્ન, સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય, તથા તેમને રોજગારી-વ્યવસાયમાં યોગદાન વગેરે ક્ષેત્રે તેમણે સામાજિક સેવાઓ અર્પી પછી તો વિશાળ ફલક પર સામાજિક સેવાઓ વિસ્તરી. અલબત્ત, આ સર્વમાં સામાજિક સમૃદ્ધિ-ઉત્કર્ષ માટે વલ્લભ વિદ્યાનગર- ન્યૂ વલ્લભ વિદ્યાનગરના શિક્ષણ ક્ષેત્રને માધ્યમ બનાવી, બદલાતા સમય-સમાજની આવશ્યકતા અનુસાર નવનવીન શિક્ષણ-સંશોધનની વિદ્યા સંસ્થાઓના સર્જન-સંચાલન- સંવર્ધન થકી તેમણે અર્પેલ મૂલ્યવાન શૈક્ષણિક સામાજિક સેવાપ્રદાન વિશેષ સ્મરણીય બની રહેશે. આ સમાજલક્ષી શિક્ષણ યજ્ઞમાં તેમને દેશ-વિદેશના દાતાઓ તરફથી સહયોગ સાંપડ્યો ઉપરાંત, પોતે માતબર દાન આપી તથા સંબંધીઓ મિત્રો દ્વારા દાન મેળવી સામાજિક પ્રતિબદ્ધતા-કટિબદ્ધતાની પ્રતીતિ કરાવી.

તેમની આ વિદ્યાકીય સામાજિક નિષ્ઠા-નિસબત-લગાવે કૌટુંબિક જીવનનો ભોગ આપી, વ.વિદ્યાનગરને કર્મભૂમિ બનાવી, જીવનપર્યંત સાદગી, સ્વાશ્રયી, સાત્વિક, ધર્મનિષ્ઠ, જીવન વ્યતીત કરી શિક્ષણ-સમાજકલ્યાણની પ્રવૃત્તિમાં તેઓ સક્રિય સચિંત રહ્યા તે માટે સમાજ અને વિદ્યાજગત તેમનું સદાયે ઋણી રહેશે.

(માનદ્ નિયામક, એઆઇપીએસ, શ્રીરામકૃષ્ણ સેવામંડળ, આણંદ)

## Tribute to My Father, Dr. C. L. Patel (our "Bapuji")

**Vrajesh C. Patel**




Our Bapuji had excellent foresight. Many years ago, he built the house in Vallbah Vidhyanagar (V.V. Nagar) to provide an excellent education to his six children (my four sisters and one brother). I believe this house was built when my father was living at our village house "Gamdi" located next to Anand with his father, and my grandfather (Lallubhai Garbadas Patel). During his almost 30 years of volunteer service to Charutar Vidya Mandal (CVM), he lived in this house.

I have received my earlier education kindergarten (KG) to 6th grade from New English School, Nadiad, when our Bapuji was working for the Gujarat Electricity Board (GEB). After his promotion he was transferred to "Mogari" (next to Anand) by GEB. He enrolled me in the 7th grade at Mahatma Gandhi Vidyalay (MGV). The reason he chose MGV was because he knew it was the best school. His teacher/Guruji Vithalbhai Patel (Vithalbhai Saheb) used to manage it and it was part of the well-known D.N. High School of Charotaar Education Society, Anand. Our Bapuji got his early education from D.N. High School.

Being an engineer in two disciplines, he had a vision to make me an engineer. Therefore, he enrolled me in M.U. Patel Technical School in V.V. Nagar which is a kind of pre-engineering school from 8th through 10th grade. Later, I completed 11th and 12th from R.P.T.P. Science College under his close supervision and guidance.

During my engineering college in southern India, he used to visit (unannounced) my five roommates and me on regular basis. These trips might be via his long car trip or 24-hour train ride. Because of his constant supervision, my other five friends' parents had a peace of mind about their own kids' education. He would make surprise visit with my mother Shardaba's freshly cooked food/ snacks and inspected our rental house, met each of our teachers, checked our grades, and made sure we had healthy Gujarati food. He helped us set up the kitchen in the rental house for six of us so that we would have Gujarati Thali every day. I am sure that I was the only one among us to have all money needed for a full year in one shot. He used to give me Rs. 10,000 demand draft upfront when I depart from V.V. Nagar. Moreover, I was the 1st one to have Kawasaki Bajaj (he gifted me a motorcycle) in the whole Gujarat; and it might be 1st in Karanataka state, too. He provided me much more than the needed essential things to complete my Bachelor's Degree in Civil Engineering. Later on in my education, I continued my education under his constant guidance and motivation as a Master in Civil/ Environmental Engineering from Birla Vishwakarma Mahavidyalaya (BVM) Engineering College, V.V. Nagar, India and Master in Civil/Environmental Engineering from University of Toledo, Ohio, USA.

I have achieved above successful education because of his constant guidance, motivation, vision, and discipline. Now it will be my turn to continue this education saga to



my children.

After my marriage, he played big role to my wife's, Jayshree's, 2nd Bachelor's degree from Michigan State University (MSU), East Lansing, Michigan, USA. Jayshree had a Bachelor's Degree in Microbiology from Sardar Patel University. Despite his extremely busy schedule with the CVM, farming lands, social life, extended family events (happy or sad events of six children's relatives), he continued same interest in my children, Nishi and Niya's, education. It included sports activities until his last breath via the "What's Up" video chat.

Currently my wife and me are both working for State of Michigan. I am a professional engineer making sure that the people in state of Michigan breathe clean air (as an air pollution engineer) and Jayshree is a Microbiologist making sure that the people of Michigan eat bacteria-free dairy products.

Bapuji/Dada we will celebrate the life you lived and always remember you along with our Shardaba. Jay Shree Swaminarayan!

Jayshree, Nishi, and Niya's and I will miss you!

(Son of Dr. C.L. Patel, USA)

દેશને અને રાજ્યને દોરવણી આપનાર પ્રામાણિક નેતાઓ ઊભા થાય તે માટે સમાજસેવકો અને સંતોએ પોતાની જવાબદારી નિભાવવી પડશે. આવું નહી થાય તો એકવાર હિંસક ક્રાંતિને આપણે નોતરીશું. પ્રામાણિકતાથી કામ કરનાર અધિકારીઓને અને સમાજસેવકોને આપણે બળ આપવું પડશે. તેઓએ હંમેશાં તે પ્રામાણિક રહીને ફરજ બજાવી શકે તેવા પ્રયાસ આદરે તો એ ઘટનાક્રમ પ્રજાને જ ફાયદાકારક નીવડવાનો છે. આ માટે દરેક સ્થળે જાગૃતિ કેળવાય એ દેશના હિતમાં છે.

(સાભાર: મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)

## Our Bapuji- A man who practiced what he preached

**Miten Patel**

Our Bapuji, our Dada was a man who truly practised what he preached. A man from a normal background who studied to become an engineer and worked for the Gujarat Electrical Board, and farmed. A man who married and raised 6 children with his wife. A man who met Prime Ministers-to-be and former Presidents on equal terms.

A man who believed deeply in the power of education to raise people up from out of their circumstances. An education that would drive Gujarat and then India to the forefront of the world.

A man who believed the inherent power in knowledge so much that when he asked to join CVM, he did so without question or pause for thought. It was his duty. A duty that meant so much to him that having resigned his role at the GEB, he turned down a salary from CVM, instead living off the earnings of his farming.

Education was his lifetime's work, and justly, his legacy. With the hundreds of thousands of students to have passed through the colleges and institutes, now and old, with his guiding hand at the helm, now enriching their own lives, the lives of others and the communities they now live in - at home and abroad.

He built his family with these same values. Where educational and professional success were of the utmost importance, on a par with those of seva and dharma. The values he instilled in his 6 children. The values identified in his sons and daughters-in law. The values passed onto his 13 grandchildren and 4 great-grandchlldron. His strength, his loyalty and his faith will continue to exist through those of us lucky enough to call our Dada, our Bapuji.

(On behalf of Varsha Patel & Family, U.K.)





# My Father (Mara Bapuji) Dr. C. L. Patel

Shobha Kirit Patel

**"Chhotubhai Lallubhai Patel"** known as **"C.L. Patel"** the unique soul made by God (Bhagwan) looking into all aspects as he presented during his life for his own family, community and at large to the education society. Being born in his family and getting unconditional love throughout my life is pure luck, as I felt I am grateful to have both my mother and father that one can wish for. He gave me all that I ask for and made me a realistic person. Since I was a child and until the last times I had with him, what I saw in him is kind, generous, loving, genuine, outspoken, honest, encouraging and always try to be ahead in life. His vision is to create good quality educated citizen and never feared about anything. I remember his words if you believe in yourself you can achieve anything. Life is hard and challenging but oneself can make it fruitful and different from normal people. He always displayed loved inside even though showed strict outside. He was keen in doing small thing to make it happen without worrying about how others will take it. It's because his strong will power. He wanted everyone who came in contact with him for long time to be successful and do something better in life. He never liked publicity or praise of what he did for society or people. He was a simple man with high thinking.

It was his true instinct and god gift that he can vision what's coming and how can it be handled. He was an all-rounder in taking care of everything single handed with support of good people around him. I remember he use to tell us life is like a train, when it comes to station try to climb fast by catching it and not walking otherwise you will be overtaken by people and then regret it. Time is money, so use it wisely. He has taken care for all of us and made sure we all are successful in whatever we do. He had admitted us in English medium as it was his wish and I was able to fulfil it. His planning to get all his children to better place was of course achieved and he was happy about it. I remember his conversations, that all my children, grandchildren and great grandchildren have made me happy and displayed qualities as he dreamed about even though being abroad for a long time. He was always eager to involve in smart conversations and also discuss with us about what he learned from it. He has never missed time to take us on long vacations in our child hood and even when we visit him, his planning was always successful. Also during vacation there were discussions of what we learn from visiting places and laughing about it when we express it. He had great family life and life outside in society.

After finishing college he was open and ask us what do you wish to do next in our lives and not acting as typical father, even in finding match for us. He accepted everyone as his own and never ask for reward. Always remind us of having quality thinking and helping others. His views of being smart, spiritual and gain knowledge is a gift to me. His mental abilities and genuine ideas are looked upon by people who gained education and good life. His high level of thinking is encouragement to others throughout his life.

I can keep writing about him but after all he is my loving and caring "father", my hero who I will never leave out of my thoughts and he who keeps me going to do good things for society that I live in my life. Finally I can say what he has given is a gold mine filled with love and respect and I try to preserve it as he wished for me. I remember his slogan think local and act global.Remembering words of Madam Curie "that leave dreams of yesterday take the torch of knowledge and built the palace of future", which I can say was his thoughts and passion that he left for the community. God give us strength to follow his footsteps and be helpful to others.

Jai Swaminarayan and hearty thanks.

(Daughter of Dr. C.L. Patel, U.S.A.)



## Dr. C.L. Patel: A Man of Rules and Values

**Kirit R. Patel**

I had the honor to spend time with this unique smart and true person, my father-in-law Dr C.L. Patel. Married in to this family gave me lot of respect and knowledge afnd how to be successful. We had many conversation throughout life and I adored his principles. When he took over big responsibility of Charutar Vidya Mandal which was in debt, he never stop expressing his thoughts and what's his vision with family and well-wishers. He was a man who thought of getting donations from abroad to support this trust and initiated nonprofit organization and put trust in me to handle it. He was transparent and honest which I can say I am the witness. He use to tell straight if he does not like something, but this gave us direction to know him well and closely. He always wished good for others. It was his single handed effort that he was getting donations and was open and transparent to donors as per my experience. Once when he visited us and I came from work with pen in my pocket. He greeted me and jokingly he mentioned the pen in your pocket is it from work or mine? Then he said try to be honest and respect work and not to make a habit, as it does not belong to you. I always saw his incredible interactions for family which I cannot describe in words.

He was a man of rules and values that he shared with us many times. But this is a small incident that I respect in my life. He was always interested how and what you do and spend quality time with family. During his services to education field we use to discuss important aspects that other can afford begetting good education. He has supported entire family in whatever you ask for and never asked anything back. Even his personality looks strict but we use to joke and laugh together. He enjoyed stay at our place all the time and express as felt like his home. Society was keen to him then his life and I never see him rested. His mind was occupied all the time with emerging ideas of how Indian students can be with entire world and not left behind. His motto was provide platform for quality education and not to worry about what other has to offer.

He was always surrounded by material and real wealth and never looked back. A positive personality with empowerment is surely missed. He was always happy to see his family grow with his special genes and appreciated it. He took pride for each and every one and thank them. Since I entered into this family until my last visit, I remember his advice to never give up no matter how many hurdles you face. My prime time is still in front of me seeing his smiley face and strong fist. His words were enjoy together with family and be your best. I highly respect him and his holy soul is blessing us. He was able to fulfil his dreams as he was a genuine person, true disciple of his guru and a fighter.

(Son-in-Law, USA)

સમાજસેવકો અને સંતોની જવાબદારી સમાજસેવા અને ધર્મ સાથે સંસ્કાર આપવાની છે. ચૂંટણી સમયે નીતિમત્તાનાં ધોરણે જાળવે તેવી યોગ્ય વ્યક્તિને લોકો ચૂંટે તે માટે યોગ્ય માર્ગદર્શન આપવાનું હોય.

(સાભાર: મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)

## Softer Side of My 'BAPUJI': DR. C.L.PATEL

**Jayshree Patel**

"BAPUJI", When I say this word for Dr. C. L. Patel, it makes me feel so happy and consider myself very lucky to be a part of his family. I considerr myself very fortunate to see his other softer side which many people are not aware of.

When I got marry to his youngest son, Vrajesh, I was very afraid to talk to him as his personality is very strong and strict. As time passed, I experience his softer side and things got better communication wise.

Bapuji, took intrest in my education as soon as I stepped into his house as a daughter in law. Within one month of marriage, he has bought brand new Kinetic Honda for me so that I can travel to Mogri to get some computer training. He also enrolled me in English speaking classes. So, he made sure when I come to America, I will not have any problem with English or using computer.

When I came to America, I had dream of getting a job, making money and have comfortable life. I found a job at burger king with in few weeks of coming to America and I excitedly called Bapuji to let him know. He said not to start a job and asked me to join the university to get BS degree from Michigan Sate University.

I am glad he advised me to do that and now I have a very professional job with state of Michigan because of the education I got from the University. Whenever he visited us in USA, he always checked everything and made sure we all going on right path for success.

In our weekly conversations, he always asked me to instill good cultural values in kids and made sure that he talks to kids about it too and remind them all the time. I am very fortunate to had "BAPUJI" in my life to show me the path to deal with all the problems that came along the way.

Pujya Bapuji shaped my life in a way that I have never imagined. He always used to tell me that he considers me as one of his daughters. Whatever position in life I am in, it all because of Bapuji. Without his guidance I would not have achieved so much in life.
We all are going to miss him so much, but we know he will be with us all the time and he is looking at us from heaven. I hope, I can do even 10% of what he has done for family and community. We love you Bapuji.

(Daugher in Law, USA)

પોતાનાં બાળકો જો સરખું જ્ઞાન પ્રાપ્ત કરાવવું હશે તો માતૃભાષામાં શિક્ષણ વધુ હિતાવહ રહેશે. તેમ છતાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે. એટલે એક વિષય તરીકે પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધી અંગ્રેજી વિષયને વૈકલ્પિક વિષય તરીકે સ્વીકારી શકાય.

હવે સમય પાકી ગયો છે કે અંગ્રેજી માધ્યમમાં ભણતરની આંધળી દોટ થંભાવીએ. વાલીઓ પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની દોડને વિરામ આપીને સાચું, સરળ અને ઉપયોગી જ્ઞાન તેમનાં બાળકોને અપાવવા માતૃભાષામાં અભ્યાસ કરાવે અને વિષય તરીકે અંગ્રેજીનું શિક્ષણ અપાવે એ તેમના ઘડતર માટે ઉપયોગી સાબિત થશે.

(સાભાર: મારા વિચારો, ડૉ.સી.એલ. પટેલ માંથી)



# Dr. C. L. Patel, My Chhotu dada

**Ranita Patel**

Caring, Devoted and Humble. Those are the first words I think of when I think of Chhotu Dada.

**Caring.** My earliest memory of dada dates back to 1986 when I was two years old. I went to India to spend quality time with him and ba, while my parents stayed back to prepare for the arrival of my younger sister. At this time, milk is a crucial part of childhood nutrition, and I remember not being fond of the fresh milk in India. Dada noticed this and instead of the milk, he let me drink Thums Up so I wouldn't get dehydrated. It was so tasty!

My cousins, masis and mamas told me that dada will always go out of his way to make me happy - it is so clear to me as a parent looking back at that memory. He showered me with the love and affection that only a grandparent can bestow upon their grandkids.

**Devoted.** Education was always a strong force in dada's life, which was apparent by his devotion to Charutar Vidya Mandal (CVM). He always encouraged us to strive for higher education so that we can provide for our families and give back to the community. When I told him I wanted to pursue a PhD in pharmacy, he offered to bring me to India to complete my secondary school matriculation to and be better prepared for admission exams.

He also saw his community as his family and whenever he saw a student in need, he did whatever he could to help them achieve their dreams. He donated his time, wealth and heart to education, helping to create scholarships and inspiring so many of us to strive for greatness.

Dada was very dedicated to his family. Even while I lived in America, Dada remained a strong presence in my life. He had six children of his own and 14 grandchildren scattered across the US, UK, and Africa. He made sure he was present at all milestones in our lives and attended my graduation, engagement ceremony, and wedding despite the long and often difficult travel required.

**Humble**. I had the opportunity to read a journal article about Dada that was written during his 75$^{th}$ anniversary. I was amazed at how much I didn't know about his childhood. It made me smile to learn about his antics as a young boy in the village of Gamdi. I was reminded of his strength and motivation to succeed when I learned about the struggles he faced as a young man trying to make his own way in the world. It especially surprised me to learn that a man with such a highly demanding career maintained his passion for movies and cricket.

Even with the level of wealth and accomplishments Dada achieved, he led a simple life. He wore the same three plain white kurtas, accepted only a portion of his salary, and he lived in the same home that he bought with ba when they were first married.

Dr. C. L. Patel will be remembered as a visionary and an educationalist by everyone, but I will also remember him as a loving great-grandfather, grandfather, father, and husband. We will miss Dada very much, but when I look back at his pictures and see him smiling, laughing, and looking fondly at his family - it makes me happy and grateful that I knew him and that my own children got the chance to be in his presence. Even though he is not here with us anymore, he inspires me as a parent to teach my kids the importance of being caring, devoted and humble.

(Eldest Granddaughter of C. L. Patel [Dada])

## Dr. C.L. Patel: A Life Changer

**Rishita Patel**

Dr. C.L. Patel was an extraordinary man, in the fullest sense of the word. He rose from humble beginnings as the son of a farmer to the national stage in India, impacting generations to come.

At an early age, Dr. Patel learned the true value of education. Though academia did not always come naturally to him, he knew diligent studying would always see him through. It was this commitment to learning that enabled him to catapult from an engineer, to the Gujarat Electrical Board, to, eventually, Chairman of Charutar Vidya Mandal. It was in this penultimate role that he carried forward his mission of liberation through education, a mission that would enable thousands of students to pursue lives and careers beyond what they initially thought possible, a mission that would pay forward the success of Indians across the world by bringing resources back to their motherland.

As a grandchild of Dr. Patel I did not always understand the breadth of my grandfather's reach. I knew him only as a champion who was always in my corner, always urging me to the next goal. Early in my education I decided to forsake the well-worn paths of science, medicine, and law, and instead pursued a career in business. When sharing this with my Dada, I expected he would urge me to reconsider. His advice was the opposite "there will be many obstacles in front of you, but now you have the opportunity to be the first of a kind leader in your field." Dada's optimistic point of view recognized the green field in front of me, a chance to become a female leader in the world of business. The route to that goal was through education, and I accepted that challenge willingly knowing I had him behind me.

I always thought that Dada provided this same degree of support and advice to everyone in my family. It was only at a later age that I realized he extended this generosity to anyone who came to his door. When I brought my now husband to India for the first time, he quickly remarked at how Dada took the "open door policy" to the next level; making himself available to anyone who requested assistance. Rather than providing these seekers with direct assistance, he gave them the means to pull themselves up, which empowered them to reach their objectives faster and with more commitment.

To say he lived his life to the fullest would be an understatement. He changed the lives of thousands of people, carried forward a legacy of academic liberation, and motivated everyone he encountered to be the best version of themselves. I know I will forever live by the values he instilled in me and will pass them onto my children.

(Granddaughter of Dr. C.L. Patel)

*On behalf of Chairman, Managing Director, Mangers and staff, we pay ourheart felt "Shraddhanjali" to your beloved father, ShriC.L. Patel. We pray God Almeighty to remain his soul in rest andpeace. We also pray lord Swaminarayan Bhagwan to give your family enough strength & Courage to bear this irreparable loss at this juncture. May his soul rest in peace.*
*Om Shanti*

(Hasmukh Patel, Hon. Secretary,
Sarar Patel Trust)



# Tribute to Our Dada, Dr. C. L. Patel

**Ashok, Chhaya, Jinal and Kajal**

On May 27, 2018, we lost someone very dear to us. Our dada was one of the most amazing and caring individuals that we had the pleasure and honor of not only knowing, but also being related to.

Dada always stressed the importance of family through all the ups and downs and made time for us regardless of his very busy schedule. Even though, all of his children were settled in various parts of the world, he always made it a priority to visit at least once or twice a year. Not only did he visit in-person but we also received weekly calls to check up on our education and all other life endeavors; even more so than our parents at times. His constant guidance is one of the main reasons most of us are currently where we stand. He always pushed everyone in our family to do better and for that, we are all in his debt.

While keeping family close, Dada also emphasized the significance of our culture and took every opportunity to educate us in various aspects of it. It could be as simple as visiting mandirs or as elaborate as organizing a trip to tour the South of India showing various sights along the way. As strict as Dada was known to be, he was very kind hearted. This was seen constantly as he took care of everyone around him, especially Ba. He always kept her health as a priority and made sure that she was happy and comfortable.

Similarly, when his youngest daughter Chhaya had to be treated for a last minute aortic aneurysm procedure, Dada immediately arranged to travel to USA without any hesitation. Even though this was during elections, he wanted to make sure he supported his family at any cost. Dada was one person that anyone could count on; he made things happen regardless of how impossible a task may seem. I remember graduating with my bachelors and looking for jobs. Dada happened to be visiting us at that time and asked how my job search was going. With genuine interest, he would share his life lessons and recommend certain companies. After knowing my career interests, he picked up his phone and dialed someone and immediately got me an interview! I had been working on getting an interview for months and dada did that effortlessly. He constantly enforced working hard and with honesty throughout my career to enjoy the fruits of the labor. Five years later, I'm still with the same company that also paid for my Masters through his guidance. These are just some of the countless way Dada has helped our family throughout the years.

In addition to being an amazing father and grandfather, he helped numerous families within his community. His work helped CVM reach heights that did not seem attainable. He speared through the growth of several world-class educational institutions - all through volunteer work. However, he never took credit for any of this work - he always believed that Bhagwan and his guru, Pramukh Swami Maharaj were the all-doers. Hearing different stories from people of all backgrounds just amplified the kind of man my dada was and how his life and work will be remembered on for many years to come for his selflessness, work ethic, generosity and humility.

So let us celebrate Dada's life through memories and continue his legacy. Thank you Dada for everything - we love you, and will miss you.

(Daugher-Son in Law a Grand Children of Dr. C.L. Patel, USA)

# Letter to My Grandfather (Dada)

**Rishi Patel**

There's not much you can say about our Dada that hasn't already been said. Everyone knows what an unbelievable man he was, as a father, grandfather, husband and in the field of service to others.

Everything he did was for the betterment of society. He was unwavering in his faith, in his role as a father and husband and above all, unwavering in his vision of trying to ensure generations after him had the best start in life.

As a father and a grandfather, he was a huge disciplinarian. The respect for him was always there, but for anyone who didn't respect him, there was a fear of him that made sure what he said would happen, At the same time, he showed love to all of us in ways that we bad never experienced before; a man that could scold you and show you why he was doing so. His eldest daughter, upon his passing, put it so well, 'Now who's going to tell us off?"

He was a huge believer in education from a very young age, guiding and instructing his grandchildren and unwavering in the opinion that without education, you were always on the backfoot. This was evident when he took on his role on at CVM and the progress it made over the years. From a small institution which it once was, he took it to the powerhouse that it is now, overlooking 50 schools/colleges/universities, and over 40,000 enrolled students.

He was very unforgiving in doing things the right way, and very unapologetic in always making sure people gave nothing but their best to deliver the most modern, state of the art educational facilities that would not be out of place in the UK or US.

Thinking of him as just "Dada" was something that we all used to do, quickly forgetting his service to society through the mandir and CVM meant that countless others called him the same. He wasn't just our Dada, he was Dada to hundreds of thousands of children who came up under him.

I think we all share the same sentiment. His passing is a vacuum just too big to fill. He was a Goliath of a man that did not see anything extraordinary in his actions, but demanded everyone do the same for their families and the community. One thing that is safe to say, there won't be another man like him anytime soon.

He changed the course of history in Vidyanagar, Gujarat and India. As time goes by, the pain may fade, but the memories of him will live on, etched in the minds of everyone who's life he changed. If each of us do one good thing a day until our time comes, we will fulfill his wish in giving ourselves in the service of others.

Jai Swaminarayan Dada, look down on us from Akshardham.

(Grandson of Dr. C.L. Patel)


જ્યારે સેવામાં સમર્પણની ભાવના પેદા થાય ત્યારે જ સોનામાં સુગંધ ભળે છે. એવી સેવા એના સાચા સ્વરૂપમાં વ્યક્તિને તેજ અને ઓજસ આપે છે.

(સાભારઃ મારા વિચારો, પૃ.૫૧)

# દેશ વિદેશનાં મહાનુભાવો સાથે ડૉ.સી.એલ. પટેલ


















સૌજન્યઃ કનુ પટેલ, લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર



# કુટુંબીજનો સાથે ડૉ.સી.એલ. પટેલ















60
Birla
Vishvak
Mahavic
Engineerin
ANAND AGRICUL
ANAN
ANNUAL

V-Vidyanagar 20 (8) August 2018 Postal Regd. No. AND/318/2018-20
Published on Monday, 06.08.2018 RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 56 Including Cover & Center Page Posted at Vallabh Vidyanagar on
ISSN 0976 – 9609 V-Vidyanagar 5th of Every Month




Type Setting ASF Computers - 80002 74250

**Editor: Dr. Urvish Chhaya** **Printed at Anand Press, Anand 388 001**

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)